४४१२

111
१०

કવિશ્રીલોલિમ્બરાજપ્રણીત

વૈદ્યજીવન.

(શ્લોકસહિત ગુજરાતી ભાષાંતર)

પ્રકટ કરનાર,

કૃષ્ણલાલ ગોવિંદરામ દેવાશ્રયી.

અમદાવાદ:

યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ.

મે, સન ૧૮૯૦.

પ્રસ્તાવના.

ધર્મ, અર્થ, કામ અને મોક્ષને સાધનભૂત શરીરછે. એ શરીર નીરોગી હોય તો જ સર્વ કંઈ થઇ શકેછે. બીજી બધી વિદ્યા કરતાં શરીરને નીરોગી રાખવાની વિદ્યા દરેક માણસને જાણવી આવશ્યકછે. સહજ સહજ વ્યાધિ માટે વૈદ્ય કે ડાકટરને ત્યાં જવા કરતાં જો કોઈ વૈદ્યકનો માન્ય ગ્રંથ પાસે રાખીને તેમાં બતાવેલા ઉપાયો સમજીને યોજવામા આવે તો મનુષ્યમાત્રને ઘણો ફાયદો થાય એ દેખીતુંજછે. આવી ખોટ આ નાના પુસ્તકથી પૂરી પડશે જાણીને પ્રકટ કરવામાં આવેલુંછે.

આ પુસ્તક પ્રથમ પદ્ય ભાષાંતરમાં મ્હારા તરફથી પ્રકટ થયું હતું અને તેની ભાષા સહજ કઠિન હતી છતાં તે ખપી જવાથી અને હવે તે સર્વને એક સરખી રીતે ઉપયોગી થઈ પડવા માટે ગદ્ય ભાષાંતરમાં શાસ્ત્રી છોટાલાલ નરભેરામ ભટ્ટ પાસે તૈયાર કરાવી પ્રકટ કરવામાં આવ્યુંછે.

અમદાવાદ:
ઈ. સન, ૧૮૯૦.

ફ. ગો. દેવાશ્રયી.

લોલિંબરાજનું વૃત્તાંત.

વૈદ્યજીવનના કર્ત્તા લોલિંબરાજનો ઈતિહાસ મરાઠી ટીકાકારે આ પ્રમાણે આપેલોછે: "પૂર્વે જુન્નરમાં દિવાકરભટ્ટ નામે એક સુશીલ અને વિદ્વાન્ બ્રાહ્મણ રહેતો હતો, તેને પેટ સંતાન નહોતું તેથી બહુ દિવસ સૂર્યની આરાધના કરતાં વૃદ્ધાવસ્થામાં સૂર્યની કૃપાથી તેને એક પુત્ર થયો. તેનું નામ લોલિંબરાજ પાડયું. તે બાળવયમાં હતો ત્યારે તેનો પિતા ગુજર્યો અને પછીથી તેને સારી શીક્ષા મળી નહિ તેથી તે છોકરો વસ્છંદી, મૂર્ખ અને વિષયાંધ નિવડગો અને લોકો તેનો ઘણો તિરસ્કાર કરવા લાગ્યા.

આ પ્રમાણે કેટલાક દિવસ વીત્યાબાદ શાકે ૧૫૫૨ માં લોલિંબરાજ પશ્ચાત્તાપથી સપ્તશૃંગમાં જઈ ત્યાં આસ્થા પૂર્વક દેવીની આરાધના કરવા લાગ્યો. પછી તેજ સાલમાં આસોસુદ આઠમને દહાડે તે પોતાના શરીરના ટુકડા કાપી દેવી આગળ હોમકુંડમાં નાંખવા લાગ્યો, તેમાંનો કાંઈ ભાગ બાળ્યા બાદ તેના મનની દૃઢતા જોઈ દેવી પ્રસન્ન થઈ, અને વરદાન માગ્ય્ એમ કહ્યું ત્યારે લોલિંબરાજને સારૂં વરદાન માગવાનું ભાન નહિ રહેવાથી ત્રાસને લીધે કાંઇ બિભત્સ વરદાન માગ્યું. પણ દેવીએ તે મનમાં નહિ આણતાં અત્યંત દયાળુ થઇ કહ્યું કે તને ભગ, ભાગ્ય અને ભાગીરથી એ ત્રણ વસ્તુઓ પ્રાપ્ત થશે. એવું કહિ પોતાના મુખનું ચાવેલું બીડુ તેના મુખમા મુકયું, અને તારે જીહ્વાગ્રે સરસ્વતી વસસે એવું બોલી તેના અંગ ઉપર હાથ ફેરવ્યો

તેથી તેનું શરીર તેજસ્વી થયું. પછી દેવી અંતર્દ્ધાન થઈ.

વરદાન પામી લોલિંબરાજ જુન્નર પાછો આવ્યો; બાદ તેને હાથે અલૌકિક કામ થવા લાગ્યાં. તે વાતની પાદશાહને જાણ થતાંજ તેણે પાલખી મોકલી મોટા સમારંભથી તેને પોતાને ઘેર તેડયો અને પ્રશ્ન કર્યો કે મારી સ્ત્રી ગર્ભવતીછે તેને પુત્ર થશે કે કન્યા ? ત્યારે પાદશાહની વર વરવા યોગ્ય થએલી રૂપ સૌંદર્યે યુક્ત અને કોમળ શરીરવાળી કન્યા જોઈ લોલિંબરાજ નિઃશંકપણાથી બોલ્યો કે જો મારો પ્રશ્ન ખરો પડે તો તમારે તમારી આ કન્યા મને આપવી. પાદશાહે તે કબૂલ કર્યાથી લોલિંબરાજ બોલ્યો કે તેને પુત્ર થશે. પછી પાદશાહને તેની ખાત્રી થયેથી તેણે પોતાની કન્યા તેને આપી તેનું નામ લોલિંરાજે રત્નકલા પાડયું અને તેના હાસ્યવિનોદાદિ વિલાસમાં નિમગ્ન થઈ ઘણા દિવસ વિતાવ્યા.

પછી શાકે ૧૫૫૫ (સન્ ૧૬૩૩) માં લોલિંબરાજના મનમાં આવ્યું કે પરોપકારને અર્થે કોઈ વૈદ્યક પ્રકરણનો એકાદ નાનો ગ્રંથ રચી પોતાનું નામ અમર કરવું. બાદ તેણે સંસ્કૃત ભાષામાં સુંદર પદ્ય રચનાના અનેક છંદ યુક્ત અને શૃઙ્ગાર રસથી આ વૈદ્યજીવન ગ્રંથ કર્યો. આ વિના લોલિંબરાજે હરિવિલાસ નામનો ગ્રંથ રચ્યોછે.'

સૂચનાનુક્રમ.

સૂચના.

(આ ગ્રંથમાં દરેક ઠેકાણે જોઈતી માહિતી લંબાણથી, આપવામાં આવીછે છતાં વાચકોની સરળતા માટે ફરીથી લખીયે છીએ.)

યોગ્ય અને અયોગ્યનો વિચાર.

સર્વે ઔષધ નવાં લેવાં જોઇએ; પરંતુ પિંપર, ગોળ, ધાણા, વાવડિંગ, અને મધ એ જણશો એક વર્ષની જુની લેવી. ગળો, કડાની છાલ, અરડૂસો, ભૂરૂ કહોળું, શતાવરી, આસન, કાંટાશળીઓ, વરીયાળી, લીંમડો, અને પ્રસારિણી એ પદાર્થો હમેશાં લીલાં લેવા. લીલા જાણીને બમણા લેવા નહિ. શિવાયનાં બીજાં ઔષધો લીલાં હોય તો બમણાં લેવાં. જે વનસ્પતીનાં અંગ કહ્યાં નથી ત્યાં તેનાં મૂળ લેવાં. હિંગળોક ગાંગડાવાળો; ગંધક આમળસારો; પારો હિંગળોકમાંનો; હિંગ શેકેલી; અને ધંતૂરો કાળો લેવો. ગોળીઓ, ચાટણ અને, હલકા પાકના ગુણ એક વર્ષ પછી; ચૂર્ણના બે નહિના પછી; અને તેલ તથા ઘીના ચાર મહિના પછી કમી થાયછે. સર્વે ધાતુની ભસ્મો અને રસાયણો જેમ જુનાં તેમ વધારે ગુણકારી થાયછે. ચૂર્ણ ઘી અને તેલ અને ચાટણમાં ચંદન એટલે સુખડ; અને કાઢા અને લેપમાં ઘણુંકરીને ચંદન એટલે રતાંજળી લેવી, ઘી અને મધ સમ ભાગે લેવાં નહિ, કેમકે તેમ કર્યાથી તે વિષ સમાન થાયછે.

ઔષધ લેવાનો વખત.

ઘણુંકરીને ઔષધ સવારમાંજ આપવાં; તેમાં અંગરસ, કાઢા, ફાંટ અને હિમ એ તો વિશેષે કરીને સવારમાં આપવાં જોઈએ. રેચ અને ઉલટી થવાનાં ઓસડ સવારમાં આપી તે ઉપર જમવા વહિ દેતાં તેને સારી પેઠે થયા બાદ કાંજી પાવી. અપાન એટલે ગુદાસ્થાને રહેલો વાયુ બંધ થયો હોય તો જમ્યાની જરાક પહેલાં, તથા મુખની અરૂચી મટાડવાને જમતી વખતેજ ઓસડ આપવું. નાભિ સંબંધી એટલે સમાન વાયુ કુપિત થયો હોય અને જઠરાગ્નિ મંદ પડિ ગયો હોય તો અગ્નિ પ્રદિપ્ત કરનારાં ઓસડો જમતાં વચમાં ખવરાવવાં. વ્યાન એટલે સર્વ શરીર વ્યાપી વાયુનો કોપ સમાવવાને માટે જમી રહ્યા પછી, તથા હેડકી, આક્ષેપકવાયુ અને કંપવાયુ એમના ઉપર જમ્યા પ્હેલાં અને પછી ઓસડ આપવાં. કંઠે રહેલો ઉદાનવાયુ કોપ પામી ઘાંટો બેસે ઇત્યાદિક રોગ થયા હોય તો સાંજે જમતાં કોળીએ કોળીએ કે એકાંતરે કોળીએ ઓસડ સેવન કરાવવું. હૃદયમાં રહેલા પ્રાણવાયુના કોપ ઉપર સાંજના વ્યાળુ પછી ઓસડ આપવું. તરશ, ઓકારી, હેડકી, દમ અને વિષ દોષ ઉપર વારંવાર, અથવા અન્નની સાથે, કે જમ્યાની આગળ પાછળ ઓષધ ભક્ષણ કરાવવું. કાન, આંખ, નાક અને મસ્તકાદિકના રોગોને માટે અથવા વાતાદિક દોષો, મોઢું અથવા શીરીરની ક્ષીણતાના રોગને મટાડવા

પાચનાદિક ઓસડો જમ્યાની અગાડી પછાડી રાત્રે સેવન કરાવવાં.

ઔષધાદિકનું માપ.

કવાથાદિકને વિશે જયાં ઓસડોનાં વજન કહ્યાં નથી ત્યાં સરવે ઓસડો સરખે વજને લેવાં. સરખે વજને એટલે કેટલાં, એવી શંકા સહજ ઉત્પન્ન થાયછે તેનું નિવારણ એ છે કે જયાં અંગરસ લેવાનો કહેલો છે ત્યાં તે નિત્ય બે તોલા લેવો; અને તેમાં ખાંડ, મધ, ગોળ ઇત્યાદિ નાખવાનાં હોય તો છ છ માસા નાખવાં. પુટપાકની માત્રા નિત્ય ચાર તોલા અને તેમાં મધ વગેરે એક તોલો હોવું જોઈએ; અને કલ્ક ચૂર્ણાદિકમાં તે નાંખવાનું હોય તો અંગરસ પ્રમાણે છ માસા જોઈએ જયાં વાસણ કહ્યું ન હોય ત્યાં માટીનું સમજવું. વૈદ્યકશાસ્ત્રમાં દવાનું વજન જે હિસાબે ગણવામાં આવેછે તે નીચેના કોષ્ટકથી જણાશે.

દવાના વજનનું કોષ્ટક.

જાળીમાં સૂર્યનાં કિરણમાં જે સૂક્ષ્મ પદાર્થ ઉડતો દેખાયછે તેના ત્રીસમા ભાગને પરમાણું કહેછે.

એવાં ૩૦ પરમાણુનું.........૧ ત્રસરેણુ અથવા વંશી
,, ૬ વંશીની ....૧ મરીચિ
,, ૬ મરિચિની ....૧ રાઈ
,, ૩ રાઈનો...........૧ સરશવ
,, ૮ સરશવનો. ....૧ જવ
,, ૪ જવની............૧ રતી

,,	૬ રતીનો...............	૧ માસો.
,,	૪ માસાનો.............	૧ ટાંક, શાણ, કે ધરણ
,,	[illegible] ટાંકનો...............	૧ પૈસો એટલે વ્યાવહારિક તોલા ૨
,,	૨ પૈસાનો..............	૧ પળ અથવા ટકો એટલે વ્યાવહારિક ૪ તોલા ભાર.
,,	૪ પળનો................	૧ પાશેર અથવા વ્યાવહારિક તોલા ૧૬
,,	૪ પાશેરનો.............	૧ શેર ,, ૬૪
,,	૪ શેરની................	૧ આઢક ,, ૨૫૬
,,	૪ આઢકનો........ ..	૧ દ્રોણ ,, ૧૦૨૪

ક્વાથાદિક કરવાના વિધિ.

ઉકાળો--ઉકાળાનાં સર્વ ઓસડો મળીને નિત્ય ૪ તોલા લેવાં. તેમને ઠકુમી હાંલ્લીમાં નાંખી સોળગણું એટલે ૬૪ તોલા પાણીમાં ઉકાળતાં આઠમા ભાગનું એટલે ૮ તોલા પાણી રહે ત્યારે ઉતારી ગાળી સશેકું પી જવું. કદી તેટલું પ્રકૃતિને માફક ના આવે તો ૪ તોલા રાખી પીવું. નાનાં છોકરાંને ત્રણ માસાથી એક તોલા સુધી આપવું. તે કાઢો અન્નરસનું પાચન સારી રીતે થયા પછી આપવો. કાઢામાં સાકર નાંખવાની હશે તો વાત, પિત્ત અને કફ એ રોગોપર અનુક્રમે ચોથો, આઠમો અને સોળમો હિસ્સો નાંખવી; અને મધ નાંખવાનું હોય તો તેથી ઉલટું એટલે કફ ઉપર ચોથો, પીત્ત ઊપર આઠમો અને

વાયુ ઉપર ૧૬ મો. એ પ્રમાણે ભાગે નાંખવી. જીરૂં, ગૂગળ, ખાર, શિલાજીત, હિંગ વગેરે ઓસડ ૩ માસાં તથા દૂધ, ઘી, ગોળ, તેલ, કલ્ક, અને ચૂર્ણ વગેરે કાઢામાં તોલો તોલો નાંખવાં.

ફાંટ અને હીમ—ઓસડોને ખાંડી તેમાં પાણી નાંખી તરત નીચોવી લેતાં જે મિશ્રિત રસ નિકળે તેને ફાંટ, તથા ખાંડેલાં ઓસડોને હાંલ્લીમાં નાંખી તેમાં પણી અનુમાન માફક રેડી રાત રહેવા દેઈ સવારમાં તે પાણીને નિતારી લે તેને હીમ કહેછે. એ બંનેમાં નાંખવાનાં ઓસડ અને પાણી વગેરેનું વજન ઉકાળા પ્રમાણેજ જાણવું.

કલ્ક—લીલી કે સૂકી ઔષધી લઈ વાટિયે તેનું નામ કલ્ક કે ચટણીછે. તે એક તોલો લેવી. તેમાં ઘી, તેલ ઈત્યાદિક દુપ્પટ એટલે બે તોલા, અને સાકર, ગોળ, તે બરાબર તથા ઓસડ ચોગણું નાંખવું.

ચૂર્ણ—સારી પેઠે સુકાયલી ઔષધીને લાવી સુંદર વાટી કે ખાંડી કપડછાણ કરતાં જે ભૂકો નીચે પડેછે તેને ચૂર્ણ કહેછે. તે મોટા માણસને છ માસાથી એક તોલા સુધી તથા નાનાં છોકરાંને એકથી ત્રણ માસા સૂધી બળાબળ જોઇને આપવું. ચર્ણમાં ગોળ સમ ભાગે; સાકર, ઘી, તેલ ઈત્યાદિક બમણું, અને પાણીમાં કાલવી ખાવાનું હશે તો પાણી ચોગણું ઘાલવું. ચૂર્ણ, ચાટણ, ગોળી અને ચટણી ખાઈ પાણી કે દૂધ પીવાનું હોય તો, વાયુ, પિત્ત, અને કફ એ રોગો ઉપર ક્રમથી બાર, આઠ અને ચાર

તોલા પાવું; એટલે જેવું પાણીના ઉપર તેલનું ટીપું પડતાં ચોફેર તરફ પ્રસરેછે તેમજ અનુપાનના જોરથી ઓસડ સર્વે શરીરમાં પ્રસરેછે. એકાદ ચૂર્ણને લિંબુના રસની વગેરે ભાવના (પુટ) દેવો હોય તો જેટલા રસાદિકથી સર્વ ચૂર્ણ પલળે તેજ ભાવનાનું પ્રમાણ સમજવું. સર્વ ઓસડો આપતી વખતે પ્રથમ દેશ, કલ, પ્રકૃતિ, વય, અગ્નિ અને બલ ઇત્યાદિકનો વિચાર કરવો અવશ્યનો છે.

સ્નેહપાક.

ચટણીથી ચોગણું ઘી કે તેલ લેઈ તેનાથી ચોગણું પાણી કે બીજો પ્રવાહી પદાર્થ ઘાલીને પકવવું. પછી સિદ્ધ થયેલા ઘી કે તેલની માત્રા ૪ તોલા ખવરાવવી. જે ઓસડનું ઘી કે તેલ કાઢવાનું હોય તેનાથી ચોગણું પાણી તેમાં નાંખી ચૂલે ચઢાવી ઉકાળતાં ચોથા ભાગનું રહે ત્યારે તેમાં ઘી કે તેલ નાંખી પકવવું. કોમળ ઓસડમાં ચોગણું અને સખતમાં આઠગણું તથા અતિશય કઠણમાં ૧૬ગણું પાણી નાંખવું. જ્યાં કેવલ પાણી, કાઢી તથા અંગરસથી સ્નેહ (ઘી કે તેલ) તૈયાર કરવાનુંછે ત્યાં ચટણી અનુક્રમે ચોથા, છઠ્ઠા, અને આઠમાં હિસાની લેવી; દૂધ, દહીં, અંગરસ અને છાશ એમાં સ્નેહ સિદ્ધ કરવાનું હશે તો આઠમા ભાગની ચટણી નાંખવી, અને ચટણી સારી પેઠે પકવ થાય માટે તેમાં ચોગણું પાણી નાંખવું. જ્યાં કેવલ કાઢાથીજ પકવવાનું હોય ત્યાં કાઢાની જણસોની ચટણી નાંખી સ્નેહ સિદ્ધ કરવું. જ્યાં દૂધથી પકવવાનું હોય ત્યાં

ઓસડથી આઠગણું દુધ અને દુધથી ચોગણું પાણી ધાલી પકવવું, સ્નેહનું ટપકું દેવતા ઉપર નાંખી જોવું તે તડ તડ વાગવા લાગ્યું એટલે સિદ્ધ થયું સમજવું ફીણ આવવા લાગે એટલે તેલ તૈયાર થયું સમજવું. અને ફીણ મરી જાય એટલે ઘી તૈયાર થયું સમજવું.

રોગની આઠ પ્રકારની પરીક્ષા.

નાડી પરીક્ષા—જમણા હાથના અંગૂઠાના મૂળને ઠેકાણે જે નાડીછે તેની ચાલવાની રીતિથી શરીર સંબંધી સુખ દુઃખનું જ્ઞાન થાયછે. અંગૂઠાના મૂળ તરફથી ક્રમે કરીને પ્રથમ વાયુ, મધ્યે પિત્ત અને છેવટે કફ જાણવો. સર્પ કે જળોની ચાલ પ્રમાણે વાંકી ચાલતી હોય તો વાયુની નાડી જાણવી; દેડકા, કાગડા, અને ચકલા જેવી જલદી ચાલે તે પિત્ત નાડી; ખબતર, મોર અને કૂકડાના જેવી મંદ મંદ ચાલે તે કફ નાડી; તેતર પક્ષીની ચાલ પ્રમાણે ચાલે તે સન્નિપાત નાડી; હળવે હળવે અને પાછી તરતજ જલદી ચાલવા લાગે તે ત્રિદોષ નાડી; અને જે સ્થાનકેથી તૂટેલી રહી રહીને ચાલતી. ઘણીજ સૂક્ષ્મ, ઘણીજ થંડી એવી ચાર પ્રકારની નાડી પ્રાણને હરનારી જાણવી. પુરૂષનો જમણો અને સ્ત્રીનો ડાબો હાથ લાંબો સીધો કરી અંગૂઠાના મૂળ આગળ તર્જની, મધ્યમા અને અનામિકા આંગળીઓનાં ટેરવાં મૂકી વાયુ, પિત્ત અને કફ એ દોષો અનુક્રમે જાણવા. સવારમાં દસ ઘડી સૂધી કફની, બપોરે દસઘડી સૂધી પિત્તની, અને સાંજે દસ

ઘડી સુધી વાયુની નાડી જાણવી. એ પ્રમાણે રાત્રીની નાડી સમજવી. નાડી વારંવાર પકડી અને છોડીને પરીક્ષા કરવાથી સ્વસ્થ માણસની નાડી સારી સમજાયછે. માટે સવારમાં ઉઠી એક ઘડી સ્વસ્થ બેઠેલા માણસની નાડી જોવી. એ શિવાયની બીજી હકીકત અમારા તરફથી પ્રકટ થયેલા "નાડીજ્ઞાન" નામના પુસ્તકમાંથી જોઇ લેવું.

મૂત્ર પરીક્ષા—કાચ કે કાંસાના વાસણમાં પરોઢિયા પહેલાં રોગીનું મૂત્ર, પહેલી અને આખરની ધાર ટાળી વચલી ધારનું લેવું. તેમાં તેલનું ટપકું ઘાસની શળી વતે નાંખવું. ટપકું નાંખતાંજ પસરી જાય તો વાયુનું જોર જાણવું; તે મૂત્ર રાતા રંગનું અને થંડુ હોય, પિત્તનું જોર હોય તો તેના બિંદુમાં પરપોટિયો વળે, અને મૂત્ર પીળું હોય; કફના પ્રબળમાં મૂત્ર ઉપર તેલના જેવી છારી વળે; અને તે બરફ જેવું ધોળું દેખાય. સન્નિપાતમાં મૂત્ર કાળું, રાતું, પીળું એવું અનેક રંગયુક્ત દેખાયછે. તેલનું બિંદુ નાંખતાંજ તે તળીએ જઇને બેસે તો રોગી અસાધ્ય જાણવો; તેમજ બિંદુ તરે અને પસરે તો સાધ્ય, અને તરે પણ પસરે નહિ તો કષ્ટ સાધ્ય જાણવો.

મલ પરીક્ષા—વાયુના કોપથી મળ ફીણ યુક્ત, સૂકો, કાળાશ પડતો અને થુથા પાણી જેવો હોયછે, પિત્તકોપથી મળ લીલાશ પડતો, પીળો, દુર્ગંધવાળો, લોચા પડતો અને ઉનો હોયછે; અને કફ કોપથી ધોળો, કાંક સૂકો અને કાંક લીલો હોયછે. બે કે ત્રણ લક્ષણ યુક્ત

હોય તો દ્વિદોષ કે ત્રીદોષ જાણવો.

જીભ પરીક્ષા—વાયુ કોપથી જીભ કાકરવાળી; પિત્ત કોપથી રાતી અને જરા કાળાશ પડતી; અને કફ કોપથી ધોળી, ભીની, લીસી હોયછે.

નેત્ર પરીક્ષા—વાયુના પ્રકોપમાં નેત્ર લુખાં અને ધુમાડાના રંગના દાહ યુકત તથા ચંચળ હોયછે; પિત્તમાં પીળાં હળદર જેવાં તથા દાહ યુકત અને દીવો કે બીજું અજવાળું જોવાને અસમર્થ હોયછે—કફના યોગથી નેત્ર ધોળાં, તેજહીન, ગળતાં અને ચીકણાં હોયછે.

રૂપ પરીક્ષા—રૂપ પરીક્ષા ઘણુંકરીને પરોઢિયામાં કરવી—વાયુના કોપથી શરીરની કાંતિ તેજ વિનાની અને જરા કાળાશપર પડતી થાયછે; પિત્ત કોપથી મુખ પીળું અને જરા સુજેલું હોયછે; અને કફકોપ પામ્યો હોય તો મુખ કાંતિ વગરનું અને તેલ જેવું જરા ચીકણું દેખાયછે.

શબ્દ પરીક્ષા—જે શબ્દ કંઠમાંથી નીકળે અને હલકો હોય તે વાયુનો; સ્પષ્ટ નીકળે તે પિત્તનો; અને જાડો તથા ખરખરીવાળો નીકળે તે કફનો જાણવો.

સ્પર્શ પરીક્ષા—વાયુના કોપથી શરીર સાગ કે ખાખરાના પાંદડા જેવું કર્કશ લાગે; પિત્તના કોપથી ઉનું લાગે; તથા કફના કોપથી થંડુ છતાં જરા ભીનું હોય એવું લાગે.

અનુક્રમણિકા.

પ્રથમોલ્લાસઃ ।

द्वितीयोल्लासः ।

तृतीयोल्लासः।

चतुर्थोल्लासः ।

पञ्चमोल्लासः ।

શુદ્ધિપત્ર.

સૂચના:—વાચકોને સૂચનાછે કે, આ પુસ્તકને વાંચીને કોઈપણ પ્રયોગની અજમાયશ કરતાં પેહેલાં પ્રથમ આ નીચે આપ્યા પ્રમાણે શુદ્ધ કરીનેજ કરવો. નીચે જે શુદ્ધિ આપીછે તે મુદ્દાની ભૂલો માટેજછે. છતાં કોઈ ઠેકાણે બીજી ભૂલો માલુમ પડે તો સુધારી લેવું. પુસ્તક છપાતી વખતે જે જે ભૂલો માલુમ પડીછે તે તે સુધારીછે પણ તે તે ભૂલો જે જે કાગળોમાં ન સુધરી હોય તે તે ઠેકાણે સુધારી લેવા આ શુદ્ધિપત્ર છે.

પૃષ્ટ.	પંક્તિ.	અશુદ્ધ	શુદ્ધ
૧	૪	प्रीतिप्रात्रं	प्रीतिपात्रं
૩	૧૮	वैर	वैर्
૩	૨૧	किंचित्	किंचित्
૪	૫	कियासु	क्रियासु
૪	૧૫	પુસ્તકાદિની	પુસ્તકાદિના
૫	૯	पश्चाद्धि	पश्चाद्धि
૮	૨૨	સ્વાભાવિકજ	સ્વભાવથીજ
૯	૯	मया	यथा
૨૭	૧૮	कातान्धर:	कांताधर:
૩૧	૧	काम श्वास	कामश्वास
૩૧	૨	काण्ठि:	काण्ठ !
૩૨	૧૩	संज्जन	सज्जन

૩૮	૧૨	श्चिन्नाद्भवो	श्छिन्नोद्भवो
૪૬	૧૪	च्चलदक्	च्चलद्दक्
૫૨	૧૩	दुश्चिह्नुन	दुश्चिह्न
૫૨	૧૭	वर्श्चितो	वर्जितो
૫૩	૨૪	જળના	જળનો
૫૪	૧૬	सुराज	सुग्राज
૫૬	૧૦	જ્વરાતિમારમાં	જ્વરાતિસારમાં
૫૭	૬	यस्याप्यतीसार	यस्याप्यतीसार
૫૮	૨૨	कुसुमश्री रोध्र	कुसुमश्रीरोध्र
૯૫	૪	જોઈને	લેઇને
૫૬	૧૦	तांम्बूल	ताम्बूल
૫૯	૧૮	નાખીતે	નાખીને
૬૧	૧૩	गङ्गधराख्यं	गङ्गाधराख्यं
૬૧	૧૪	चूर्ण	चूर्ण
૬૨	૨૦	त्राद्दिव	त्राद्द्व
૬૫	૮	તયા	તથા
૬૫	૧૪	આન્ન	આમ
૬૭	૨૨	શુંઠ ને	શુંઠને
૭૬	૧૨	वदनांम्बुज	वदनाम्बुज
૭૬	૧૮	આલિગિત	આલિંગિત
૭૭	૧	બીભીત કાવલેહ	બીભીતકાવલેહ
૭૬	૨૦	लवंङ्ग	लवङ्ग

८०	११	कवलय	कवलय
८०	१२	दृष्टि	दृष्टिं
८३	५	शुण्ष्ठी	शुण्ठी
८३	१५	ग्रन्थि	ग्रन्थि
८४	३	सरसा	तरसा
८६	९	फलनयं	फलत्रयं
८६	९	छिन्नसहा	छिन्नरुहा
८७	२१	पञ्चाङ्कि	पञ्चाङ्गि
९५	५	વાડાવેલાનો	પાડાવેલાનો
९७	९	અશોમાં	અંશોમાં
१०३	२	द्रुनम्	द्रुतम्
१०७	१४	क्षयात्पत्ति	क्षयोत्पत्ति
१११	१०	पशुमुत्र	पशुमूत्र
११२	९	जातीप्रबाल	जातीप्रवाल
१२५	१३	रुष्फरकैः	रुष्करकैः
१२६	१५	दुनार्म	दुर्नाभ
१२८	११	न्कण्ठाणया	न्कण्ठामया
૧૩૪	८	હાડકામાં	લક્ષણ-હાડકામાં
१३६	२	पयाधर	पयोधर
૧૩૯	૧૧	રક્તપિત્ત	રક્તપિત્તને
૧૪૧	૩	પ્રીતકાર	પ્રતીકાર

૧૪૪	૨૦	वार्मेल्या मधु	वार्मैलामधु
૧૪૬	૧૮	गोध्रोग्रा	गोध्रोग्रा
૧૫૮	૮	सुभ्रवां	सुभ्रुवां
૧૫૯	૪	ચ્ર્યાર્ગ્	ચ્યાર્ગ્
૧૫૯	૧૯	मिश्रितै	मिश्रितः
૧૬૦	હેઠિંમાં	સાતમો	છઠ્ઠો
૧૬૮	૨૨	કદાપિ	તથાપિ
૧૭૪	૧૧	બકામલીતડાની	બકામલીંમડાની
૧૭૫	૧	શેધ	શોધન

श्री

वैद्यजीवनकाव्यम्.

मंगलाचरण.

प्रकृतिसुभगगात्रं प्रीतिपात्रं रमाया
दिशतु किमपि धाम श्यामलं मंगलं वः ।
अरुणकमललीलां यस्य पादौ दधाते
प्रणतहरजटालीगांगारिंगत्तरंगै ॥ १ ॥

સ્વભાવથીજ જેનું સુંદર શરીર છે અને જેના બન્ને ચરણમાં નમેલા શિવની જટામાં ખેલતા ગંગાના તરંગોવડે જેના બન્ને પગ (ગંગામાં ઉગેલાં) રાતા કમળની શોભા ધારણ કરેછે, એવું લક્ષ્મીની પ્રીતિનું પાત્ર કોઈક શ્યામ વર્ણનું તેજ તમારૂં મંગળ કરો.

જેના ચરણમાં શિવાદિક પ્રણામ કરેછે એવા સુંદર શ્યામ લક્ષ્મીપતિ તમારૂં કલ્યાણ કરો એ ભાવ છે.

रत्नं वामदृशां दृशां सुखकरं श्रीसप्तश्रृंगास्पदं
स्पष्टाष्टादशबाहु तद्भगवतो भर्गस्य भाग्यं भजे ।
यद्भक्तेन मया घटस्तनि! घटीमध्ये समुत्पाद्यते
पद्यानां शतमंगनाधरसुधास्पर्द्धाविधानोद्धुरम् ॥२॥

જે, સ્રીઓમાં રત્નરૂપ છે, જે નેત્રને (દર્શનથી) સુખકર છે, સપ્તશૃંગ પર્વત જેનું સ્થાન છે, જેને ખુલ્લા અઢાર

હાથ છે અને જે ભગવાન્ મહાદેવના ભાગ્યરૂપ છે, તે (દેવી) ને હું ભજું છું: હે ઘટસ્તની! (ઘડા જેવા આકારના સ્તનવાળી સ્ત્રી) જેનો ભક્ત હું, સ્ત્રીઓની અધરામૃતની બરાબરી કરવાને તત્પર એવાં સો પદ્ય એક ઘડીમાં ઉત્પન્ન કરૂંછું.

સપ્તશૃંગ પર્વત ઉપર રહેલી અષ્ટાદશ ભુજા દેવીનો હું ભક્ત છું. તથા તેની કૃપાથી શૃંગાર રસથી પરિપૂર્ણ કવિતા કરવાની શક્તિ મને પ્રાપ્ત થઈ છે એ તાત્પર્ય છે.

ગ્રંથ પ્રયોજન.

दिवाकरप्रसादेन रोग्यारोग्यसमीहया ।
समासेन वयं कुर्मः काव्यं सद्वैद्यजीवनम् ॥३॥

રોગીને આરોગ્ય પ્રાપ્ત થાય એવી ઈચ્છાથી દિવાકર (એ નામના પિતા-ગુરૂ) ની કૃપા વડે આ વૈદ્યજીવન નામનું ઉત્તમ કાવ્ય અમે સંક્ષેપમાં રચીએ છીએ.

અથવા.—વનસ્પતિ માત્રમાં જીવનતત્વ સ્થાપન કરનાર દિવાકર (સૂર્ય) ની કૃપાથી રોગીને આરોગ્ય પ્રાપ્ત થવા માટે આ કાવ્ય હોઇને વૈદ્યજીવન નામે સંક્ષિપ્ત વૈદ્યક ગ્રંથ અમે રચીએ છીએ.

तथापि क्रियते ग्रंथः सन्ति यद्यपि दुर्जनाः ।
नहि दस्युभयाल्लोको दैन्यवानिह वर्त्तते ॥४॥

જો કે (જગત્માં) દુર્જનો (નિંદક) છે તથાપિ અમે આ ગ્રંથ કરીએ છીએ; કેમકે, ચોરના ભયથી લોકો કાંઈ દીન બનીને વર્તતા નથી.

મતલબ કે શૃંગાર પ્રધાન આ કાવ્યને જોઈને અરસિક પુરૂષો મારી નિંદા તો કરશેજ, પણ તેમની નિંદાના ભયથી કવિઓ કાંઈ સરસ ગ્રંથો નહિ લખે એમ બનવાનું નથી; હું તો લખુંજ છું.

येषां न चेतो ललनासु लग्नं मग्नं न साहित्यसुधासमुद्रे ।
ज्ञास्यंति ते किं मम हा! प्रयासानंधो यथा वारवधूविलासान् ५

જેમનું ચિત્ત સ્ત્રિયોમાં સંલગ્ન થયું નથી અથવા સાહિત્યરૂપી સમુદ્રમાં ડુબ્યું નથી તેઓ, આંધળો જેમ વારાંગના હાવ, હેલા આદિક વિલાસને જાણી શકતો નથી તેમ, અરે! મારા, આ, શ્રમને શું જાણશે?

અર્થાત્ રસિક હોયછે તેજ રસિકની વાણી સમજી શકેછે, અને આનંદ પામેછે. કહ્યું છે કે, "कवयो ह्येव तुष्यन्ति नेतरे कविसूक्तिभिः । नह्यकूपारवत्कूपा वर्द्धन्ते विधुकांतिभिः—કવિઓજ કવિનાં સરસ વચનોથી સંતોષ પામેછે; ચંદ્રના પ્રકાશથી સમુદ્રની પેઠે કૂવા કાંઇ ઉભરાતા નથી!"

ગ્રંથનો ઉપક્રમ.

गदगंजनाय चतुरैश्चरकाद्यैर
मुनिभिर्नृणां करुणया कथितं यत् ।
अखिलं लिखामि खलु तस्य रहस्यं
स्वकपोलकल्पितमिहास्ति न किंचित् ॥६॥

રોગને નાશ કરવાને ચતુર એવા ચરક આદિ મુનિઓ-

એ કૃપાવડે મનુષ્યને જે શાસ્ત્ર કહ્યું છે તેનુંજ રહસ્ય સઘળું હું લખુંછું; આ ગ્રંથમાં મારૂં પોતાનું કપોળકલ્પિત કાંઈ છે નહિ.

વૈદ્યનું લક્ષણ.

गुरोरधीताखिलवैद्यविद्यः पीयूषपाणिः कुशलः क्रियासु ।
गतस्पृहो धैर्यधरः कृपालुः शुद्धोऽधिकारी भीषगीदृशः स्यात् ७

જે ગુરૂની પાસેથી બધી વૈદ્ય વિદ્યા ભણ્યો હોય, જેના હાથમાં યશરેખા હોય (જેના હાથથી ઘણા દરદીઓ સારા થતા હોય) જે (ઔષધ તૈયાર કરવાની તથા તેને યોજવા વગેરેની) ક્રિયામાં કુશળ હોય, જે કોઈની આશા ન રાખનારો હોય, જે ધીરજવાળો હોય, અને જે દયાળુ હોય–આવો જે હોય તેને શુદ્ધ અને અધિકારી વૈદ્ય જાણવો—તે વૈદ્યના પદને યોગ્ય થાયછે.

જે મનુષ્ય ગુરૂ પાસેથી વૈદ્ય વિદ્યા શીખ્યા વિના પોતાની મેળેજ કોઇ પુસ્તકાદિની સહાયથી વૈદ્ય બની ગયો હોય તે, તે વિદ્યાનાં રહસ્ય સમજી શકતો નથી તેથી વખતે સ્વબુદ્ધિએ વિપરીત કરી બેસેછે અથવા આંટીની વખતે અમૂઝાય છે. જેના હાથમાં યશરેખા ન હોય તેને હાથે ઘણા દરદીઓ મરણ પામતા હોવાથી રોગીની તે ઉપર શ્રદ્ધા ચોંટતી નથી, તેમ તેનામાં કાંઈ ગૂઢ અયોગ્યતા હોવી જોઈએ. ક્રિયામાં કુશળ ન હોય તો તે ચિકિત્સા બરાબર કરી શકતો નથી. સ્પૃહા વાળો હોય તો તે બીજાના તેજમાં દબાઈને યોગ્ય ચિકિત્સા કરી શકતો નથી.

ધીરજવાળો ન હોય તો વ્યાધિનું બળાબળ દેખીને ગભરાયછે, પ્રયોગ પક્વ થતાં સુધી સહનતા રાખી શકતો નથી અને રોગીને હાનિ કરેછે. દયાળુ ન હોય તો રોગીના દુઃખની શાન્તિ તે કરી શકતો નથી અને રોગી તેને જોઈને ત્રાસેછે. માટે શ્લોકમાં કહેલા ગુણો વિનાનો વૈદ્ય. વૈદ્યપદને યોગ્ય નથી.

વૈદ્યનું કૃત્ય.

आदौ निदानविधिना विदध्याद्व्याधिनिश्चयम् ।
ततः साध्यं परीक्षेत पश्चाद्भिषगुपाचरेत् ॥८॥

પ્રથમ નિદાન શાસ્ત્રામાં કહેલા વિધિ પ્રમાણે વ્યાધિનો નિશ્ચય કરવો, પછી તે રોગ સાધ્ય છે કે અસાધ્ય તેની પરીક્ષા કરવી અને પછી વૈદ્યે (તે રોગી ઉપચાર કરવા યોગ્ય હોય તો) ઉપચાર કરવા.

હરકોઈ રોગનો હેતુ, તે રોગનાં પૂર્વચિન્હ, રોગનું લક્ષણ, કેવું અન્નપાન કે ઓષધ રોગીને માફક આવેછે તે, તથા વ્યાધિ શરીરમાં કેવી રીતે ફેરફાર કરેછે તે, એ પાંચ બાબતોનો નિદાન વિધિમાં સમાવેશ થાયછે, માટે એ પાંચવડે રોગની પરીક્ષા કરવી. નિદાન સારી રીતે સમજવાને તે સંબંધી ગ્રંથો ભણવા જોઈએ. તથાપિ આ ગ્રંથમાં જ્યાં જ્યાં અમુક રોગની ચિકિત્સા કહેવામાં આવશે ત્યાં ત્યાં અમે સંક્ષેપમાં તે રોગના હેતુ અને લક્ષણો લખીશું કે જેથી અજાણ્યા પુરષો રોગને ઓળખીને ઉપચાર લાગુ કરવાને સમર્થ થાય. રોગ સેહેજ

ઉપચારથી મટી શકે એવો છે કે ઘણી મેહેનતે મટી શકે એવો છે કે નથીજ મટી શકે એવો છે, એ નિશ્ચય કરવો તેને સાધ્યાસાધ્ય પરીક્ષા કહેછે. જે રોગ સેહેજ ઉપચાર કરવાથી મટે તે સાધ્ય, ઘણી મેહેનતે મટે તે કષ્ટ સાધ્ય, ઘણી મેહેનતે પણ મટે તો નહિ પણ જેની વૃદ્ધિ થતી અટકાવી શકાય તેને યાપ્ય અને જે નજ મટે તેને અસાધ્ય કહેછે. ઘણું કરીને બધાજ રોગ શરૂઆતમાં સાધ્ય હોયછે, પણ તેની ઉપેક્ષા કરવાથી તે અનુક્રમે કષ્ટ સાધ્ય, યાપ્ય અને અસાધ્ય થાયછે. રોગનાં સાધ્યાસાધ્યનાં લક્ષણો પણ નિદાન ગ્રંથોમાં વિસ્તારથી કહેલાં હોયછે તેમાંથી જાણી લેવાં. આ ગ્રંથમાં જે ઉપચાર બતાવ્યા છે તે માત્ર સાધ્ય રોગનાજ છે એમ સમજવું, તેમ અમે જે સંક્ષિપ્ત લક્ષણો આપીશું તે લક્ષણોવાળો વ્યાધિ સાધ્ય છે એમ જાણવું. એ રીતે રોગની પરીક્ષા કર્યા પછી વૈદ્યે ઉપચાર કરવો એમ ગ્રંથમાં કહેલું છે. ઉપચાર ઘણે પ્રકારે થઈ શકેછે તે બધા પ્રકાર અહીં લખી શકાય નહિ; પણ તે તે રોગના ઉપચાર કેવી રીતે કરવા તે અમે કાંઇક સંક્ષેપમાં બતાવીશું.


રોગીને શીખામણ.

औषधं मूढवैद्यानां त्यजन्तु ज्वरपीडिताः ।
परसंसर्गसंसक्तं कलत्रमिव साधवः ॥१॥

જેમ બીજા પુરૂષના સંસર્ગમાં સંસકત સ્ત્રીને સાધુ પુરૂષો તજેછે તેમ મૂઢ વૈદ્યોના ઔષધને પણ રોગથી પી-

ગોમૂત્રિકાબંધ.

प थ्ये स ति ग दा र्त स्य क्ति मौ ष ध नि षे व ण मू ।



प थ्ये स ति ग दा र्त स्य क्ति मौ ष ध नि षे व ण मू ॥

(પૃષ્ઠ ૭ શ્લોક ૧૦)

ડાયલા પુરૂષોએ તજવું યોગ્ય છે.

જે વૈદ્ય, શ્લોક સાતમામાં કહેલા ગુણોથી રહિત હોય તેને અહીં મૂઢ કહેવાનો અભિપ્રાય છે. તે ઉપરાંત મદ્ય, ક્રોધાદિ મનોવિકાર, વ્યાધિ, ઇત્યાદિવડે જેની વિવેક બુદ્ધિ નાશ પામી હોય તેને પણ મૂઢ સમજીને તેનું ઔષધ લેવું નહિ. "પરસંસર્ગ સંસક્ત સ્ત્રીને સાધુ પુરૂષો તજેછે તેમ." એ દૃષ્ટાંત ઉપરથી ગ્રંથકાર એમ સૂચવેછે કે, 'હું, પરસ્ત્રીની રતિ આ ગ્રંથમાં વર્ણવીશ નહિ; માત્ર સ્વકીયાને ઉદ્દેશીનેજ વર્ણન કરીશ.'

પથ્ય પાળવાની જરૂર.

पथ्ये सति गदार्त्तस्य किमौषधनिषेवणम् ।
पथ्येऽसति गदार्त्तस्य किमौषधनिषेवणम् ॥१०॥

જે રોગી પથ્ય પાળેછે તેને ઔષધનું સેવન કરવાની શી જરૂર છે? અર્થાત્ તેને થયેલો વ્યાધિ એની મેળેજ શાંત થઈ જશે (અથવા પથ્ય પાળીને વર્તનારને વ્યાધિજ નહિ થાય) તેમજ જે પથ્ય પાળતો નથી તેને પણ ઔષધ સેવવાની શી જરૂર છે? અર્થાત્ તેને ઉપચાર કરવાથી પણ ફાયદો થશે નહિ.

ઘણું કરીને જે કારણો રોગને ઉત્પન્ન કરનારાં હોયછે અથવા બીજી રીતે કહીએ તો જે કારણો રોગને અનુકૂળ હોયછે તેને તજવાં એ સામાન્યતઃ કુપથ્ય સમજવું. એટલે રોગીએ તેવાં કારણોથી દૂર રહેવું. તેમજ જે કારણો રોગને અટકાવનારાં અથવા પ્રતિકૂળ હોયછે તે-

ને પથ્ય સમજવું. એટલે રોગીએ તેવાં કારણોને રોગનો ઉપચાર માનીને તેનું સેવન કરવું. આ શ્લોક, ગોમૂત્રિકાબંધ ચિત્રકાવ્યછે.

आरोग्यं जायते नैव पथ्यहीनस्य रोगिणः ।
अपत्यमिव वंध्यास्त्रीकामासक्तस्य देहिनः ॥११॥

જેમ વાંઝણી સ્ત્રી સાથે કામાસક્ત થયેલા પુરૂષને સંતાન થતું નથી, તેમ પથ્ય રહિત રોગીને આરોગ્ય પણ થતુંજ નથી.

विनापि भेषजैर्व्याधिः पथ्यादेव निवर्तते ।
न तु पथ्यविहीनस्य भेषजानां शतैरपि ॥१२॥

ઔષધ વિના પણ માત્ર પથ્યથીજ (કદાચ) વ્યાધિ મટેછે, પણ પથ્ય રહિત રોગીને સેંકડો ઔષધ લાગુ કરવામાં આવે તથાપિ આરામ થતો નથી.

ગ્રંથ કર્ત્તાનો વિનય.

महींद्रमहिलात्रपाप्रदपदारविंदे ! तथा
पयोनिधिपयस्ततिर्जलधरैरुपात्ता यथा ।
अपि प्रकृतिनीरसा नृपभिषग्भिरंगीकृता
भविष्यति सरस्वती रसवती मुरासापतेः ॥१३॥

રાજાઓની રાણીઓને શરમ ઉપજાવે એવાં સુંદર ચરણ કમળવાળી હે સ્ત્રી ! જેમ, ખારા સમુદ્રના પાણીનો જથ્થો જ્યારે મેઘ ગ્રહણ કરેછે ત્યારે તે મિષ્ટ થાયછે તેમ, જેકે મુરાસાપતિ (લોલિંબરાજ) ની વાણી સ્વાભથીજ

નીરસ છે પરંતુ તેને રાજવૈદ્યો અંગીકાર કરશે તેથી તે રસવાળી થશે.

આ શ્લોકમાં કવિએ પોતાની સ્ત્રીને સંબોધન કરીને કહેલું. હવે પછીનો બધો ગ્રંથ એવીજ રીતે લોલિંબરાજે પોતાની સ્ત્રીને 'રત્નકલા'ના નામથી સંબોધીને કહેલો છે. મુરાસા નામે લોલિંબરાજની બીજી કોઇ વાહાલી હતી, જેથી શ્લોકમાં કવિ, પોતાને मुरासापति કહેછે.

इह गमिष्यति वैद्यमतिः श्रमं प्रथममेव पुरस्तु महासुखम् ।
प्रियतमस्य मृगाक्षि ! समागमे नवकरग्रहणा गृहिणी यथा १४

હે હરિણના જેવાં નેત્રવાળી સ્ત્રી ! નવી પરણેલી સ્ત્રી પોતાના પ્રિયતમ (સ્વામી) ના સમાગમમાં જેમ પ્રથમ શ્રમ પામેછે પણ પછી ઘણો આનંદ પામેછે તેમ. આ ગ્રંથમાં પણ વૈદ્યની બુદ્ધિને પ્રથમ (સમજવાનો) શ્રમ પડશે પણ પછી (તેની સરસ કવિતા અને ઉત્તમ પ્રયોગો જોઇને) મોટો આનંદ પ્રાપ્ત થશે.

જ્વરના પ્રતીકાર.

यतः सर्वेषु रोगेषु प्रायशो बलवान् ज्वरः ।
अतस्तस्य प्रतीकारं प्रथमं ब्रूमहे वयम् ॥१५॥

ઘણું કરીને બધા રોગોમાં તાવ બળવાન્ છે માટે અમે પ્રથમ તેનાજ ઉપાય કહીએ છીએ.

હવે, ગ્રંથકાર રોગના ઉપચાર કહેવા આરંભશે. રોગનો ઉપચાર રોગને ઓળખ્યા વિના થઈ શકતો નથી

માટે રોગને ઓળખવા લાયકનું સંક્ષિપ્ત નિદાન રોગના આરંભે બતાવવું ઠીક ધારીએ છીએ. એકાદ રોગનાં ઘણા પ્રકાર હશે તો સામાન્ય લક્ષણ આપી પ્રકારનાં નામ કે સંખ્યા માત્ર આપીશું અને પ્રકારનાં લક્ષણમાં કાંઇ ખાસ જાણવા જેવું હશે તો તે પણ બતાવીશું.

જ્વરનું નિદાન.

હેતુ—મિથ્યા આહાર (-ખાધા ઉપર ખાવું, અજીર્ણ છતાં ખાવું, ન ખાવા જેવું ખાવું, વગેરેને મિથ્યા આહાર કહેછે) અને મિથ્યા વિહારવાળા (-થાકેલા હોઇએ ત્યારે અથવા ન થાય તેવી મેહેનત કે કામ કદવું કરવું, વગેરેને મિથ્યાવિહાર કહેછે.) માણસના દોષ (-વાત, પિત્ત, કફ, એને દોષ કહેછે) જે આમાશય (-પચ્યા વગરનું અન્ન રહેછે તે જગા) માં રહેલા હોયછે તે દોષ કોઠામાંથી જઠરાગ્નિને બાહાર કાઢી નાખેછે, અને રસ વેહેનારી નસોમાં ચઢી જઈ તાવ પેદા કરેછે.

લક્ષણ—પરસેવાનું બંધ પડવું, શરીર બધું સજડાઈ જવું, જાણે થાક લાગ્યો હોય તેમ થવું, શરીરનું તપી ઉઠવું, એ પ્રમાણે જે રોગમાં સાથે લાગુ થાયછે તેને તાવ કે જ્વર કહેછે.

ભેદ—તાવના મુખ્ય ભેદ નવ છે. અને પાછા ભેદના ભેદ કેટલીક જાતના થાયછે તે નીચે પ્રમાણે:—

૧. વાતજ્વર (-એનાં લક્ષણ તેના ઉપાયની નીચે બતાવ્યાં છે.)—વાયુ ઉત્પન્ન કરે એવા આહાર વિહાર વગેરેના સેવનથી ઉપજેછે, તથા કોપેલા વાયુનાં (-વાત, પિ-

ત્ત તથા કફ શાથી ઉપજેછે અને તે કોપેલા હોય ત્યારે કેવાં ચિન્હ થાય, એ વિષે આ ગ્રંથમાં વાતાદિ દોષની ચિકિત્સા આગળ કહેવાશે, ત્યાં જોવું.) ચિન્હ તેમાં જણાયછે આ તાવ બહુધા ચોમાસમાં ઉપજેછે.

૨. પિત્તજ્વર—પિત્ત ઉપજાવનારા આહાર વિહાર વગેરેથી ઉપજેછે, તથા તેમાં કોપેલા પિત્તનાં ચિન્હ જણાયછે. આ તાવ બહુધા શરદ્ ઋતુમાં ઉપજેછે.

૩. કફજ્વર.—કફ ઉત્પન્ન કરે એવા આહાર વિહાર વગેરેથી ઉપજેછે, તથા તેમાં કોપેલા કફનાં ચિન્હ જણાય છે. આ તાવ બહુધા વસંતઋતુમાં ઉપજેછે.

૪. વાતપિત્તજ્વર—ઉપર કહેલાં વાતજ્વરનાં અને પિત્ત જ્વરનાં—બન્નેયનાં ચિન્હ જે તાવમાં જોવામાં આવે તેને વાતપિત્તજ્વર જાણવો.

૫. વાતકફજ્વર—વાયુ તથા કફનાં—બન્નેયનાં ચિન્હ જે તાવમાં દેખાય તેને વાતકફજ્વર જાણવો.

૬. પિત્તકફજ્વર—પિત્ત અને કફનાં ચિન્હ જે તાવમાં મળેલા હોય તે.

૭. ત્રિદોષજ્વર—જેમાં વાતપિત્ત અને કફ ત્રણેનાં ચિન્હ દેખાતાં હોય તેને ત્રિદોષજ્વર કહેવો. એ જ્વરમાં વાયુ બળવાન્ હોય તો સાત દિવસ ભારે, પિત્ત બળવાન્ હોય તો દશ દિવસ ભારે અને કફ બળવાન્ હોય તો બાર દિવસ ભારે જાણવા, એટલે એટલી મુદ્દતમાં તાવનું જોર નરમ પડે કે પછી રોગીને આરામ નજ થાય.

૮. અભિન્યાસજ્વર—આ તાવમાં સઘળા દોષ કોપેછે,

અને ઇંદ્રિયોની બધી ક્રિયાઓ નાશ પામેછે. વખતે સંદેહ યુક્ત કાંઈ બોલે. એમાં દિવસ દિવસ પ્રત્યે દોષની વૃદ્ધિ અને જઠરાગ્નિની મંદતા થઇ રોગીનો પ્રાણ જાયછે.

૯. આગંતુજ્વર—વિષ, ઔષધીગંધ, કામ, ભય, શોક. ક્રોધ અભિચાર કે અભિશાપ, ભૂતજ્વર, ગ્રહપીડા, શ્રમ, ક્ષત, દાહ એ રીતે બાર પ્રકારનો છે-એમાં પણ દોષ કોપનાં ચિન્હ જણાયછે માટે તે ઉપરથી ચિકિત્સા કરવાનો નિર્ણય કરવો.

વિષમજ્વર—એનો સમાવેશ ત્રિદોષ જ્વરમાં થઇ જાય છે. એના પાંચ ભેદ છે.

(૧.) સંતત—જે તાવ સાત, દસ કે બાર દિવસ લગી લાગટ આવ્યા કરે પણ ઉતરે નહિ તે.

(૨.) સતત—એક અહોરાત્રમાં બે વખત આવે તે.

(૩.) અન્યેદ્યુ—રાત કે દિવસ બેમાંથી એક વખત આવે તે

(૪.) તૃતીયક (એકાંતરિયો)—એક દિવસને આંતરે આવેતે.

(૫.) ચાતુર્થક (ચોથીઓ)—બે દિવસને આંતરે આવે તે.

જ્વરનું પાચન ઔષધ.

अधुना शृणु तन्वि! लंघनं ज्वरितानां प्रथमं प्रशस्यते ।
मुरपादपधान्यधावनीयुगविश्वौषधपाचनं ततः ॥१६॥

હે નાજુક સ્ત્રી! હવે તું સાંભળ : તાવવાળાને પ્રથમ ઉપવાસ કરવો હિતકર છે. પછી તેલીઓ દેવદાર, ધાણાં, રીંગણી, ભોંયરીંગણી, અને સુંઠ, એ પાંચ ઔષધોનો ક્વાથ તાવને પકવવાને માટે આપવો.

ઉપરના પાંચ ઔષધનો ક્વાથ કરવાનો કહ્યો છે માટે ક્વાથ કરવાનો પ્રકાર આ નીચે બતાવ્યો છે તે પ્રમાણે બધી જગોએ ક્વાથ કરવો.

ચાર તોલા ઔષધ લેઇને તેને થોડું થોડું કચરીને તે ઔષધ કરતાં સોળગણું પાણી તેમાં રેડવું. પછી માટીના વાસણમાં તે ઔષધ તથા પાણી નાખીને ધીમા તાપથી ક્વાથ કરવો. આઠમો ભાગ પાણી રહે ત્યારે થોડું થોડું ગરમ રોગીને પીવા આપવું. ઘણું કરીને ક્વાથાદિક ઔષધો સવારમાંજ ખાવા પીવાનાં હોયછે માટે સવારમાં આઠ તોલા ક્વાથ પીવા આપવો.

देवदारुधनाविश्वाबृहतीद्वयपाचनम् ।
ज्वरपूर्वं पिबेच्चारुपयोधरधराधरे ! ॥१७॥

પર્વત સરખા સુંદર સ્તનવાળી હે સ્ત્રી ! રોગીએ દેવદાર, ધાણા, સુંઠ, બન્ને રીંગણી (રીંગણી અને ભોંયરીંગણી), એ પાચન ક્વાથ જ્વરની પેહેલાં પીવો. અર્થાત્ તાવવાળાએ પ્રથમ એ ઔષધોનો ક્વાથ કરીને તાવ પકવવા માટે પીવો.

ઉપરના શ્લોકમાં કહેલાંજ ઔષધો આમાં છે. ક્વાથનો પ્રકાર અને પીવાનું માપ પણ તે પ્રમાણેજ સમજવું.

વાતાદિ જ્વર ઉપર ક્વાથ.

छिन्नोषधांभोधरधन्वयासैः किराततिक्तांबुदरेणुयासैः ।
विश्वात्रृषांभोधरधन्वयासैः क्वाथो मरुत्पित्तकफज्वरेषु ॥१८॥

ગળો, સુંઠ, મોથ, ધમાસો, એ ચાર ઔષધો સમાન

ભાગે લેઈ તેમાંથી ચાર તોલા ઔષધનો સોળગણા પાણીમાં ક્વાથ કરી અષ્ટમાંશ બાકી રહે ત્યારે તેને વાત જ્વરવાળા રોગીને પાવો. એજ પ્રમાણે પિત્તજ્વરમાં કરિયાતું, કડુ, મોથ, પિત્તપાપડો, અને ધમાસો, એ ઔષધોનો ક્વાથ આપવો. તથા સુંઠ, અરડુસીનાં પાંદડાં, મોથ, ધમાસો એ ઔષધોનો ક્વાથ કફજ્વરમાં આપવો.

વાતજ્વરનું પૂર્વરૂપ—બગાસાં આવીને અને શરીરે કળતર થઈને પછી તાવ આવે ત્યારે તે વાતજ્વર જાણવો. લક્ષણ—નાડી ઘડીમાં ઉતાવળી અને ઘડીમાં ધીમી ચાલે, શરીરમાં કંપારી થાય, ગળું અને ઓઠ સૂકાઈ જાય, ઊંઘ ન આવે, છીંક ન આવે, શરીર લુખુ માલમ પડે, માથું દુખે, શરીરે કળતર થાય, મોઢું બે સવાદ થઇ જાય, ઝાડો કબજ થાય, શૂળ મારે, પેટ ચઢે, બગાસાં આવે, એવાં એવાં થોડાં કે બધાંય ચિન્હ થાય ત્યારે જાણવું કે, એ વાયુનો તાવ અથવા વાતજ્વર છે. એ લક્ષણોથી વાતજ્વર ઓળખીને ઉપર વાતજ્વર માટે કહેલાં ઔષધોનો ક્વાથ તેને આપવો. ઔષધ જુનાં કે સડી ગયેલાં હશે તો ગુણ લાગશે નહિ માટે બનતા સુધી તાજાં મેળવવાં.

પિત્તજ્વરનું પૂર્વરૂપ—અણગમો અને આંખે અગન બળવી. લક્ષણ.—નાડી ઉતાવળી ચાલે, ઝાડો નરમ થાય અને (વખતે) ઘણીવાર થાય, ઊંઘ થોડી આવે, ઉલટી થાય, ગળું, ઓઠ, મોઢું, નાક, એ જગોએ પાક થાય, પરસેવો થાય, લવરી થાય, મોઢું કડવું થાય, મૂર્છા થાય, દાહ (અગન) થાય, તરસ ઘણી લાગે, ઝાડો, મૂત્ર, અને

આંખો પીળાં થાય, ભ્રમ થાય, એવાં એવાં થોડાં કે બધાં ચિન્હ ઉપરથી પિત્તજ્વર ઓળખીને તેને માટે કહેલો ક્વાથ યોજવો.

કફજ્વરનું પૂર્વરૂપ—શરીર ભારે થાય અને ખાવાપર અરૂચિ થાય. લક્ષણ—નાડી ભારે અને ધીમી ચાલે. શરીરે આળસ થાય, મોઢામાં ગળપણ લાગે, પેસાબ ઝાડો તથા નેત્ર ધોળાં થાય, ભૂખ ન લાગે પણ જાણે ખાધેલું હોય તેના જેવી તૃપ્તિ રહે, શરીર ભારે થાય, તાઢ બહુ વાય, ઉલટીના ઉછાળા આવે, અને વખતે ઉલટી થાય, રૂવાં ઉભાં થાય, ઊંઘ બહુ આવે, નાક, કાન, વગેરે છિદ્ર સુજ્જડ જેવાં થઈ જાય, ઝાડો થોડો થાય, શરીરમાંથી ચીકણો પરસેવો નીકળે, જઠરાગ્નિ મંદ પડી જાય, શરીર ઘણું ઉન્હું ન થાય, શરીર નરમ થઈ જાય, કોઈ પદાર્થ ઉપર રૂચિ રહે નહિ, ઉધરસ થાય, એવાં એવાં ચિન્હ બધાંય કે થોડાં થાય તે ઉપરથી કફજ્વર જાણીને શ્લોકમાં કહેલો કફજ્વરનો ક્વાથ પીવા આપવો.

વાતજ્વર ઉપર ક્વાથ.

उशीरकलशीमहौषधकिरातकांभोधर—

स्थिराबृहतिकाद्वयामृतलतात्रिकंटैः कृतम् ।

कषायकममुं पिबेत्पवनजज्वरव्याकुलः

पुमान् दशशतच्छदच्छदमदप्रसल्लोचने ॥१९॥

વીરણવાળો, પૃષ્ટિપર્ણી (પીઠવણ), સુંઠ, કરિયાતુ, મોથ, શાલિપર્ણી, રીંગણી, ભોંયરીંગણી, ગળો, ગોખરૂ, એ

ઔષધોને આખાંપાખાં કચરીને તેનો પાછળ કહ્યા પ્રમાણે (બધી ઔષધિ સમાન લેઈ તેમાંથી ચાર તોલા ઔષધ સોળગણા પાણીમાં માટીના વાસણમાં ઉકાળીએ અષ્ટમાંશ શેષ રહે તે ગાળી લેવું) ક્વાથ કરવો. કમળના પત્રનો મદ નાશ કરે એવાં નેત્રવાળી હે સ્ત્રી! વાયુથી ઉત્પન્ન થયેલા તાવથી પીડાતા પુરૂષે એ ક્વાથ પીવો.

ક્વાથ કરતી વખતે વાસણને ઢાંકવું નહિ. લીલી વનસ્પતિ મળે તો તે વજનમાં બમણી લેવી. વર્ષ ઉપરાંતની જુની વનસ્પતિ લેવી નહિ. શાલિપર્ણી અને પૃષ્ટિપર્ણી મળી આવતી નથી તેને બદલે ઔષધ પ્રતિનિધિમાં કહેલાં ઔષધ લેવાં. રીંગણીઓનાં મૂળ લેવાં. ગળોના વેલા લેવા. ગોખરૂ બોડા લેવા. ક્વાથ સવારમાંજ પીવો. બીજે દહાડે બીજું ચાર તોલા ઔષધ લેઈને તેનો ક્વાથ કરવો.

બીજો ઉપાય.

पीयूषलोकपांचालीचरणानां कषायकः ।

पीयमानः प्रिये हन्ति हनुमज्जनकज्वरम् ॥२०॥

હે પ્રિયે! ગળો, સુંઠ, અને પીપરીમુળના ગંઠોડાના ક્વાથ પીવામાં આવે તો તે હનુમાનના પિતા વાયુથી ઉપજેલા જ્વરનો નાશ કરે.

ક્વાથ કરવા તથા પીવા વિષે પાછળની સૂચના ધ્યાનમાં રાખવી. આ શ્લોક દૃષ્ટકૂટ જેવો છે. એવી રીતે કે, पीयूष–અમૃત, लोक–જગત્ અને पांचालीचरण–દ્રોપદીના પગ. એનો ક્વાથ કાંઈ સંભવતો નથી. તેમ હનુમા-

નના જનક (પિતા) થી કાંઇ જ્વર ઉપજતો નથી માટે એ ન.સમજાય તેવુંછે, પણ વૈદ્યક શાસ્ત્રના કોશ પ્રમાણે पांगूषं-ગળો, लोक-સુંઠ, અને पाञ्चालीचरण-પીપરીમૂળ, તથા हनुमज्जनक-વાતદોષ એવાં લક્ષણોવડે અર્થ કરવાથી શ્લોકાર્થ સંભવિત થાયછે.

વાતપિત્તજ્વર ઉપર 'પંચભદ્ર' ક્વાથ.

छिन्नोद्भवापर्प्पटवारिवाहभूनिम्बशुंठीजनितः कषायः ।
समीरपित्तज्वरजर्ज्जराणां करोति भद्रं खलु पञ्चभद्रः ॥२१॥

ગળો, ધાસિયોપિત્તપાપડો, મોથ, કરિયાતું, સુંઠ, એ પાંચ ઔષધથી બનેલો, 'પંચભદ્ર' નામે ક્વાથ, વાતપિત્તજ્વરથી જે ઘસાઈ ગયો હોય તેનું આરોગ્યરૂપ કલ્યાણ જરૂર કરેછે.

વાતપિત્તજ્વરનું લક્ષણ–કંઠ અને મુખમાં શોષ થાય, તરસ લાગે, દાહ, મૂર્છા, ઉલટી, અને ભ્રમ થાય, ઉંઘ ન આવે, આંખે અંધારાં આવે, સાંધાઓમાં કળતર થાય, માથું દુખે, એ લક્ષણોવાળા તાવને વાતપિત્તજ્વર જાણવો.

પિત્તજ્વર ઉપર ક્વાથ.

एक एव खलु पैत्तिकज्वरं हन्ति पर्प्पटकृतः कषायकः ।
चन्दनोदकमहौषधान्वितश्चेत्तदा किमु पुनर्विचारणा ?॥२२॥

એકલો પિત્તપાપડાનોજ ક્વાથ પિત્તજ્વરનો નાશ કરે છે; જો તેમાં રતાંજળી, વીરણવાળો અને સુંઠ ભળેલાં હોય તો પછી વિચારજ શો કરવો ? અર્થાત્ તો તો નિશ્ચય પિત્તજ્વર નાશ પામેજ.

એકલા પિત્તપાપડાનો અથવા પિત્તપાપડો, રતાંજળી, વીરણવાળો અને સુંઠ એમનો ક્વાથ પિત્તજ્વરને મટાડે છે. પિત્તજ્વરનું લક્ષણ પાછળ કહેલુંછે.

मृगमदविलसल्ललाटमध्ये ! मृगमदहारिणि ! लोचनद्वयेनं।
मृगनृपतितनूदरश्रि ! पित्तज्वरमहह ! याति रैणवः कषायः २३

કસ્તુરીવડે જેના કપાળનો મધ્ય ભાગ શોભેછે એવી તથા બન્ને નેત્રવડે હરિણના ગર્વને હરનારી, અને સિંહના જેવા નાના પેટની શોભાવાળી હે સ્ત્રી ! (એકલા) પિત્તપાપડાનો ક્વાથ પિત્તજ્વરને મટાડેછે, એ કેવું આશ્ચર્ય છે !!

मानं त्यज प्रेयसि ! मन्दवा**यु**—
ज्व**ल**ल्लतासङ्घमनर्घ्यहा**रे** ।।
रेवातटं पश्य रमस्व वे**णु**—
क्काणो यतोऽत्रास्ति निरस्तपान्**थः** ॥२४॥

હે પ્રિય સ્ત્રી ! રીસ છોડી દે અને અમૂલ્ય હાર ધારણ કરનારી હે સ્ત્રી ! ધીમા પવનથી શોભતી વેલીઓના સમુદાયવાળો આ નર્મદાનો કિનારો જો અને મારી સાથે રમ; કેમકે અહીં વાંસમાંથી થતો શબ્દ માત્ર સાંભળવામાં આવેછે તે એવું સૂચવેછે કે, અહીં કોઈ મુસાફર જતો આવતો નથી.

આ શ્લોકમાંનો પેહેલો તથા છેલ્લો અક્ષર લેઈને વાંચવાથી "मायुज्वरे रेणुक्काथः" એવું વાક્ય નીકળેછે. તેનો અર્થ એવો થાયછે કે, 'પિત્તજ્વરમાં પિત્તપાપડાનો ક્વાથ'

આપવો. એ રીતે કવિએ એકજ શ્લોકમાં માનવિપ્રલંભ-શૃંગાર, ઔષધિકથન તથા અંતર્લાપિકાની યુકિત કરીછે.

એજ ઔષધનું બીજે પ્રકારે કથન.

आरोग्यलक्ष्मीरुपयाति पित्तज्वरातुरं रेणुकषायभाजम् ।
मां त्वं यथा रत्नकले! स्मरार्त्ता कृतप्रकोपप्रशमा सखीभिः २५

હે રત્નકળા ! તારી સખીઓની મારફત જ્યારે હું તારી રીસ તજાવુંછું ત્યારે કામથી પીડિત થયેલી તું જેમ મારી પાસે આવેછે, તેજ પ્રમાણે પિત્તપાપડાના ક્વાથનું સેવન કરનાર પિત્તજ્વરથી પીડિત થયેલા માણસ પાસે આરોગ્યલક્ષ્મી (તંદુરસ્તીરૂપી દોલત અથવા નીરોગીપણા સંબંધી શોભા) આવેછે.

આ શ્લોકમાં પણ સંભોગશૃંગારના વર્ણનરૂપ ઉપમાનથી પિત્તજ્વરવાળા રોગીને પિત્તપાપડાનો ક્વાથ આપવાનું કહેલુંછે.

ઉપદ્રવયુક્ત પિત્તજ્વરનો ક્વાથ.

द्राक्षापर्प्पटराजवृक्षकटुकामुस्ताभयानां जलं
मूर्छाशोषनिदाघतृट्प्रलपनभ्रान्त्याढ्यपित्तज्वरे ।
दुःस्पर्शप्रमदाकिरातकटुकासिंहास्यरेणूद्भवः
क्वाथः शर्करयान्वितो हरति तृट्दाहास्रपित्तज्वरान् २६

દ્રાક્ષ, પિત્તપાપડો, ગરમાળો, કડુ, મોથ અને હરડેનો ક્વાથ, મૂર્છા, શોષ, દાહ, તરસ, લવારી, અને ભ્રાંતિયુક્ત પિત્તજ્વરમાં પીવાને આપવો. તેમજ ધમાસો, અતિવિ-

ખની કળી, કરિયાતુ, કડુ, અરડુસી, પિત્તપાપડો, એ ઔ-ષધોનો ક્વાથ સાકર સહિત રોગીને પાવાથી તરસ, દાહ અને રક્તપિત્ત (નાક, મુખ વગેરે દ્વારથી લોહી પડવાનો ઉપદ્રવને રક્તપિત્ત કહેછે) સહિત પિત્તજ્વરનો નાશ કરેછે.

દ્રાક્ષ કાળી લેવી; ગરમાળાની સીંગોના કકડા કરીને અથવા તેને ભાગી નાખીને ક્વાથમાં નાખવી; કડુ વાહા-ણવટી લેવું; હરડે મોટી લેવી; અતિવિખની કળી લેતાં સાવચેતી રાખવી કે તેને બદલે વછનાગ ન આવે. प्रमदा શબ્દનો અર્થ કેટલાક વૈદ્યો ' કાંગ ' કહેછે પણ તે અર્થ આ જગોએ ન કરવો એમ વૃદ્ધ વૈદ્યોનું કહેવુંછે. અરડુસીની છાલ અથવા પાનાં લેવાં. આ શ્લોકમાં પિત્તજ્વરનાં બે ઓષધ બતાવ્યાં છે: એક દ્રાક્ષાદિ ક્વાથ અને બીજો ધ-માસાદિ ક્વાથ. ક્વાથ કરવાનો તથા પીવાની માત્રાનો વિધિ પાછળ કહેલોછે. ધમાસાદિ ક્વાથમાં સાકર ના-ખીને તે પીવાનો કહેલો છે માટે ક્વાથમાં સાકર નાખ-વાનો નિયમ બતાવીએ છીએ: વાયુના રોગના ક્વાથમાં સાકર નાખવી હોય તો ક્વાથથી ચોથે ભાગે નાખવી, પિ-ત્તના રોગના ક્વાથમાં આઠમે ભાગે અને કફના રોગના ક્વાથમાં સોળમે ભાગે નાખવી. અહીં પિત્તજ્વરનો ક્વાથ છે માટે આઠ તોલા ક્વાથમાં (આઠમે ભાગે) એક તોલો સાકર નાખીને તે ક્વાથ પીવો.

પિત્તજ્વરનો બીજો ક્વાથ.

अहो किमर्थं बहवः कषायाः पराशराद्यैर्मुनिभिः प्रदिष्टाः ।
छिन्नाभयापर्प्पटतोयपानात् पित्तज्वरः किं न सरीसरीति ? २७

અમને આશ્ચર્ય લાગેછે કે પરાશર વગેરે વૈદ્યાચાર્યોએ ઘણુંક ક્વાથ શું કરવા બતાવ્યાછે! હરડે, ગળો અને પિત્તપાપડાનો ક્વાથ પીવાથી પિત્તજ્વર શું નથી ભાગી જતો? અર્થાત્ ભાગીજ જાયછે. પિત્તજ્વરવાળાએ ગળો, હરડે અને પિત્તપાપડાનો ક્વાથ પીવો એ તાત્પર્યછે. અહીં અને બીજે ઠેકાણે પણ જ્યાં ગળો લેવાની કહિ હોય ત્યાં થોર, ખરસાંડી, વગેરે ઝાડ ઉપર પથરાયલી ગળો ન લેતાં લીંબડો, આંબલી, વગેરે ઉપરની લેવી. લીંબડા ઉપરની ગળો સારી ગણાયછે.

દાહજ્વર ઉપર 'ષડંગ' ક્વાથ.

जलजलजलवाहरेणुविश्वौषधशिशिरैः सहितं षडङ्गमेतत् ।
सपदि सुखकरं सदा सदाहज्वरतृषि योज्यमिदं नवज्वरेऽपि २८

કાળોવાળો, ધોળો વાળો (વીરણવાળો), મોથ, પિત્તપાપડો, સુંઠ, રતાંજળી, એ સઘળું સમાન ભાગે લઈને તેનો ક્વાથ કરવો. એ ક્વાથને 'ષડંગ' ક્વાથ કહેછે. એ ષડંગ ક્વાથ તત્કાળ સુખ કરનારો છે માટે એને તરસ સહિત દાહજ્વરમાં તેમ નવા આવેલા તાવમાં પણ યોજવો—રોગીને પાવો.

દાહજ્વરની તૃષામાં એ વિશેષે કરીને પીવા જેવો છે. વાળો વગેરે છ ઔષધ એમાં છે માટે એને છ અંગવાળો (ષડંગ) ક્વાથ કહેછે. ચાર તોલા ઔષધનો ક્વાથની વિધિ પ્રમાણે ક્વાથ કરીને તેને ઠંડો પાડીને રોગીને પીવા આપવો. કેટલાક વૈદ્યો એમ પણ કહેછે કે, ચાર તોલા

ઔષધ લેઈને તેને ૨૫૬ તોલા પાણીમાં ઉકાળીને તેમાં-
થી અરધું પાણી રહે ત્યારે તેને ઠંડું પાડી દાહજ્વર
વાળાને જ્યારે જ્યારે તરસ લાગે ત્યારે પીવા આપવું.
આ શ્લોકને કેટલાક આ પ્રમાણે પણ બોલેછેઃ—

जलजलजलवाहरेणुविश्वौषधशिशिरैः सहितं षडङ्गमेतत् ।
शृतहिममिव गाङ्गमम्बु तृष्णाज्वरशमनं खलु पीतमाशु कुर्यात् ॥

કાળો વાળો, વીરણવાળો, મોથ, પિત્તપાપડો, સુંઠ, ર-
તાંજળી, એ સર્વે મળીને જે ષડંગ થાયછે તેને ઉકાળીને ઠં-
ડું પાડી પીધું હોય તો તે ગંગાજળની પેઠે તરસ યુક્ત
જ્વરને નિશ્ચય તત્કાળ શમાવેછે.

એજ ઔષધનું બીજે પ્રકારે કથન.

पयः शुण्ठी पयः शीतं पयो रेणु पयोमुचं ।
षडङ्गं शृतशीतं स्यात्सद्यस्तृष्णा विनाशनम् ॥२९॥

સુંઠ, ધોળો વાળો, રતાંજળી, કાળો વાળો, પિત્તપાપ-
ડો, મોથ, એ ષડંગને ઉકાળીને તેનું ઠંડું પાડેલું પાણી
(પીવાથી) તત્કાળ તરસનો વિનાશ કરેછે.

પિત્તકફ જ્વર ઉપર ક્વાથ.

लोहितचन्दनपद्मकधान्यच्छिन्नरुहापिचुमन्दकषायः ।
पित्तकफज्वरदाहपिपासावान्तिविनाशहुताशकरः स्यात् ॥३०॥

રતાંજળી, પદ્મકાષ્ઠ, ધાણા, ગળો, લીંબડાની અંતરછા-
લ, એ ઔષધો સમાન ભાગે લેઈને તેનો ક્વાથ કર્યો હોય
તો તે પિત્તકફજ્વર દાહ, તરસ, ઉલટી, એ સહુનો નાશ
કરેછે તથા જઠરાગ્નિને પ્રદિપ્ત કરેછે.

પિત્તકફજ્વરનું લક્ષણ—તાઢ વાય, દાહ, ઘેન, મૂર્છા. ખાંસી, અને અન્ન ઉપર અરૂચિ થાય, તરસ ઘણી લાગે, મોઢું ચીકણું અને કડવું થઈ જાય, એ વગેરે લક્ષણોથી જાણવું કે, એ તાવ પિત્ત તથા કફ બે દોષ એકઠા મળવાથી થયોછે.

દાહજ્વર ઉપર લેપ.

सहस्रधौतेन घृतेन दिग्धदेहस्य दाहः कृशतां बिभर्ति ।
अन्याङ्गनासङ्गमसादरस्य स्वीयेषु दारेषु यथाभिलाषः ॥३१॥

જેમ પરસ્ત્રીનો સંગમ કરવામાં પ્રીતિવાળા પુરૂષની ઇચ્છા પોતાની સ્ત્રી ઉપરથી કમી થઈ જાયછે તેમ, હજાર વાર ધોએલું ઘી જેના શરીરને ચોળ્યું હોય તેનો દાહ પણ કમી થઈ જાયછે.

બીજો ઉપાય.

तृड्दाहमोहाः प्रशमं प्रयान्ति निम्बप्रवालोत्थितफेनलेपात् ।
यथा नराणां धनिनां धनानि समागमाद्वारविलासिनीनाम् ३२

જેમ વારાંગનાઓના સમાગમથી ધનવાન્ પુરૂષોનાં ધન નાશ પામેછે તેમ, લીંબડાની કુંપળોને પાણીમાં વલોવીને તેનું ફીણ શરીરે ચોળવાથી તરસ, દાહ અને મોહ, એ પિત્તજ્વરના ઉપદ્રવો શમી જાયછે–નાશ પામેછે.

પિત્તજ્વર ઉપર ક્વાથ.

द्राक्षारग्वधयोः क्काथः पीतः पित्तज्वरापहः ।
पर्पटाब्दामृतातिक्तायुक्तश्चेत्किं सुधा ततः ॥३३॥

દ્રાક્ષ અને ગરમાળાનો ક્વાથ પીધો હોય તો પિત્તજ્વ-

રને દૂર કરનારો છે; પછી તે ક્વાથ જો પિત્તપાપડો, મોથ, ગળો, અને કડુ, એ ઔષધોથી યુક્ત હોય તો પછી અમૃત પણ શો ગુણ કરનારૂં હતું? અર્થાત્ દ્રાક્ષ, ગરૂમાળો, પિત્તપાપડો, મોથ, ગળો અને કડુ એ સર્વનો ક્વાથ પિત્તજ્વરવાળાને અમૃત સરખો ગુણ આપેછે.

अमलैः कमलैरथानिलैरलसैः पुष्परजःसमन्वितैः ।
जलकेलिकथाकुतूहलैरपि पित्तज्वरजा रुजो जयेत् ॥३४॥

નિર્મળ કમળોનો સ્પર્શ કરવાથી કે તેને ખીલેલાં જોવાથી, પુષ્પના પરાગસહિત (સુગંધી) મંદ વાયુના સ્પર્શથી, જળક્રીડા કરવાથી અથવા ફુહારા વગેરે જળની રમતો જોવાથી, મનોરંજક કથાઓ સાંભળવાથી, કૌતુક જોવાથી કે, સાંભળવાથી,—એ સઘળાંવડે પણ પિત્તજ્વરના ઉપદ્રવોને જીતી શકાયછે—મટાડી શકાયછે.

श्रीखण्डमण्डितकलेवरवल्लरीणां
मुक्ताफलाकुलविशालकुचस्थलीनाम् ।
वैदग्ध्यमुग्धवचसां सुविलासिनीना—
मालिङ्गनं सकलदाहमपाकरोति ॥३५॥

ચંદનવડે જેમની શરીરરૂપી વેલી અલંકૃત છે તથા મોતીના હારવડે જેની વિશાળ કુચસ્થલી (છાતી) ભરેલી છે, તેમજ બોલવાની ચતુરાઈવડે જેનાં વચન મોહ ઉપજાવે એવાં છે, એવી સુંદર તરૂણીઓનાં આલિંગન સઘળા દાહને દૂર કરેછે.

शय्या पल्लवपद्मपत्ररचिता वासो वयस्यैः समं
कान्तारे कुसुमस्फुरत्तरुवरे वीणान्वितं गायनम् ।
आलापाश्च शुकालिकोकिलकृताः कान्ताश्च कान्ताकथा
वाताश्चामलवालजव्यजनजा दाघं निराकुर्वते ॥३६॥

કમળનાં કોમળ પત્રથી રચેલી શય્યા, સમાન વયના મિત્રોની સાથે નિવાસ, પુષ્પથી શોભાયમાન ઉત્તમ વૃક્ષોવાળા વનમાં વીણા લેઈને કરેલું ગાયન, તથા ત્યાં પોપટ, ભમરા અને કોયલના આલાપ, મનોહર સ્ત્રીઓ, સ્ત્રીઓ-સંબંધી કથાઓ અથવા મનોહર કથાઓ, તથા નિર્મળ વીરણવાળાના વીંજણાથી નાખેલા વાયુ, એ સર્વે દાહને દૂર કરેછે.

શ્લોકમાંના બીજા ચરણને ઠામે, "कान्तारे कुसुमस्फुरत्तरुवरे वापीजलालोकनं" એવો પણ પાઠ છે. તેનો અર્થ એમ થાય કે "પુષ્પથી શોભાયમાન ઉત્તમ વૃક્ષોવાળા વનમાં બાંધેલાં તળાવનાં જળને જોતા બેસવું."

अयि नितम्बिनि! गायनलालसे! मधुरवाणिनि! काममदालसे!
वपुषि दाहवतां विहितं हितं हिमहिमांशुजलैरनुलेपनम्॥३७॥

હે વખાણવા યોગ્ય નિતંબવાળી ! હે ગાવામાં પ્રીતિ-વાળી ! હે મધુર વચન બોલનારી ! અને કામ સંબંધી મદવડે અતિ આળસવાળી હે સ્ત્રી ! જે પુરૂષોને શરીરે દાહ થયો હોય તેમને શરીરે સુખડનું ચંદન, કપૂર અને વીરણવાળો, એ સર્વનું લેપન કરવું તે હિતકરછે.

આ શ્લોકના ત્રીજા ચરણને ઠેકાણે "हरति दाहमघर्म-

करानने!"–"હે ચંદ્રમુખિ! (ચંદન, કપૂર અને વાળા-નું લેપન) દાહને હરેછે" એવો પણ પાઠ છે. લેપ કરવા માટે ત્રણે ઔષધીઓ સમાન લેવી તથા ઠંડા જળમાં ઘશીને તેનો શરીરે લેપ કરવો. લેપ કરતાં વધેલો ભાગ સુકાઈ ગયો હોય તો તેને પાણીમાં પલાળીને ફરીને ઉપયોગમાં લેવો નહિ.

शुभ्राभ्रविभ्रमधरे शशाङ्ककरसुन्दरे ।
चन्दनैश्चर्चिते हर्म्ये स्वापस्तापमपोहति ॥३८॥

ધોળાં વાદળાંના જેવી શોભાને ધારણ કરનારા અથવા જેને જોઈને ધોળાં વાદળાંનો ભ્રમ થાય એવા ચંદ્રના કિરણો સમાન સુંદર અથવા ચન્દ્ર કિરણવડે શોભાયમાન તથા ચંદનથી ચર્ચિત અર્થાત્ સુવાસિત હવેલીમાં સુઇ રહેવાથી દાહ દૂર થાયછે.

અંતર્દાહ ઉપર હિમ.

यदि पर्युषितं धान्यसलिलं सितया सह ।
प्रभातसमये पीतमन्तर्दाहं विनाशयेत् ॥३९॥

જો રાત્રે પાણીમાં ધાણાને પલાળી રાખીને તે પાણી સવારમાં સાકર સાથે પીવામાં આવે તો અંતર્દાહ (છાતીમાં અગન બળતી હોય તે) મટાડેછે.

આ પાણી તે ધાણાનો હિમ કહેવાયછે. ચાર તોલા ઔષધી લાવીને તેને સારી કચરીને ચોવીસ તોલા પાણીમાં રાત્રે માટીના વાસણમાં (ખુલ્લી જગામાં) પલાળી મૂકવી. સવારે ગાળી લેઈ તેમાંથી આઠ તોલા પીવી.

એજ રીતે ધાણા પણ આશરે દોઢ તોલો લેઇને તેને છગણા પાણીમાં પલાળી તેમાં, કવાથવિધિમાં કહ્યા પ્રમાણે (વાતરોગ હોય તો ચોથે ભાગે–બે તોલા, પિત્તરોગ હોય તો આઠમે ભાગે–એક તોલો અને કફરોગ હોય તો સોળમે ભાગે ૦॥ તોલો) સાકર નાખીને પીવું.

पित्तज्वरे किं रसफान्टलेपैः किं वा कषायैरमृतेन किं वा ।
पेयं प्रियाया मुखमेकमेव लोलिम्बराजेन सदानुभूतम् ॥४०॥

પિત્તજ્વરમાં રસ, ફાંટ, લેપ, કવાથ અને અમૃતનો પણ શો ઉપયોગ છે? (ત્યારે શું કરવું તો), લોલિંબરાજે જેનો સદા અનુભવ કરેલો છે એવું પ્રિયાના મુખનું જ માત્ર પાન કરવું. અર્થાત્ ચુંબનાદિ વિલાસ કરવા.

આ ઉપાય કામથી ઉત્પન્ન થયેલા પિત્તજ્વરનો છે; બીજા હેતુથી થયેલા પિત્તજ્વરમાં આ ઉપાય કામનો નથી.

એજ ઉપાયનું બીજે પ્રકારે કથન.

प्राणप्रेयासि ! मा पिबन्तु पुरुषा पित्तज्वरव्याकुला
नानावल्लिजलं विलम्बितफलं पाने विषादप्रदम् ।
तत्तैः किं क्रियतां चिकित्सकपते ! मुग्धे ! सुखं सेव्यतां
सद्यस्तापहरः सुधाधिकतरः कातान्धरः केवलम् ॥४१॥

પ્રાણ સમાન વહાલી હે સ્ત્રી ! જે પુરૂષો પિત્તજ્વરથી પીડાયેલા હોય તેમણે ભાતભાતની વેલીઓના (અર્થાત્ વનસ્પતિયોના) કવાથ, જે ઘણી મુદતે ફાયદો આપેછે તથા પીતાં ઘણું કષ્ટ આપેછે, તે પીવા નહિ. (સ્ત્રી કહેછે કે,) હે વૈદ્યનાથ ! ત્યારે તેમણે શું કરવું ? (પતિ કહેછે)

હે મુગ્ધે! તાપને તરતજ મટાડનારો અને અમૃત કરતાં પણ અધિક સ્વાદવાળો સ્ત્રીનો અધર (નીચલો ઓઠ) માત્ર તેમણે સુખથી સેવવો.

कान्ताकटाक्षदग्धानां वद वैद्य! किमौषधम्।
दृढमालिङ्गनं पथ्यं क्वाथश्चाधरचुम्बनम् ॥४२॥

હે વૈદ્ય! જે પુરૂષો સુંદર સ્ત્રીઓના કટાક્ષવડે દગ્ધ થયા હોય, અર્થાત્ જેમને કામજ્વર સંબંધી દાહ થયો હોય તેમણે શું ઔષધ કરવું તે કહો? (વૈદ્ય ઉત્તર આપેછે) સ્ત્રીને દૃઢ આલિંગન કરવું એ પથ્ય અને તેના અધરોષ્ઠનું ચુંબન એ ક્વાથ જાણવો. મતલબ કે, જ્વરનો હેતુ દૂર કરવો એ એનો ઉપાય છે.

अतनुज्वरपीडितासि बाले! तव सौख्याय मतो ममोपवासः।
रसमर्पय वैद्यनाथ! नाहं भवदावेदितलङ्घने समर्था ॥४३॥

હે સ્ત્રી! તું કામજ્વરથી પીડાયલી છે માટે હું જો તારા સમીપમાં વસું તો તેથી તને સુખ થશે એમ મારૂં ધારવું છે. સ્ત્રી.—ત્યારે તો હે વૈદ્યનાથ! આપના સમાગમનો આનંદ આપો, કેમકે, આપની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાને હું સમર્થ નથી.

બીજો અર્થ.—હે સ્ત્રી! તું ભારે તાવથી પીડાયલી છે, માટે તું ઉપવાસ કરે તો તને સુખ થાય એમ મારૂં ધારવું છે. સ્ત્રી.—હે વૈદ્યનાથ! 'વિશ્વતાપહરણ' વગેરે કોઈ રસ આપો, કેમકે, આપે જે ઉપવાસ કરવાની મને આજ્ઞા કરી તે કરવાને હું અશક્ત છું.

વાતપિત્ત જ્વર ઉપર ક્વાથ.

पञ्चमूल्यमृतामुस्ताविश्वाभूनिम्बसाधितः ।
कषायः शमयत्याशु वातपित्तभवं ज्वरम् ॥४४॥

પંચમૂલ, ગળો, મોથ, સુંઠ, કરિયાતું, એ ઔષધોથી તૈયાર કરેલો ક્વાથ વાતપિત્ત જ્વરને તત્કાળ શમાવેછે.

શાલિપર્ણી, પૃષ્ટિપર્ણી, રીંગણી, ભોંયરીંગણી, ગોખરૂ, એ પાંચનાં મૂળનું 'પંચમૂળ' એવું નામ છે. માટે જ્યાં જ્યાં 'પંચમૂળ' કહેવામાં આવે ત્યાં ત્યાં એ પાંચ લેવાં. ક્વાથમાં કહેલી નવે વનસ્પતિઓ સમાન લેઈને તેમાંથી ચાર તોલાનો ક્વાથ સોળગણા પાણીમાં કરી અષ્ટમાંશ શેષ રાખી પીવું.

કફજ્વરમાં અવલેહ.

शृङ्गीकणाकट्फलपौष्कराणां क्षौद्रान्वितानां विहितोऽवलेहः।
श्वासेन कासेन युतं बलासज्वरं जयेदत्र न कापि शङ्का॥४५॥

કાકડસીંગ, પીંપર, કાયફળ, પુષ્કરમૂળ, એ ચાર ઔષધીઓનું બારીક ચૂર્ણ કરીને તેમાં મધ નાખીને તેનું ચાટણ કર્યું હોય તો તે શ્વાસ અને ખાંસી યુક્ત કફજ્વરનો નાશ કરેછે; એમાં કાંઇ પણ સંશય રાખવો નહિ.

શ્લોકમાં કહેલાં ઔષધો સમાન ભાગે લેઈને તેના વસ્ત્રગાળ કરેલા એક તોલા ચૂર્ણમાં બે તોલા મધ મેળવીને સવારમાં ચાટી જવું. એ રીતે કફજ્વર મટતા સુધી નિત્ય ચાટવું.

भार्गीगुडूचीघनदारुसिंही शुण्ठीकणापुष्करजः कषायः ।
ज्वरं निहन्ति श्वसनं क्षिणोति क्षुधं करोति प्ररुचिं तनोति४६

ભારંગ, ગળો, મોથ, દેવદાર, રીંગણી, સુંઠ, પીપર, અને પુષ્કરમૂળ, એ ઔષધો સમાન ભાગે લેઇ ચાર તોલા ઔષધનો ક્વાથ ચોસઠ તોલા પાણીમાં કરી આઠ તોલા રહે ત્યારે ગાળી લેઈ પીવો. એ ક્વાથ તાવનો નાશ કરેછે, શ્વાસનો ક્ષય કરેછે, ભૂખ ઉત્પન્ન કરેછે અને રૂચિ વધારેછે.

मम द्वयं विस्मयमातनोति तिक्ता कषायो मुखतिक्तताघ्नः।
निपीडितोरोजसरोजकोशा योषा प्रमोदं प्रचुरं प्रयाति ॥४७॥

બે વાતો મને આશ્ચર્ય પમાડેછે: એક તો એ કે, કડુનો ક્વાથ પીવાથી મોઢાની કડવાશનો નાશ થાયછે (એટલે મુખનો કડવાટ મટાડવાને મુખને કડવું કરવું) તે, તથા બીજું,—સ્તન રૂપી કમળના દોડાનું પીડન કરવાથી સ્ત્રી વધારે આનંદ પામેછે (કોઇ પણ અંગનું પીડન કરવાથી દુઃખ થવું જોઈએ તેને બદલે અહીં સ્ત્રીને સુખ થાયછે) તે.

પિત્તજ્વરવાળાનું મુખ કડવું થઈ જાયછે, તેણે ચાર તોલા કડુનો ક્વાથ કરીને તે ક્વાથ આઠ તોલા પીવો.

વાતકફમાં કટ્ફલાદિ ક્વાથ.

क्वाथः कट्फलकत्तृणाब्दधनिकाश्रृङ्गयुग्रगन्धाभया–
भार्गीपर्पटविश्वदेवतरुजो बाल्हीकमध्वान्वितः ।

कास श्वासमुखामयज्वरचलश्लेष्मप्रकोपं हरेत्
तद्वत्कोमल कण्ठिः कण्ठजनितां पीडां च जेजीयते ॥४८॥

કાયફળ, રોહિસ ઘાસ, મોથ, ધાણા, કાકડાસીંગ, ઘોડાવજ, હરડે, ભારંગ, પિત્તપાપડો, શુંઠ, દેવદાર, એ અગિયાર ઔષધોને સમાન ભાગે લેઈ કચરીને તેમાંથી ચાર તોલાનો ક્વાથ કરી આઠ તોલા ક્વાથમાં ચાર માસા ફૂલાવેલી હિંગનુ ચૂર્ણ તથા આશરે બે તોલા મધ નાખીને પીવો. હે કોમળ કંઠવાળી સ્ત્રી ! એ ક્વાથ ખાંસી, શ્વાસ, મુખના રોગ, તાવ, વાયુ અને કફનો પ્રકોપ હરેછે, તેમજ કંઠમાં થયેલી પીડાનો પણ નાશ કરેછે.

ક્વાથમાં મધ નાખવાની જરૂર પડે તો, વાયુના પ્રકોપમાં ક્વાથની માત્રા કરતાં સોળમે ભાગે, પિત્તમાં આઠમે ભાગે, અને કફમાં ચોથે ભાગે નાખવું. અહીં કફનો પ્રકોપ માનીને બે તોલા મધ નાખવાનું કહ્યુંછે, પણ કદાચ વાયુનું પ્રબળ અધિક માલમ પડે તો સોળમે ભાગે એટલે ૦॥ તોલો મધ નાખવું. કેમકે દ્વિદોષ કે ત્રિદોષમાં પણ જે દોષ વધારે બળવાન્ હોય તે ઉપર આધાર રાખીને ચિકિત્સા કરવાની હોયછે. હિંગ વગેરે નાખવાનો નિયમ પણ અહીં બતાવીએ છીએ. જીરૂં, ગુગળ, જવખાર, સિંધવ, શિલાજિત, હિંગ, ત્રિકટુ (સુંઠ, પીપર, મરી), એમાંના કોઈ પદાર્થનું ચૂર્ણ ક્વાથમાં નાખવું હોય તો ચાર માસા નાખવું.

અરૂચિનો ઉપાય.

गम्यते क्व गजगामिनि ! त्वया मद्वचः शृणु कवीन्द्र ! कथ्यताम्
साज्यसैन्धवमरोचकापहं मातुलुङ्गफलकेसरं स्मृतम् ॥४९॥

હાથીના જેવી ચાલવાળી હે સ્ત્રી ! તું કયાં જાય છે ? મારૂં વચન સાંભળ; સ્ત્રી.—હે કવીંદ્ર ! કહો. કવિ.—બીજોરાના ફળના ગર્ભમાં ઘી તથા સિંધવ નાખીને ખાવાથી અરૂચિનો નાશ થાય છે.

બીજોરાનો ગર્ભ બે તોલા લેવો તથા તેમાં આઠ માસા ઘી અને આઠ માસા અથવા રૂચિકર લાગે તેટલો સિંધવ નાખવો.

એજ ઉપાયનું બીજે પ્રકારે કથન.

अरुचिं यति लुङ्गकेसरं सघृतं सैन्धवचूर्णचर्चितम् ।
रुचिमम्बुरुहस्य तन्वि ! ते नयनं संजनरञ्जन यथा ॥५०॥

હે નાજુક સ્ત્રી ! સજ્જનને રંજન કરનારૂં તારૂં નેત્ર જેમ કમળની શોભાનો નાશ કરે છે (તારા નેત્ર આગળ કમળની શોભા જેમ ક્ષીણ થઇ જાયછે) તેમ ઘી સહિત ને સિંધવના ચૂર્ણથી યુકત બીજોરાનો ગર્ભ પણ અરૂચિનો નાશ કરેછે.

એજ ઉપાયનું ત્રીજે પ્રકારે કથન.

शमयति केसरमरुचिं सलवणघृतमाशु मातुलुङ्गस्य ।
दाडिमचर्वणमथवा, चरको रुचिकारि सूचयामास ॥५१॥

ઘી અને સિંધવ સહિત બીજોરાનો ગર્ભ અરૂચિને તત્કાળ શમાવે છે. અથવા દાડિમનાં બીજ ખાવાં એ પણ

રૂચિ ઉત્પન્ન કરનારાંછે, એમ ચરક મુનિયે કહેલુંછે.

બીજો ઉપાય.

सुतनु ! सैन्धववह्निजमिश्रितं सुमुखि ! लुङ्गफलान्तरकेसरम्।
चलकफारुचिशोषजडत्वहृत् प्रथितखञ्जनगञ्जनलोचने! ।५२।

હે સુંદર શરીરવાળી સ્ત્રી! હે સુંદર મુખવાળી! હે વિશાળ તથા ખંજન પક્ષીને જીતે એવાં નેત્રવાળી સ્ત્રી! સિંધવ અને મરીઆંના ચૂર્ણથી મિશ્રિત બીજોરાનો ગર્ભ વાયુ, કફ, અરૂચિ, શોષ, અને જડત્વ, એ વિકારોનું હરણ કરનારોછે.

બે તોલા બીજોરાના ગર્ભમાં સ્વાદીષ્ટ થવા પુરતાં મરી અને સિંધવ નાખવાં, અથવા ત્રણે ઔષધો સમાન લેઇ બે તોલા ખાવું.

સન્નિપાતનો ઉપાય.

ग्रन्थीन्द्रजामरपुरक्रिमिशत्रुभार्ङ्गी—
भृङ्गत्रिकट्वनलकट्फलपौष्कराणाम् ।
रास्नाभयाबृहतिकाद्वयदीप्यभूत—
केशीकिरातकवचाचविकावृकीणाम् ॥५३॥
क्वाथो हन्यात्सन्निपातान् समस्तान्
बुद्धिभ्रंशस्वेदशैत्यप्रलापान् ।
शूलाध्मानं विद्रधिश्लेष्मवातान्
वातव्याधीन् सूतिकानां च तद्वत् ॥५४॥

પીંપરીમૂળ, ઇંદ્રજવ, દેવદાર, ગુગળ, વાવડીંગ, ભા-

રેંગ, ભાંગરો, સુંઠ, પીપર, મરી, ચિત્રો, કાયફળ, પુષ્કરમૂળ, રાસના, હરડે, રીંગણી, ભોંયરીંગણી (ભોટીંગણી), અજમોદ, નગોડ, કરિયાતુ, ખોરાસાની વજ, ચવક, પાહાડમૂળ, એ સર્વે ઔષધો સમાન લેઈને તેની ચાર ચાર તોલાની પડીઓ કરવી. એક પડીને સોળગણા પાણીમાં કવાથ કરીને તે અષ્ટમાંશ રહે ત્યારે પીવો. એ કવાથ સઘળા પ્રકારના સન્નિપાતને, બુદ્ધિભ્રંશને, પરસેવાને, શીતને, લવારીને, શૂળને, પેટ ચઢતું હોય તેને, પેટમાં વિદ્રધિ નામે ગાંઠ થાયછે તેને, કફને, વાયુને, અને તેજ પ્રમાણે સૂવાવડીના વાયુ સંબંધી રોગોને પણ નાશ કરેછે.

પાછળ અભિન્યાસ જ્વરનું લક્ષણ આપ્યુંછે તેજ સન્નિપાત જાણવો. ત્રણે દોષ કોપવાથી સન્નિપાત ઉપજેછે, માટે ત્રણે દોષનાં લક્ષણોથી એ ઓળખવો. અભિન્યાસ એ છેલ્લો સન્નિપાત છે. વૈદ્યશાસ્ત્રમાં તેર પ્રકારના સન્નિપાત કહેલાછે: સંધિગ, અંતક, રૂગ્દાહ, ચિત્તવિભ્રમ, શીતાંગ, તંદ્રિક, કંઠકુબ્જ, કર્ણિક, ભગ્નનેત્ર, રકતષ્ઠીવી, પ્રલાપક, જિહ્વક, અને અભિન્યાસ. એ સર્વનાં લક્ષણ અહીં કહેતા વિસ્તાર થાય માટે નામ માત્ર આપ્યાંછે. શ્લોકમાં જે ઔષધો કહેલાંછે તેમાં ભાંગરો, ચિત્રો, રીંગણીઓ, વગેરે ઔષધીઓનાં મૂળ લેવાં. પુષ્કરમૂળને ઠેકાણે દીવેલાનું મૂળ લેવું. લીલાં મૂળ હોય તે બમણાં લેવાં.

બીજો ઉપાય.

अर्कानन्ताकिराताऽमरतरुरसनासिन्दुवारोग्रगन्धा—

तर्कारीशिग्रुपञ्चोषणघुणदयितामार्कवानां कषायः ।

सद्यस्तीव्रान् त्रिदोषानपहरति धनुर्मारुतं दन्तबन्धं
शैत्यं गात्रेषु गाढं श्वसनकसनकं सूतिकावातरोगान् ॥५५॥

આકડાનું મૂળ, ધમાસો, કરિયાતુ, દેવદાર, રાસ્ના, નગોડ, વજ, અરણીનાં પાંદડાં, સરગવાની અંતરછાલ, પીપર, પીપરીમૂળ, ચિત્રો, ચવક, સુંઠ, અતિવિખની કળી, અને ભાંગરો. એ ઔષધો સમાન વજને લેઈને તેમાંથી ચાર તોલાનો ક્વાથ સોળગણા પાણીમાં કરીને આઠ તોલા શેષ રહે ત્યારે પીવો. એ ક્વાથ તીવ્ર એવા ત્રિદોષને તત્કાળ (થોડી મુદતમાં) મટાડેછે. વળી તે ધનુર્વાયુને, જે રોગમાં દાંત બંધાઈ જાયછે તેને, શરીરે અત્યંત શીત આવતું હોય તેને, શ્વાસને અને ખાંસીને, તથા સૂવાવડીના વાયુ રોગને (સુવારોગને) હરેછે—મટાડેછે. આ ક્વાથ ત્રિદોષમાં સારો ફાયદો કરેછે.

ત્રીજો ઉપાય.

तिक्तातिक्तकपर्पटामृतशठीरास्नाकणापौष्करं
त्रायन्तीबृहतीसुरौषधशिवादुस्पर्शभार्ङ्गीकृतः ।
क्वाथो नाशयति त्रिदोषनिकरं स्वापं दिवा जागरं
नक्तं तृण्मुखशोषदाहकसनश्वासानशेषानपि ॥५६॥

કડું, કરિયાતું, પિત્તપાપડો, ગળો, ષડકચુરો, રાસ્ના, પીપર, પુષ્કરમૂળ, ત્રાયમાણ, રીંગણી (નું મૂળ), દેવદાર, હરડે, ધમાસો, ભારંગ, એ ઔષધોથી કરેલો ક્વાથ ત્રિદોષના સમૂહનો નાશ કરેછે. વળી દિવસે નિદ્રા, રાત્રે ઉ-

જાગરો, તૃષા, મુખશોષ, દાહ, ખાંસી, અને સઘળા પ્રકારના શ્વાસ એ સર્વને પણ આ ક્વાથ મટાડેછે.

सन्निपातस्य कालस्य कश्चिद्भेदो न विद्यते ।
चिकित्सको जयेद्यस्तं तस्मात्कोस्ति प्रतापवान् ॥५७॥

સન્નિપાતમાં અને કાળમાં (મોતમાં) કાંઈ તફાવત નથી; જે વૈદ્ય તેના ઉપર જય મેળવેછે— એ સન્નિપાતને મટાડેછે તેના કરતાં બીજો પ્રતાપી વૈદ્ય કોણ છે?

सन्निपातोदधौमग्नानुद्धरेद्यः कृपाकरः ।
तस्मै किं किं न देयं स्याद्बुदकोविदनन्दिनि! ॥५८॥

જે દયાળુ વૈદ્ય, સન્નિપાતરૂપી સમુદ્રમાં ડૂબેલા રોગીઓને બચાવેછે તેને શું શું ન આપવું જોઈએ? હે પંડિતની પુત્રી! તે તું મને કહે.

त्रिदोषाजगरग्रस्तान् मोचयेद्यः स वैद्यराट् ।
आत्मापि तस्य दातव्यः किंपुनः कनकादिकम् ॥५९॥

ત્રિદોષરૂપી અજગરે ગળેલા મનુષ્યોને જે છોડાવેછે-રોગરહિત કરેછે, તેનેજ વૈદ્યરાજ જાણવો; તેવા વૈદ્યને અર્થે આત્મા પણ આપવો ઘટેછે તો પછી સોનું વગેરે આપવું એમાં તે શું આશ્ચર્યછે?

ત્રિદોષ સંબંધી કર્ણશોથનો ઉપાય.

यः शोथः श्रुतिमूलजः सुकठिनः शान्ते त्रिदोषज्वरे
रक्तं तत्र जलौकया परिहरेत्सर्पिः पिबेच्चातुरः ।

रास्नानागरलुङ्गमूलहुतभुक्दार्व्यग्निमन्थैः समैर्
लेपः स्यादरविन्दवन्द्यवदने।शोथव्यथाध्वंसनः ॥६०॥

જ્યારે ત્રિદોષજ્વર શાંત થાયછે ત્યારે કાનના મૂળ આગળ જે અત્યંત કઠિન સોજો આવેછે તે ઉપર જળો લગાડીને તેવડે ત્યાંથી રક્ત ઓછું કરવું; અને રોગીએ ચાર તોલા ઘી પીવું. હે કમળ સમાન વખાણવા લાયક મુખવાળી સ્ત્રી ! પછી રાસ્ના, સુંઠ, બિજોરાનુંમૂળ, ચિત્રો, દારૂહળદર, અરણીનું મૂળ, એ ઔષધો સમાન ભાગે ઘશીને તે વડે સોજા ઉપર લેપ કરવો.

સન્નિપાતજ્વર ઉત્પન્ન થતાં પેહેલાં સોજો આવ્યો હોય તો તે અસાધ્યછે, મધ્યમાં આવ્યો હોય તો કષ્ટસાધ્ય છે અને અંતે આવ્યો હોય તો સાધ્યછે. રોગીએ ઘૃત પીવું એમ જે લખેલુંછે તે દેશ, કાળ, વય, અવસ્થા, વગેરે જોઇને પીવું.

જીર્ણજ્વરનો પ્રતીકાર.

शूलात्पार्श्वशिरःस्थितात्कसनतः श्वासाच्च जीर्णज्वरान्
मुक्तः स्यात्पुरुषःपयः परिपिबन् पञ्चाङ्घ्रिणा पाचितम् ।
एकासौ गुडपिप्पली विजयते जीर्णज्वराजीर्णक—
क्षुन्मान्द्यारुचिपाण्डुजन्तुकसनश्वासान् किमन्यौषधैः ।६१।

બીલીનું મૂળ, અરણીનું મૂળ, પાડળનું મૂળ (પાહાડ મૂળ), અલવાનું (મોટા અરડૂસાનું) મૂળ, શેવણનું મૂળ, એ પાંચને મોટાં પંચમૂળ કહેછે. એ પાંચ મૂળ સમાન

ભાગે લેઈ તેમાંથી ચાર તોલાનો કવાથ કરીને અષ્ટમાંશ શેષ રાખી આઠ તોલા પીવાથી પાસાંમાં અને માથામાં જે શૂળ આવેછે તેથી મુક્ત થવાયછે; વળી ખાંસી, શ્વાસ અને જીર્ણજ્વર, એ રોગથી પણ રોગી પુરૂષ મુક્ત થાયછે. એકલી ગુડપિપ્પલી (બે તોલા ગોળ અને એક તોલો પીંપરનું ચૂર્ણ) ખાવાથીજ તે જીર્ણજ્વર, અજીર્ણ, જઠરાગ્નિની મંદતા (ભૂખ ન લાગવાનો વ્યાધિ), અરૂચિ, પંડરોગ, કૃમિરોગ, ખાંસી અને શ્વાસને મટાડેછે; તો પછી બીજાં ઔષધને શું કરવાંછે ?

બીજો ઉપાય.

जीर्णज्वरं कफकृतं कणयासमेत—
 श्छिन्नोद्भवोद्भवकषायक एष हन्ति ।
रामो दशास्यमिव राम इव प्रलम्बं
 रामो यथा समरमूर्धनि कार्त्तवीर्यम् ॥६२॥

જેમ રઘુપતિ રામ રાવણને હણેછે, જેમ બળરામ પ્રલંબાસુરને હણેછે, અને પરશુરામ જેમ સંગ્રામભૂમિમાં સહસ્રાર્જુનને હણેછે, તેમ, પીપર સહિત ગળોનો કવાથ, કફથી ઉપજેલા જીર્ણજ્વરને હણેછે—અર્થાત્ મટાડેછે.

આઠ તોલા લીલી ગળો અથવા ચાર તોલા સૂકી ગળોના વેલાને છૂંદીને ચોસઠ તોલા પાણીમાં કવાથ કરી આઠ તોલા શેષ રહે ત્યારે તેમાં ચાર માસા પીપરનું ચૂર્ણ નાખીને કવાથ થોડો થોડો ગરમ હોય ત્યારે પીવો.

ત્રીજો ઉપાય.

पञ्चमूली कषायस्य सकृष्णस्य निषेवणात्
जीर्णज्वरः कफोद्भूतो विदधाति पलायनम् ॥६३॥

શ્લોક ૬૧ મામાં કહેલાં પંચમૂળના ક્વાથમાં ચાર માસા પીંપરનું ચૂર્ણ નાખીને પીવાથી કફથી ઉત્પન્ન થયેલો જીર્ણજ્વર નાસવા માંડેછે–મટીજાયછે.

ચોથો ઉપાય.

सठी शुंठी रेणुः सुरतरुरनन्ता बृहतिका
घनस्तिक्ता तिक्तं खलु नवभिरेभिर्विरचितः ।
कषायः पीतोयं मधुकणविमिश्रः शमयति
त्रिदोषं निःशेषं विषममपि जीर्णज्वरमपि ॥६४॥

ષટકચુરો, સુંઠ, પિત્તપાપડો, દેવદાર, ધમાસો, રીંગણી, મોથ, કડુ, કરિયાતુ, એ નવ ઔષધો સમાન લેઈને તેમાંથી ચાર ચાર તોલાનો ક્વાથ કરી તેમાં મધ તથા પીપર નાખીને પીવાથી તે સમગ્ર ત્રિદોષને, વિષમજ્વરને અને જીર્ણજ્વરને શમાવેછે–મટાડેછે.

ક્વાથમાં મધ નાખવાનું પ્રમાણ સાકરથી ઉલટું સમજવું. એટલે વાયુથી થયેલો વ્યાધિ હોય તો ક્વાથથી સોળમે ભાગે, પિત્તથી થયેલો વ્યાધિ હોય તો આઠમે ભાગે અને કફથી થયેલો વ્યાધિ હોય તો ચોથે ભાગે મધ નાખવું. પીપરનું ચૂર્ણ ચાર માસા નાખવું.

એકાંતરિયા તાવનો ઉપાય.

वासापटोलत्रिफलाद्राक्षासम्याकनिम्बजः।
समधुः ससितः क्वाथो हन्यादेकाहिकं ज्वरम् ॥६५॥

અરડૂસી (જેનાં ફૂલ દેવને ચઢેછે તે), પટોળ (કડવી આંખ ફૂટામણી), ત્રિફળા, દ્રાક્ષ, ગરમાળાની શીંગ, લીંબડાની અંતરછાલ, એ ઔષધો સમાન લેઈને વિધિપૂર્વક ક્વાથ કરી તેમાં મધ અને સાકર નાખી પીવાથી તે એકાંતરીઆ તાવને મટાડેછે.

અરડૂસીનાં પાનાં ક્વાથ માટે લેવાં અને તે લીલાં હોય માટે બીજી ઔષધી કરતાં વજનમાં બમણાં લેવાં. પટોળનું મૂળ લેવું. ત્રિફળાને એકજ ઔષધ માનીને તે ત્રણે થઈને પટોળનાં સૂકાં મૂળ જેટલું લેવું. એક મોટી હરડે, બે બેઢાં, અને ચાર આમળાં, એ પ્રમાણમાં એકઠા કરેલા ઔષધને ત્રિફળા કહેછે. કેટલાકને મતે હરડાં (જેને રંગ કરવામાં વાપરવામાં આવેછે તે), બેઢાં તથા આમળાં સમાન વજને લેઈ એકઠાં કરવાં તેને ત્રિફળા નામ આપવું, એમછે. પણ આ ક્વાથમાં હરડે લેવી વધારે હિતકર છે માટે તે લેવી. દ્રાક્ષ કાળી લેવી. મધ અને સાકર ક્વાથમાં કયા પ્રમાણથી નાખવું તે પાછળ કહેલુંછે એટલે ફરી ફરી કહેતા નથી.

બીજો ઉપાય.

तन्वङ्गि ! गङ्गोत्तरतीरभूमौ ममार हा ! कोप्यसुतस्तपस्वी ।
जलाञ्जलीं तस्य कृते ददातु सैकाहिकः स्याद्यदि तेऽनुजन्मा ॥

હે તન્વંગિ ! ગંગા નદીના ઉત્તર કાંઠાની ભૂમિમાં કોઇ પુત્ર વિનાનો તપસ્વી મરી ગયેલોછે; જો તને તે એકાંતરિયો તાવ આવતો હોય તો તારા નાના ભાઈએ તે તપસ્વીને અર્થે જલાંજલિ આપવી–અર્થાત્ તેનું શ્રાદ્ધ કરવું.

આગળ સઘળા જ્વરોને માટે દાન ધર્માદિક બતાવશે, તેના જેવોજ આ ઉપાય છે. એકાંતરિયા તથા ચોથીઆ તાવની કથા સાંભળવાનો કે એવાજ બીજા ટુચકા કરવાનો પ્રચાર લોકોમાંછે તે સશાસ્ત્રછે એમ આ ઉપરથી સમજાયછે. વાગ્ભટ્ટાદિક પ્રમાણગ્રંથોમાં પણ ગ્રહ, ભૂત, પિશાચાદિથી થતી પીડાઓનો પણ રોગગણનામાં સંગ્રહ કરી તેના તેવા તેવા પ્રતીકાર બતાવ્યાછે. જલાંજલિ આપવા વગેરે કર્મથી જ્વરાદિ મટે કે કેમ એવી શંકાવાળાએ માનસિક તત્વજ્ઞાનનું સારી પેઠે અધ્યયન કરવું, એટલે સમજાશે કે એવા ઉપચારથી પણ મન ઉપર ચમત્કારિક રીતે અસર થાયછે તથા મનની અસર દેહને લાગુ પડીને રોગાદિથી નિર્મુકત થવાયછે.(રા. રા. મણિલાલ નભુભાઇ દ્વિવેદી કૃત પ્રાણવિનિમય જુઓ).

ત્રીજો ઉપાય.

सशिशिरः सघनः समहौषधः सनलदः सकणः सपयोधरः ।
समधुशर्कर एष कषायको जयति बालमृगाक्षि! तृतीयकम् ॥

રતાંજળી, ધાણા, સુંઠ, વીરણવાળો, પીપર, મોથ, એ ઔષધો સમાન લેઇ તેમાંથી ચાર તોલાનો સોળગણા પાણીમાં કવાથ કરી તેમાં પાછળ બતાવેલા પ્રમાણમાં મધ

અને સાકર નાંખવી. હરિણના બાળકનાં નેત્ર જેવા ચંચળ અને વિશાળ નેત્રવાળી હે સ્ત્રી ! એ કવાથ તૃતીયક (એકાંતરિયા) તાવને જીતેછે–મટાડેછે.

ચોથિયા તાવનો પ્રતીકાર.

चातुर्थिको गच्छति रामठस्य घृतेन जीर्णेन युतस्य नस्यात् ।
लीलावतीनां नवयौवनानां मुखावलोकादिव साधुभावः॥६८॥

નવી જુવાની જેમને પ્રાપ્ત થયેલીછે એવી સુંદરીઓનાં મુખ જોવાથી જેમ સાધુવૃત્તિ જતી રહેછે, તેમ જૂના ઘીમાં યુક્ત કરેલી હીંગનો નાસ લેવાથી (સુંઘવાથી) ચોથીઓ તાવ પણ જતો રહેછે.

એક તોલા જૂના ઘીમાં ચાર માસા હિંગનું ચૂર્ણ નાખીને કકડાવવું. હીંગ લાલચોળ થઈજાય ત્યારે તેને ગાળી લેવું અને ઠંડું પડવા દેવું તેમાંથી રોગીની શકિત જોઈને દસ, આઠ કે છ ટીપાં ઘી નાકમાં નાખવું. કફ રોગમાં સવારે, પિત્તરોગમાં મધ્યાહ્ને, અને વાત રોગમાં સાયંકાળે નસ્ય યોજવું.

બીજો ઉપાય.

अखण्डितशरत्कालकलानिधिसमानेन ! ।
चातुर्थिकहरं नस्यं मुनिद्रुम दलाम्बुना ॥६९॥

શરદ્ ઋતુના સંપૂર્ણ ચંદ્ર સમાન મુખવાળી હે સ્ત્રી ! અગથિયાનાં પાંદડાંના રસનાં દસ ટીપાં સુંઘવાથી તે ચોથીઆ તાવને હરેછે.

ત્રીજો ઉપાય.

सुरदारुशिवाशिवास्थिराऋषविश्वैः क्कथितः कषायकः ।
मधुना सितया च संयुतः परिपीतः शमयेच्चतुर्थकम् ॥७०॥

દેવદાર, હરડે, આમળાં, શાલિપર્ણી, અરડૂસી, સુંઠ, એ ઔષધોથી ઉકાળેલા કવાથને મધ અને સાકરમાં મિશ્ર કરીને પીવાથી ચોથીઆ તાવ મટેછે.

શાલિપર્ણી મળતી નથી, તેને માટે છેવટે આપેલા ઔષધ પ્રતિનિધિમાં જોવું. કવાથમાં મધ, સાકર નાખવાનું પ્રમાણ પાછળ બતાવ્યુંછે તે પ્રમાણે નાખવાં.

એજ ઔષધનું બીજે પ્રકારે કથન.

सुरदारुशिवाऋषविश्वशिवास्थिरवारिशृतं सितया मधुना ।
अपहन्ति चतुर्थदिनप्रभवं ज्वरमाशु कुभृत्य इवाधिपतिम् ।७१।

જેમ અધમ સેવક પોતાના ધણીનો વિનાશ કરેછે, તેમ દેવદાર, હરડે, અરડૂસો, શુંઠ, આમળાં અને શાલિપર્ણીને પાણીમાં ઉકાળી તે પાણી ઠંડું પડવા દેઈ મધ સાકર સાથે પીવાથી તે ચોથે દિવસે ઉત્પન્ન થનારા (ચોથીઆ) તાવનો નાશ કરેછે.

શીતજ્વરના ઉપાય.

तक्रं त्र्यूषण चूर्णयुक्तमथवा मद्यं हसन्तीं सतीं
तद्वत्कम्बलरल्लकानथ कुथान् शीतातुरः शीलयेत् ।
आलिङ्गेयुरमुं हिमाविधि दृढं तारुण्य दर्पालसाः
काश्मीरागुरुलिप्तपीवरकुचाः कामं कुरङ्गीदृशः ॥७२॥

છાશમાં સુંઠ, પીપર અને મરીઆંનું ચૂર્ણ નાખીને તે પીવાથી અથવા મદ્ય પીવાથી, અથવા ધૂમાડા વિનાની અગ્નિ ભરેલી શગડીએ તાપવાથી, તેજ પ્રમાણે કામળા અથવા ઊનનાં વસ્ત્ર ઓઢવાથી શીત દૂર થાયછે માટે શીતથી પીડાતા રોગીએ તેનું સેવન કરવું. વળી શીતથી પીડાયલા રોગીની ઇચ્છામાં આવે ત્યાં સુધી, જુવાનીના મદવડે આળસુ તથા કેસર અને અગરચંદનને લેપ જેણે પોતાના પુષ્ટ સ્તન ઉપર કરેલોછે એવી હરણ સમાન ચંચળ નેત્રવાળી સુંદરીઓએ તેની ટાઢ જતા સુધી તેને દૃઢ આલિંગન કરવું. એથી પણ શીતજ્વર શમી જાયછે.

છાશ તાજી ચાર તોલા લેવી તથા તેમાં ત્રિકટુ (સુંઠ, પીપર, મરી) નું ચૂર્ણ એક તોલો નાખી પીવું.

બીજો ઉપાય.

शक्राह्वदद्रुघ्नविषामृतानां निर्गुण्डिकाभृङ्गमहौषधानाम् ।
क्षुद्रायवानीसहितः कषायः शीतज्वरारण्यहिरण्यरेताः ।७३।

ઇંદ્રજવ, કુંવાડીઆનું મૂળ, અતિવિખની કળી, ગળો, નગોડનું મૂળ, ભાંગરાનું મૂળ, સુંઠ, ભોંયરીંગણીનું મૂળ, જવાન (અજમોદ), એ સર્વ સમાન ભાગે લેઈને તેમાંથી ચાર તોલાને સોળગણા પાણીમાં ક્વાથ કરી અષ્ટમાંશ શેષ રાખી પીવો. એ ક્વાથ શીતજ્વરરૂપી વનને બાળી નાખનારા અગ્નિરૂપછે. અર્થાત્ અગ્નિ જેમ વનને બાળેછે તેમ એ ક્વાથ શીતજ્વરને નાશ કરેછે.

વિષમજ્વરનો ઉપાય.

वाङ्माधुर्यजितामृतेऽमृतलता लक्ष्मीशिवाभे शिवा
विश्वा विश्ववरे घनो घनकुचे सिंही च सिंहोदरी।
एभिः पञ्चभिरौषधैर्मधुकणायुक्तः कषायः कृतः
पीतश्चोद्विषमज्वरः किमु तदा तन्वङ्गि! न क्षीयते॥७४॥

પોતાની વાણીની મધુરતાવડે જેણે અમૃતને જીત્યુંછે એવી હે સ્ત્રી! એક તો ગળો; લક્ષ્મી અને પાર્વતી સમાન સૌન્દર્યવાળી હે સ્ત્રી! બીજાં આમળાં; હે જગત્માં શ્રેષ્ઠ સ્ત્રી! ત્રીજી સુંઠ; હે ઘન સ્તનવાળી! ચોથી મોથ; હે સિંહ સમાન ઉદરવાળી! પાંચમી રીંગણી; હે તન્વંગી (નાજુક અંગવાળી)! એ પાંચ ઔષધોવડે કવાથ કરીને તેમાં મધ અને પીંપરનું ચૂર્ણ (પાછળ કહ્યા પ્રમાણે) નાખીને જો પીએ તો વિષમજ્વર ન મટી જાય શું? અર્થાત્ મટીજ જાય.

એજ ઔષધોનું બીજે પ્રકારે કથન.

सनागरायाः सपयोधरायाः ससिंहिकायाः सगडूचिकायाः।
धान्याः कषायो मधुना विमिश्रः कणाविमिश्रो मधुना ज्वरघ्नः॥

સુંઠ, મોથ, મોટી રીંગણી, ગળો, આમળી, એ ઔષધોનો કવાથ મધ અને પીંપર સહિત પીએ તો તે જ્વરનો નાશ કરેછે. આ શ્લોક લોલિમ્બરાજના પિતાએ કહ્યોછે.

બીજો ઉપાય.

नान्यानि मान्यानि किमौषधानि?
परन्तु कान्ते! न रसोनकल्कात्।

तैलेन युक्तादपरप्रयोगो

महासमीरे विषमज्वरेऽपि ॥ ७६ ॥

બીજાં માન્ય કરવા યોગ્ય ઔષધ શાસ્ત્રોમાં નથી કહ્યાં શું? કહ્યાંજ છે; તથાપિ હે કાંતા! ભારે વાયુના રોગમાં તથા વિષમજ્વરમાં પણ તેલની સાથે લસણનું કલ્ક ખાવાના પ્રયોગથી બીજો પ્રયોગ શ્રેષ્ઠ નથી. અર્થાત્ આ પ્રયોગ સર્વોત્તમછે.

લીલા ઔષધને અથવા સૂકા ઔષધને પાણી વગેરેમાં વાટીને બારીક ચટણી જેવું બનાવવું તેને કલ્ક કહેછે. આ જગોએ લસણનું એવું કલ્ક એક તોલો તથા તેલ બે તોલા લેઈ મિશ્ર કરી રોગીએ ખાઈ જવું.

ત્રીજો ઉપાય.

भवति विषमहन्त्री चेतकी क्षोद्रयुक्ता

भवति विषमहन्त्री पिप्पली वर्द्धमाना ।

विषमरुजमजाजी हन्ति युक्ता गुडेन

प्रशमयति तथाभ्या सेव्यमाना गुडेन ॥७७॥

બે તોલા મધ સાથે ૦॥-૧ તોલો હરડેદળનું ચૂર્ણ ખાવાથી તે વિષમજ્વરનો નાશ કરેછે; નિત્ય નિત્ય ગણિત પ્રમાણમાં વધતી વધતી પીપરો ખાવાથી તે પણ વિષમજ્વરનો નાશ કરેછે (તેટલી પીપરોનું ચૂર્ણ કરી મધ સાથે ચાટવું) ગોળ સાથે જીરાનું ચૂર્ણ એક તોલો ખાવાથી વિષમજ્વરની પીડા નાશ થાયછે; તેમજ એક તોલો ત્રિફળાનું ચૂર્ણ બે તોલા ગોળ સાથે સેવવાથી (નિત્ય નિયમ પ્ર-

માણે ખાવાથી) પણ વિષમજ્વરની પીડા શમેછે.

ચોથો ઉપાય.

स्वकान्तिजितरोचने ! चपललोचने ! मालती-
प्रसूननिकरस्फुरत्कबरि ! पञ्चवक्त्रोदरि ! ।
पटोलकटुरोहिणीमधुकचेतकीमुस्तक-
प्रकल्पितकषायको विषममाशु जेजीयते ॥७८॥

પોતાની કાંતિવડે જેણે ગોરોચના (ગોરૂચંદન) ને જીતી છે એવી અર્થાત્ ગોરોચના કરતાં પણ અધિક સુંદર એવી હે સ્ત્રી ! હે ચંચળ નેત્રવાળી ! મોગરાના પુષ્પોના સમુદાય વડે શોભાયમાન કેશપાશવાળી હે સ્ત્રી ! હે સિંહસમાન ઉદરવાળી સ્ત્રી ! પટોલ, કડુ, જેઠીમધ, હરડે, મોથ, એ ઔષધો સમાન વજને લેઈ તેમાંથી ચાર તોલાનો વિધિપૂર્વક કવાથ કરીને અષ્ટમાંશ શેષ રાખી પીવાથી તે કવાથ વિષમજ્વરને તત્કાળ જીતેછે—વિષમજ્વરને જલદી મટાડેછે.

પાંચમો ઉપાય.

किमु भ्रमयसि प्रिये ! कुवलयं कराभ्यामिदं
मदीयवचनं सुधारससमं समाकर्ण्यय ।
पुराणविषमज्वरे कुलकनिम्बसिहीन्द्रजा-
मृताघनकषायको मधुयुतो वरीवर्त्तते ॥७९॥

હે પ્રિયે ! તું બન્ને હાથે આ કમળને શું ફેરવેછે ? અમૃત સરખું મારૂં વચન સાંભળ. ઘણા દિવસના જૂના વિષમજ્વરમાં, પટોલ, લીંબડાની અંતરછાલ, ઇંદ્રજવ, ગળો,

અને મોથનઃ ક્વાથમાં મધ નાખીને પીવો એ શ્રેષ્ઠ છે. (ક્વાથમાં નાખવાના મધનું પ્રમાણ પાછળ કહેલું છે.)

છઠ્ઠો ઉપાય.

यो भजेत् समधुश्यामां हे हेमकलशस्तानि ! ।
विषमेषु व्यथास्तस्य न भवन्ति कदाचन ॥८०॥

સુવર્ણના કલશ જેવા સ્તનવાળી હે સ્ત્રી! જે પુરૂષ (બે તોલા)-મધ સહિત (એક તોલો)-પીપરનું ચૂર્ણ સેવે-ખાય તેને વિષમજ્વરોમાં વિષમજ્વરની પીડા કદાચિ થાય નહિ. અર્થાત્ એથી વિષમજ્વર મટેછે.

બીજો અર્થ—હે સુવર્ણના કલશ સમાન સ્તનવાળી સ્ત્રી! જે પુરૂષ મદ્ય સહિત તરૂણ સ્ત્રીનું સેવન કરે તેને કામ સંબંધી પીડા કદાપિ થતી નથી.

ત્રીજો અર્થ—હે હેમકલશસ્તનિ! જે પુરૂષ (બે તોલા) મધ સાથે, (૦ાા-૧ તોલો) નિસોત્તરના ચૂર્ણનું સેવન કરે તેને વિષમજ્વરની પીડાઓ કદાપિ થતી નથી.

ચોથો અર્થ—હે હેમકલશસ્તનિ! જે પુરૂષ મદ્ય સહિત કાલિકા દેવીનું સેવન કરે તેને સંકટોમાં કદાપિ પીડા થતી નથી.

સાતમો ઉપાય.

क्षणमपि चलतां जहीहि मुग्धे !
शृणु वचनं मम तन्वि ! सावधाना ।
वसति शिरासि मेघनादमूले
व्रजातितरां विषमो विशालदृष्टे ! ॥ ८१ ॥

હે મુગ્ધે! એક ક્ષણભર ચંચળતા છોડી દે, અને હે તન્વિ! સાવધાન થઈને મારૂં વચન સાંભળ, હે વિશાળ નેત્રવાળી! તાંદળજાનાં મૂળને વાટીને માથે બાંધવાથી વિષમજ્વર જતોજ રહેછે.

આઠમો ઉપાય.

विषममपहरत्यसौ कषायो मधुमधुरो मधुराम्रताशिवानाम् ।
अहमिव तव कामिनि ! प्रकोपं चरणसरोरुहयोर्लुठन् हठेन् ॥

હે કામિનિ! હું જેમ તારા ચરણકમળમાં પડીને તારા કોપને બળાત્કારથી હરણ કરૂંછું, તેમ મધ નાખીને મીઠો કરેલો, લીંબડો, ગળો અને આમળાંનો ક્વાથ વિષમજ્વરનું હરણ કરેછે. અર્થાત્ એ ત્રણના ક્વાથમાં મધ નાખીને પીવાથી વિષમજ્વર દૂર થાયછે.

નવમો ઉપાય.

अबले ! कृतकामबले ! चलदक्—
कमले ! कमलातनु ! रत्नकले ! ।
अमृताब्दशिवं मधुमद्विषमे—
ऽविषमे विषमेषुविलासरते ! ॥८३॥

હે અબળા! કામબળને ઉત્પન્ન કરનારી હે સ્ત્રી! હે ચંચળ નેત્રકમળવાળી! હે લક્ષ્મી સમાન સુંદર દેહવાળી! હે કામવિલાસમાં પ્રીતિવાળી રત્નકળા! વિષમજ્વરમાં અને અવિષમ (સામાન્ય) જ્વરમાં (પણ), ગળો, મોથ, અને આમળાંનો ક્વાથ મધ સાથે આપવો.

જ્વરનાશક ધૂપ.

अयि कुशाग्रसमानमते ! मते ! मतिमतामतिमन्मथमन्थरे !।
ज्वरहरं रुगरिष्टशिवावचायवहविर्जतुसर्षपधूपनम् ॥८४॥

દર્ભના અગ્ર સરખી સૂક્ષ્મ બુદ્ધિવાળી હે સ્ત્રી ! હે બુદ્ધિમાન્ પુરૂષોમાં અભિમત સ્ત્રી ! હે અતિશય કામવડે મંદગતિવાળી સ્ત્રી ! ઉપલેટ, લીંબડો, હરડે, વજ, જવ, ઘી, લાખ, અને સરસવ, એ ઔષધોનો ધૂપ જ્વરને હરનારછે.

શ્લોકમાં કહેલી ઔષધી સમાન લેઇને ઘી સિવાય બાકીનાં ઔષધોને કચરીને ઘી તેમાં નાખી એકત્ર કરવું. પછી અગ્નિ ઉપર તે ઔષધમાંથી થોડું થોડું નાખીને રોગીને અંગે ધૂમાડો દેવો.

ફરીને આવેલા જ્વરનો ઉપાય.

तिक्तोशीरबलाधान्यपर्प्पटांभोधरैः कृतः ।
क्वाथः पुनः समायातं ज्वरं शीघ्रं निवारयेत् ॥८५॥

કડુ, વીરણવાળો, બલામૂળ (કાંસકીનાં મૂળ ?) ધાણા, પિત્તપાપડો, મોથ, એ ઔષધો સમાન ભાગે લેઇ તેમાંથી ચાર તોલાનો કવાથ કરીને પીવાથી તે કવાથ ફરીને આવેલા તાવને ત્વરાથી દૂર કરેછે.

વિષમજ્વરાદિ ઉપર સારિવાદિ ઘૃત.

गोपीद्भ्यामलकीस्थिरामगधजातिक्तापयःपालिनी—
द्राक्षाश्रीफलधावनीहिमविषामुस्तेन्द्रजैः साधितम् ।

स्यादाज्यं विषमज्वरक्षयशिरः पार्श्वव्यथाराचेक—
च्छर्दीशोषहलीमकप्रशमनं लीलालतामञ्जरि ! ॥८६॥

સારિવા, 'આમળી, ભોંયઆમળી, શાલીપર્ણી, પીપર, કડુ, વીરણવાળો, નસોત્તર, કાળીદ્રાક્ષ, બીલીનું મૂળ, રીંગણી, અતિવિખની કળી, મોથ, ઇંદ્રજવ, એ ઔષધો વડે ઘી સિદ્ધ કરવું. હે લીલારૂપી વેલની મંજરીરૂપ રત્નકળા ! એ ઘી વિષમજ્વર, ક્ષય, માથાની અને પાસાંની પીડા, અરૂચિ, ઉલટી, શોષ અને હલીમક (લોકો જેને હળધરવો કહેછે તે), એ રોગોને શમાવનારૂં છે.

ઉપરનાં ઔષધો સમાન ભાગે લેઇ તેથી આઠગણા પાણીમાં તેનો ક્વાથ કરી ચતુર્થાંશ શેષ રહે ત્યારે તેમાં ક્વાથથી ચોથે ભાગે ગાયનું ઘી નાખીને ઘી શેષ રહે ત્યાં લગી ઉકાળવું. ઘીના પાક ઉપર ફીણ આવીને જતું રહે ત્યારે તેને સિદ્ધ થયું જાણી નીચે ઉતારી ગાળી લેવું. એ ઘીમાંથી ચાર તોલા જેટલું ઘી રોગીએ ખાવું.

સકળજ્વરમાં દાન ધર્માદિ રૂપ ઉપચાર.

चलदलतरुसेवा होममन्त्रस्त्रिनेत्र—
द्विजगुरुजनपूजा कृष्णनाम्नां सहस्रम् ।
मणिधृतिरपिदानान्याशिषस्तापसानां
सकलमिदमरिष्टं स्पष्टमष्टज्वराणाम् ॥८७॥

પીપળાની સેવા કરવી, હોમ કરવો, મંત્ર જપવા, શિવ, બ્રાહ્મણ, અને ગુરૂઓની પૂજા કરવી, શ્રીકૃષ્ણ સહસ્રનામનો પાઠ કરવો, મણિઓ અંગે ધારણ કરવા,

દાન આપવાં, તપસ્વીઓના આશિર્વાદ લેવા, એ સઘળાં આઠે જ્વરોનું યોગ્યમાં અરિષ્ટ છે. અર્થાત્ આઠે પ્રકારના જ્વરોને નાશ કરવાનાં એ નિમિત્તછે.

પાઠાંતર.

चलदलतरुसेवा विप्रदेवार्चनं च
ग्रहभजनमजस्रं विष्णुनाम्नां सहस्रम् ।
हरति सुमणिमन्त्रा धारणं चौषधीनां
सकलमिदमरिष्टं स्पष्टमष्टज्वराणाम् ॥८८॥

પીંપળાના વૃક્ષની સેવા કરવી, બ્રાહ્મણ અને દેવનું પૂજન કરવું, નિરંતર ગ્રહોનું ભજન (જપાદિકે કરીને) કરવું, વિષ્ણુસહસ્ર નામનો પાઠ કરવો, ઔષધિઓને અંગે ધારણ કરવી, તથા ઉત્તમ મણિ મંત્રોનો પ્રયોગ કરવો, એ સર્વે આઠે જ્વરનાં સઘળાં અરિષ્ટ (દુશ્ચિહ્ન) ને સ્પષ્ટ હરેછે.

જ્વરવાળાને ઉપદેશ.

अयि रत्नकले ! कलानिधे ! कुशले! कोकिलकोमलस्वरे ! ।
ज्वरवान् ज्वरवर्जितोऽथवा लघुकुर्यादशनं दिनात्यये ॥८९॥

હે રત્નકળા ! હે કળાના ભંડારરૂપ ! (અથવા હે ચંદ્ર તુલ્ય !) હે ચતુરા ! કોયલના જેવા કોમળ સ્વરવાળી હે સ્ત્રી ! જ્વરવાળાએ અથવા જ્વર વિનાનાએ દિવસ આથમ્યા પછી થોડું ભોજન કરવું.

इति श्रीदिवाकरभट्टसूनुकविश्रीलोलिम्बराजविरचिते
वैद्यजीवने ज्वरप्रतीकारो नाम प्रथमोल्लासः ॥१॥

द्वितीयोल्लासः

અથ અતીસાર ચિકિત્સા.

અત્યાર સુધી જ્વરના પ્રતીકારનું કથન કર્યું છે. પણ જ્વર આવેછે ત્યારે તેની સાથે બીજા પણ કેટલાક ઉપદ્રવ થાયછે. અતિસાર અથવા કળશિયો, તે ન હોય તો ઝાડાનો કબજો, તરસ, ખાંસી, શરીરે કળતર, ઉલટી, હિક્કા (હેડકીનો રોગ), મૂર્છા (બેભાનપણું), અને અરૂચિ, એ દશ જ્વરના ઉપદ્રવ કહેવાયછે. જ્વરમાં એ બધા અથવા એમાંના થોડા ઘણા ઉપદ્રવ હોયછે, માટે જ્વરની સાથે તેમની પણ ચિકિત્સા બતાવવી અવશ્ય ધારી લોલિંબરાજ પ્રથમ અતિસારની ચિકિત્સા કહેછે. અતિસારની ચિકિત્સા કરતાં સૂતર પડે માટે અમે અન્ય ગ્રંથોમાંથી અતિસારનું સંક્ષિપ્ત નિદાન અહીં આપીએછીએ.

અતિસારનું નિદાન.

હેતુ.—ભારે, ચીકણું, અતિ ઊનું, પાતળું, જાડું, ટાઢું, વગેરે ખાવાથી, વિરૂદ્ધ ભોજનથી, ખાધા ઉપર ખાવાથી, અજીર્ણથી, પોતાને સદે નહિ તેવું ખાવાથી, ઘણુંક સ્નેહપાન કરવાથી, વગર યુક્તિએ વિષનો ઉપયોગ કર્યાથી, ભયથી, શોકથી, નઠારાં પાણી પીવાથી, અતિશય મદ્યપાનથી, પ્રકૃતિને માફક નહિ એવું કાંઈ બનવાથી, પાણીમાં બહુ રમવાથી, જોરમાં વાગવાથી, પેટમાં કૃમિનો ઉપદ્રવ થવાથી, વગેરે કારણોથી અતિસાર થાયછે. (આ હેતુઓને તજવા એજ અતિસાર રોગમાં પથ્યછે).

સામાન્ય લક્ષણ.—જળના ધાતુ (રસ) જઠરાગ્નિને શા-

આવીને વિષ્ટા સાથે મળી જાયછે. પછી વાયુ તેને ગુદા-માર્ગે વારંવાર બહાર કાઢેછે. એ રોગને અતિસાર, ક-ળશિયો કે ઝાડાનો રોગ કહેછે.

પૂર્વરૂપ.—અતિસાર થવાનો હોય ત્યારે છાતી, નાભિ, ગુદા, પેટ, કૂખો, એ જગોએ તોડ થાયછે; શરીર શિ-થિલ થઈ જાયછે; વાછૂટ થતી નથી; ઝાડો નરમ થાયછે; પેટ ચઢેછે; અને ખાધેલું પચતું નથી.

પ્રકાર—એ રોગ સાત પ્રકારનો છે: વાતાતીસાર, પિ-ત્તાતિસાર, કફાતીસાર, ત્રિદોષાતીસાર, શોકાતીસાર, આમાતીસાર, અને રક્તાતીસાર. પેહેલા ચાર તો તે તે દોષના લક્ષણોથી ઓળખવા, શોકાતીસારમાં ચનોઠીના રંગ જેવા લોહીનો મળ સહિત ઝાડો થાયછે, આમાતી-સારમાં જૂદા જૂદા રંગનો મરડા સહિત ઝાડો થાયછે અને રક્તાતીસારમાં લોહીનો ઝાડો થાયછે.

અસાધ્યત્વ.—ઉલટી, તાવ, ખાંસી, શ્વાસ. તરસ, મોહ, સોજો, ચૂંક, હેડકી, અરૂચિ, એ ઉપદ્રવો જે અતીસાર-વાળાને હોય તેનો અતીસાર ઔષધોથી મટતો નથી.

જ્વારાતીસારનો ઉપાય.

अमृतातिविषासुराजयवस्तनयितुकिरातकविश्वपयः ।
अतिसारहरं ज्वरनाशकरं शृणु निर्जितकुञ्जरकुम्भकुचे ॥ १ ॥

હાથીનાં કુંભસ્થળને જેણે જીત્યાછે એવા કઠિન સ્તન-વાળી હે સ્ત્રી ! તું સાંભળ: ગળો, અતિવિખની કળી, ઇ-દ્રજવ, મોથ, કરિયાતું, સુંઠ, એ ઔષધોનો કવાથ આઠ

તોલા પીવાથી તે અતિસારને હરેછે અને તાવનો નાશ કરેછે.

બીજો ઉપાય.

शीतोशीरकयुग्मवत्सकत्वक्पाठापद्माह्वधान्यामृता—
भूनिम्बाम्बुदबालबिल्वकविषाविश्वौषधैः साधितः ।
क्वाथो माक्षिकसाक्षिको विजयते हृल्लासतृष्णावमी—
दाहारोचकसङ्घभङ्गचतुरः सर्वातिसारज्वरान् ॥२॥

રતાંજળી, વીરણવાળો, કાળોવાળો, કડાછાલ, પાહાડમૂળ, પદ્મકાષ્ઠ, ધાણા, ગળો, કરિયાતું, મોથ, બીલીના ગરવા, અતિવિખની કળી, શુંઠ, એ ઔષધો સમાન ભાગે લેઈને તેમાંથી ચાર તોલાનો કવાથ કરી તેમાં પાછળ બતાવ્યા પ્રમાણે મધ નાખીને પીવાથી તે કવાથ ઓડકાર (જેમાં પેટમાંથી પાણી પાછું મોઢામાં આવેછે તે), તરસ, ઉલટી, દાહ અને અરૂચિ, એ ઉપદ્રવોના સમુદાયને નસાડી મૂકવામાં કુશળ છે, તેમ તે સર્વે પ્રકારના અતિસાર અને જ્વરને હરેછે-અથવા ત્રિદોષાતિસાર અને જ્વરનેહરેછે.

ત્રીજો ઉપાય.

पञ्चाङ्घ्रिकृत्वयब्दबलेन्द्रबीज—
त्वक्सेव्यातिक्तामृताबिल्वविश्वैः ।
ज्वरातिसारान् सवमीन् सकासान्
सश्वासशूलान् शमयेत्कषायः ॥३॥

મોટાં પંચમૂળ (બીલીમૂળ, અરણીમૂળ, અલવા (મોટો

અરડૂસો) નું મૂળ, પાડળમૂળ, શેવણમૂળ.) પાહાડમૂળ, મોથ, બલબીજ (કોઈ 'બલા' ને ઠેકાણે કાંસકીનાં મૂળ લેવાનું કહેછે), ઇંદ્રજવ, કડાછાલ, વાળો, કડુ, ગળો, બીલી, સુંઠ, એ ઔષધોને સમાન ભાગે લેઈ તેમાંથી ચાર તોલાનો ક્વાથ કરી પીવાથી તે ઊલટી, ખાંસી, શ્વાસ અને શૂળ સહિત જ્વરાતિસારને શમાવેછે.

ચોથો ઉપાય.

कफाधिके वा पवनाधिके वा द्वयाधिके वा गुरुपञ्चमूलम् ।
पित्ताधिके स्याल्लघुपञ्चमूलं पुनः पुनः पृच्छसि किं मृगाक्षि ॥४॥

જ્વરાતિસારમાં કફનો વધારો હોય અથવા વાયુનો વધારો હોય અથવા કફ અને વાયુ બન્નેનો વધારો હોય તો મોટાં પાંચમૂળનો ક્વાથ પીવો; અને પિત્તનો વધારો હોય તો નાનાં પાંચ મૂળનો ક્વાથ પીવો, હે હરિણના નેત્ર સમાન નેત્રવાળી સ્ત્રી! તું ફરી ફરીને શું પૂછે છે? (મોટાં તથા નાનાં પાંચમૂળ પાછળ કહી આવ્યા છીએ તે લેવાં. ક્વાથનો વિધિ પાછળ કહ્યો તે પ્રમાણે કરવો.

સોફાતીસારનો ઉપાય.

सदेवदारुः सविषः सपाठः
सजन्तुशत्रुः सघनः सतिक्षणः ।
सवत्सकः क्वाथ उदाहृतो ऽसौ
सोफातिसारांबुधिकुम्भजन्मा ॥५॥

દેવદાર, અતિવિખની કળી, પાહાડમૂળ, વાવડીંગ, મો-

થ, મરીઆં, કડાછાલ. એ ઔષધો સમાન ભાગે લેઈ તેમાંથી ચાર તોલાનો કવાથ કરી તે પીવો. એ કવાથ સોજા સહિત અતિસારરૂપી સમુદ્રને શોષણ કરવાને અગસ્ત્ય મુનિ જેવો છે. અર્થાત્ અગસ્ત્ય મુનિએ એકજ અંજલિમાં આખા સમદ્રનુ શોષણ કર્યું હતું તેમ આ એકજ કવાથ સોજા સહિત દુસ્તર અતિસારને મટાડેછે.

અતિસારનો પ્રતિકાર.

अयिप्रियेप्रीतिभृतां मुरारौ किं बालकश्रीघनधान्यत्रिश्वैः? ।
यस्याप्यनीमाररुजो न तस्य किं बालकश्रीघनधान्यत्रिश्वैः? ।

હે પ્રિયા! હરિને વિષે પ્રીતિવાળા પુરૂષોને બાળક, લક્ષ્મી, અતિશય ધાન્ય અથવા વૃષ્ટિ અને ધાન્ય, તથા ત્રણે લોક, એ સર્વ શું કરવાં છે? અર્થાત્ હરિભક્તિમાં એ પદાર્થો અંતરાય રૂપ છે માટે હરિભક્તો તેમાં આસક્તિ રાખતા નથી; તેમજ જેને જન્મમરણની પીડાઓ નથી (જે જીવન્મુક્ત છે) તેમને પણ બાળક, લક્ષ્મી, વૃષ્ટિ, ધાન્ય અને ત્રણે લોકનો શો ઉપયોગ છે? કેમકે તે તો સદા પૂર્ણકામ હોયછે. (ઉત્તરાર્ધનો પ્રસ્તુત અર્થ-) અને જેને અતિસારના રોગની પીડાઓ નથી તેને પણ વીરણવાળો, નાની બીલીઓ. મોથ, ધાણા અને શુંઠ, એ પાંચ ઔષધો શા ઉપયોગનાં છે?

આ ઔષધોને સમાન લેઇને પાછળ કહ્યા પ્રમાણે તેનો કવાથ કરવો. સુશ્રુતમાં એનું ચૂર્ણ લેવાનું કહ્યું છે માટે તેમ કરવું હોય તો સમાન ભાગે લેઈ બારીક ખાંડી

ચાળીને તેમાંથી એક તોલો ચૂર્ણ ખાવું. આ ઔષધને "ધાન્યપંચક" કહેછે.

પિત્તાતિસારનો ઉપાય.

पित्तातिसारो धान्याम्बुबिल्वाब्दाभां निरुध्यते ।
केनात्रज्ञायते कर्त्ता पण्डिते न त्वया विना ॥७॥

ધાણા, વાળો, બીલી, અને મોથ, એ ઔષધોના પાણી (ક્વાથ) વડે પિત્તાતિસાર રોકાયછે. હે પણ્ડિતે! તારા વિના બીજા કોઇથી અહીં કર્ત્તા સમજાતો નથી.

આ શ્લોકમાં કવિએ વાક્યનો કર્ત્તા એવી રીતે મુકયો છે કે તે વાંચનારને ઝટ લઈને સમજાય નહિ, માટે એને 'કર્તૃગુપ્ત' કહેછે. ઉપલક દૃષ્ટિથી જોતાં આ પ્રમાણે અર્થ લક્ષ્યમાં આવેછે "ધાણા, વાળો, બીલી અને મોથના ......પિત્તાતિસાર રોકાયછે; હે સ્ત્રી! તારા વિના બીજા કયા પંડિતથી આ વાક્યનો કર્તા સમજાયછે?" શ્લોકમાંના 'केन' પદનો અર્થ 'કોનાવડે' એવો ઝટ લક્ષ્યમાં આવેછે માટે કર્ત્તાપદ જડતું નથી; પણ જ્યારે 'केन' પદનો અર્થ 'જળવડે' એવો ધ્યાનમાં આવેછે ત્યારે કર્ત્તાપદનો ખુલાસો મળી જવાથી ગ્રંથકર્ત્તાએ શ્લોકમાં 'केन' એટલા દ્વિઅર્થી પદવડે કરેલો ચમત્કાર જોઈ આનંદ થાયછે.

અતિસારના સામાન્ય ઉપાય.

इन्द्रजमेघमदाकुसुमश्री रोध्रमहौषधमोचरसानाम् ।

चूर्णमिदं गुडतक्रविमिश्रं ।हन्त्यचिरादतिसारमुदारम्॥८॥

ઇંદ્રજવ, મોથ, ધાવડીનાં ફૂલ, નાની બીલીઓ, લોધર, સુંઠ, મોચરસ, એ ઔષધો સમાન ભાગે લેઈ તેનું બારીક ચૂર્ણ કરી તેમાંથી એક તોલો ચૂર્ણ ભેઈને તેને ચાર તોલા છાશ તથા એક તોલો ગોળમાં મેળવીને પીવું. એ ચૂર્ણ ભારે અતિસારને પણ થોડા વખતમાં નાશ કરેછે—મટાડેછે.

બીજો ઉપાય.

कल्याणि! काञ्चनलताललिताङ्गयष्टे!
तांम्बूलशालिलपने! ललने! शृणुत्वम् ।
शुंठीमदाकुसुममोचरसाजमोदाम्
तक्रान्विताः प्रशमयन्त्यतिसारसारम् ॥९॥

હે કલ્યાણિ! સુવર્ણની વેલ સમાન સુંદર અંગરૂપી યષ્ટી જેની છે એવી હે સ્ત્રી! તાંબૂલવડે શોભાયમાન મુખવાળી હે સુંદરી! તું સાંભળ: શુંઠ, ધાવડીનાં ફુલ, મોચરસ, અજમોદ, એ ચાર ઔષધ સમાન લેઈ તેનું ચૂર્ણ કરીને તેમાંથી એક તોલો ચૂર્ણ ચાર તોલા ગાયની તાજી છાશમાં નાખીને પીવાથી તે અતિસારના બળને શમાવેછે.

ત્રીજો ઉપાય.

अतिसारप्रशमनी चित्रपत्रकशोभिनी ।
वृद्धिदा तनुवह्नेश्च श्यामा श्यामेव राजते ॥१०॥

જેમ, શરીરના અતિશય બળને શમાવનારી. ચિત્ર વિચિત્ર પત્રક (ગાલ અને સ્તનાદિ ઉપર કાઢેલાં ચિત્રામણ) વડે શોભનારી, અને કામાગ્નિની વૃદ્ધિ કરનારી તરૂણ સ્ત્રી શોભેછે તેમ, અતિસારના રોગને શમાવનારી, ચિત્રાનાં મૂળ અને તમાલ પત્રવડે શોભનારી (અર્થાત્ સંયુક્ત) તથા શરીરના અગ્નિને (અર્થાત્ જઠરાગ્નિને) વધારનારી **શ્યામા** (નસોત્તર) પણ શોભેછે.

મતલબ કે **ચિત્રો,** તમાલપત્ર અને નસોત્તર એ ત્રણેને સમાન લેઈ તેનું ચૂર્ણ કરીને તેમાંથી એક તોલો ચૂર્ણ ચાર તોલા છાશમાં પીવાથી અતિસાર મટેછે. 'શ્યામા'નો અર્થ 'પીપર' કરીને નસોત્તરને બદલે પીપર લેવી એવું પણ કેટલાક વૈદ્યોનું મતછે. તેમજ તમાલપત્રને ઠામે જાયપત્ર કે જાવંત્રી લેવી એમ પણ કોઈ વૈદ્યો કહે છે. પણ તે બાબત તેમના સિવાય બીજું પ્રમાણ નથી.

રક્તાતીસાર અને આમાતીસારનો ઉપાય.

बाले! बाललताप्रवाललतिकाकाराङ्घ्रिहस्ताधरे!
मल्लीमाल्यलसत्कुचक्षितिधरे ! रत्नोज्ज्वलन्मेखले ! ।
चञ्चत्कुण्डलमण्डले ! विजयते रक्तामशूलान्विता—
तीसारं कुटजाब्दबिल्वकविषोदीच्यैः कषायः कृतः ॥११॥

ઉછરતી વેલની કુંપળોની લતા સમાન રાતા જેના પગ, હાથ અને ઓઠ છે એવી હે બાળા ! મોગરાના પુષ્પોના હારવડે જેનો સ્તનરૂપી પર્વત શોભેછે એવી હે સ્ત્રી ! રત્નોવડે જેની મેખલા (સ્ત્રીઓને કેડે પેહેરવાનું

ભૂષણ) પ્રકાશિત છે એવી હે સ્ત્રી! જેને કાને શોભાયમાન કુંડળો પ્હેરેલાં છે એવી હે સ્ત્રી ! જે અતિસારમાં લોહી પડતું હોય તથા જેમાં આમ (જરસ) પડતું હોય એવા અતિસારને, કડાછાલ, મોથ, નાની બીલીઓના મરવા, અતિ વિખની કળી, અને વીરણવાળો, એ ઔષધીઓથી કરેલો ક્વાથ જીતેછે—મટાડેછે તાત્પર્ય કે એ પાંચ ઔષધો સમાન લેઈને તેનો ચાર તોલાનો સોળગણા પાણીમાં ક્વાથ કરી અષ્ટમાંશ શેષ રાખી પીવાથી આમાતીસાર તથા રક્તાતીસાર મટેછે.

જીર્ણાતીસાર ઉપર મહા ગંગાધર ચૂર્ણ.

धातक्यामलकीपयोधरवृकीकट्वङ्गयष्टीमधु—
श्रीजम्ब्वाम्रफलास्थिनागरविषाह्वाबेरलोध्रेन्द्रजैः ।
तुल्यांशं विहितं सतन्दुलजलं गङ्गधराख्यं महद्—
चूर्णं तूर्णमपाकरोति सकलं जीर्णातिसारं परम् ॥१३॥

ધાવડીનાં ફૂલ, આંમળાં, મોથ, પાહાડમૂળ, ટેટૂમૂળ, જેઠીમધ, નાની બીલીઓ, જાંબૂડાના ઠળિયાની મીંજ, કેરીની ગોટલી, સુંઠ અતિવિખ, વાળો, લોધર, ઇંદ્રજવ, એ સર્વે ઔષધો સમાન ભાગે લેઈને તેનું ચર્ણ કરવું. એને મહાગંગાધર ચૂર્ણ કહેછે. એ ચૂર્ણ એક તોલો લેઈને તેથી ચોગણા ચોખાના ધોવરામણમાં મેળવીને પીવાથી ઘણા લાંબા વખતનો મોટો અતિસાર હોય તેને પણ જલદી દૂર કરેછે.

ઉપરના ઔષધમાં कट्वङ्ग નામે વનસ્પતિનો અર્થ ટેંટૂમૂળ લખ્યો છે, પણ 'ટેંટૂમૂળ' વનસ્પતિ પ્રાપ્ત થવી કઠિન છે. અનુભવી વૈદ્યો कट्वङ्ग ને ઠામે કડાછાલ લેવાનું પસંદ કરેછે. કડાછાલ અતિસારને મટાડનારી છે માટે ટેંટૂમૂળને ઠામે તે લેવાને બાધ નથી એક તોલો ખાંડેલા ચોખાને આઠગણા પાણીમાં ચોળીને ધોયા પછી પાણી ગાળી લેવું. એ ચોખાનું ધોવણ પીવાના ઉપયોગમાં લેવું.

રક્તાતિસારનો ઉપાય.

अयि! कन्दुकनिन्दकस्तनि! प्रमदारूपमदापहारिणि! ।
रुधिरातिसृतौकषायकःसमधुर्दाडिमवत्सकत्वचः ॥१३॥

દડાના કરતાં પણ વધારે કઠિન અને વર્તુલ સ્તનવાળી હે સ્ત્રી! સ્ત્રીઓના રૂપ સંબંધી ગર્વને હરનારી અર્થાત્ સર્વ સ્ત્રીઓ કરતાં અધિક રૂપવાળી હે સ્ત્રી! રક્તાતીસારમાં દાડિમની છાલ બે તોલા તથા કડાછાલ બે તોલા લેઈને એ ચાર તોલાનો ક્વાથ મધ નાખીને પીવો. ક્વાથ કરવાનો વિધિ, તે પીવાનું માપ તથા તેમાં મધ કેટલું નાખવું તે સહુ પાછળ કહી ગયા છીએ તે પ્રમાણે જાણવું.

બીજો ઉપાય.

चन्दनं विमलतन्दुलाम्बुना संयुतं मधुयुतं सितायुतम् ।
रक्तिरक्खण्डनमसृग्विखण्डनं खण्डनं प्रचुरदाहमोहयोः॥१४॥

સફેદ ચંદન (સુખડને નિર્મળ ચોખાના ધોવરામણમાં

ઘસીને તે એક તોલો લેવું તથા તેમાં બે તોલા મધ અને એક તોલો સાકર નાખવી. પછી સર્વને ચાર તોલા ચોખાના ધોવરામણમાં ભેળવીને રોગીએ પી જવું. એ ઔષધ તૃષાને હરનારૂં, લોહી સંબંધી વિકારનો નાશ કરનારૂં તથા અત્યંત દાહ અને મોહ (મૂર્છા) ને પણ મટાડનારૂં છે.(આ ઔષધ રકતપ્રદર ઉપર સારો ગુણ કરેછે).

ત્રીજો ઉપાય.

कुक्षिशूलामशूलघ्नं विबन्धास्रातिसारजित् ।
सेवेत सगुडं बिल्वं बिल्वतुल्यपयोधरे! ॥१५॥

હે બીલાના સરખા ગોળ સ્તનવાળી સ્ત્રી ! એક તોલો બીલીનું ચૂર્ણ લેઇને તેમાં એક તોલો ગોળ મેળવીને ખાવું. એ ઔષધ કૂખોમાંનું શૂળ, આમશૂળ, બંધકોષ્ઠ અને રક્તાતિસારને મટાડનારૂં છે.

અસાધ્ય અતિસારનાં લક્ષણ.

तापान्नविद्वेषणशोफशूलहिक्कातिमूर्छाकफवान्तिश्वासैः ।
युक्तोतिसारी स्मरतु प्रसह्य गोविन्दगोपालगदाधरेति॥१६॥

પાઠાંતર.

तृट्श्वासकासज्वरशोफमूर्छाहिक्कान्नविद्वेषणवान्तिशूलैः ।
युक्तोतिसारी स्मरतु प्रसह्य गोविन्दगोपालगदाधरेति॥१६॥

જે મનુષ્યને તાવ આવતો હોય, તેનાથી અન્ન ખવાતું ન હોય, તેને શરીરે સોજો ચડયો હોય, તેને શૂલ આવતું હોય, હેડકીનો ઉપદ્રવ થયો હોય, મૂર્છા આવતી હોય, કફનું જોર વિશેષ હોય, ઉલટી થતી હોય, શ્વાસ ઉપડતો

હોય, અને બધાની સાથે તેને અતિસારનો રોગ પણ થયેલો હોય તો તેણે ગમે તેમ કરીને પણ ગોવિંદ, ગોપાળ, ગદાધર, એવાં હરિનાં નામનું સ્મરણ કરવું. અર્થાત્ શ્લોકમાં કહ્યા તેવા ઉપદ્રવો અતિસાર રોગવાળાને થાય ત્યારે તે અતિસાર અસાધ્ય જાણવો. પાઠાંતરમાં તૃષા, ખાંસી, શ્વાસ, તાવ, સોજો મૂર્છા, હિક્કા, અન્નનો દ્વેષ, ઉલટી, શૂલ, એ દશ ઉપદ્રવવાળો અતિસારી અસાધ્યછે.

આમરક્તાતિસારનો ગ્રંથાંતરમાંથી પ્રયોગ.

जातीफलं नागरमर्पफेनो खर्जूफलं भिन्नमिदं च नित्यम् ।
योज्यं द्विनिष्कं च करीषजातादरण्यजाद्भस्म समं च सर्वैः ॥
निष्कार्द्धमात्रं भिषजा प्रयोज्यं द्विवारमेतच्छुभतन्दुलोदैः ।
जीर्णातिसारे रुधिरामयुक्ते हितः सशूले बहुवेगयुक्ते ॥१८॥

જાયફળ, સુંઠ, અફીણ, ખારેક (ઠળીઆ વગરની), એ સર્વ સમાન લેઇને જાદું રાખવું. પછી જંગલનાં અડાયાંની ભસ્મ લેઇ તે બધા ઓષધની બરાબર તેમાં મેળવવી. પછી એ એકઠા કરેલા ચૂર્ણમાંથી બેઆની પૂર લેઈને તેને ચોગણા ચોખાના ધોવરામણમાં મેળવીને પીજવું. એ રીતે દરરોજ સવાર સાંજ બે વખત પીવું. એ ઔષધને જાતિફલાદિ ચૂર્ણ કહેછે. તે લોહી અને જરસ સહિત ઘણા દિવસનો મરડો થયો હોય તથા જેમાં આંકડી અને શૂળ આવતાં હોય અને ઘણા વેગે આવતા હોય એટલે વારંવાર ઝાડે ફરવા જવું પડતું હોય તેને મટાડેછે.

એ ઔષધને કોઈ ગ્રંથમાં 'જાતિ ફલાદિ પુટપાક' નામ આપ્યુંછે. પુટપાક પણ ઉપર કહ્યા તેવા અતિસારમાં સારો ગુણ કરેછે. આ પુટપાક કરવાનો વિધિ આ પ્રમાણે છે. જાયફળ, સુંઠ તથા અફીણને એકત્ર ઘૂંટીને તેનું બારીક ચૂર્ણ ખારેકમાં ઠળીઆની જગોએ ભરવું. ચૂર્ણ વધારે હોય તો બે, ત્રણ, કે વધારે ખારેકો ભરવી. પછી તે ખારેકોને વડ કે જાંબુડાનાં પાંદડાંમાં મજબૂત લપેટીને તે ઉપર ભીના ચીંથરાનો સજ્જડ પાટો વીંટવો તથા તે ઉપર માટીનો લેપ બે આંગળ જાડો કરીને તેને અડાયાંના અગ્નિમાં મૂકી દેવો. પુટપાકવાળો ગોળો જ્યારે લાલચોળ થાય ત્યારે બહાર કાઢીને તેને ઠંડો પડવા દેઈને અંદરથી ખારેકો કાઢી લેવી. તે ખારેકોમાં તેના જેટલીજ વજનમાં જંગલી અડાઆંની રાખ ભેળવીને ખલમાં ઘૂંટીને ચૂર્ણ કરવું. આ ચૂર્ણ લોહી, આમ, તથા શૂળવાળા મરડાના કે અતિસારના રોગીએ ઉપર કહ્યા પ્રમાણે સાંજ સવાર બે બે આનીભાર ચોખાના ધોવરામણમાં પીવું.

ગ્રહણી રોગ.

હેતુ—અતિસાર થઈને મટી ગયા પછી જ્યારે રોગી ખાવા પીવાનો વિચાર રાખતો નથી ત્યારે તેનો જઠરાગ્નિ બિગાડ પામીને ગ્રહણી અથવા જેને સંગ્રહણી (સંઘરણી) કહેછે તે રોગને ઉત્પન્ન કરેછે.

પૂર્વરૂપ—તેથી તરસ, આળસ, દાહ, અપચો; શરીરનું ભારેપણું, વગેરે થવા માંડીને બળનો ક્ષય થાયછે.

લક્ષણ—પછી જે ખાધું હોય તેનો આમ થઈને ગુદા વાટે પડેછે. વખતે પકવ થઈને પડેછે, અને વખતે તે કઠણ કે પાતળો હોયછે- ઝાડો થતાં મરડો પણ થાયછે.

પ્રકાર—એ રોગ વાત, પિત્ત, કફ, ત્રિદોષ અને આમ, એ દોષોના કારણથી પાંચ પ્રકારનો થાયછે, વાતાદિ દોષથી ઉત્પન્ન થયેલા ગ્રહણી રોગમાં તે તે દોષનાં લક્ષણ જોવામાં આવેછે તે ઉપરથી કયા પ્રકારનો ગ્રહણી રોગ છે તે બુદ્ધિમાન્ જાણી શકેછે. ત્રિદોષ ગ્રહણીમાં ત્રણે દોષનાં લક્ષણ મિશ્ર હોયછે, આમ સંગ્રહણીમાં આંતરડાં બોલે; આળસ અને દુર્બળતા થાય; ઝાડો નરમ, જાડો, ચીકણો, ધોળો, શબ્દ સહિત, કટિમાં વેદના સહિત અને થોડા મરડા સહિત આમવાળો થાય, દિવસે રોગ વધે અને રાત્રે શાંતિ માલમ પડે.

અસાધ્યત્વ—સૂતેલા રોગીના પાસામાં શૂળ અને જળઘટીયંત્રના જેવો શબ્દ થાય, તેને ઘટીયંત્ર સંગ્રહણી કહેછે એ મટવો મુશ્કેલ છે.

સંગ્રહણી રોગમાં દીપન પાચન.

यत्रानीनागरोशीरधनिकातिविषाघनैः ।

बालबिल्वाद्विपर्णीभिर्दीपनं पाचनं भवेत् ॥१९॥

જવાન (અજમોદ), શુંઠ, વીરણવાળો, ધાણા, અતિવિખની કળી, મોથ, નાની બીલીઓ, શાલિપર્ણી, પૃષ્ટિપર્ણી, એ ઔષધો સમાન ભાગે લેઈને તેનું ચૂર્ણ કરીને એક તોલો ખાવું. એથી જઠરાગ્નિ પ્રદિપ્ત થાયછે તથા

મળનું પાચન થાયછે.

ગ્રહણી ઉપર પુનર્નવાદિ ક્વાથ.

पुनर्नवावह्निर्जबाणपुङ्खाविश्वाग्निपथ्याचिरबिल्वबिल्वैः ।
कृतः कषायः शमयेदशेषान् दुर्नामगुल्मग्रहणीविकारान् ।२०।

સાટોડી, મરીઆં, શરપંખો, શુંઠ, ચિત્રો, હરડેદળ, કરંજ (કણજી) ની અંતર્છાલ, બીલી, એ ઔષધો સમાન ભાગે લેઈને તેમાંથી ચાર તોલાનો પાછળ કહેલા વિધિ પ્રમાણે ક્વાથ કરીને પીવો. એ ક્વાથ અર્શ, ગુલ્મ (ગોળાનો રોગ) તથા ગ્રહણી રોગ–સહુને શમાવેછે.

બીજો ઉપાય.

शुंठीछिन्नरुहाविषाजलधरैस्तुल्यैः कषायः कृतो
मन्दाग्नौ ग्रहणीगदेपि सततं सामानुबन्धे हितः ।
शुण्ठीकल्कशृतं घृतं प्रपिबतः प्लीहामवातापहं—
स्याद्वायोरनुलोमनं ग्रहणिका वेगेन जङ्गम्यते ॥२१॥

શુંઠ, ગળો, અતિવિખની કળી, મોથ, એ સર્વે ઔષધો સમાન ભાગે લેઈને તેમાંથી ચાર તોલાનો વિધિપૂર્વક ક્વાથ કરીને પીવાથી તે મંદાગ્નિમાં તથા આમસહિત ગ્રહણીના રોગમાં સદૈવ હિતકર છે. તેમજ શુંઠના કલ્કમાં સિદ્ધ કરેલા ઘીને પીવાથી બરોળ અને આમવાયુ મટેછે, વાયુ તેના સ્વાભાવિક માર્ગમાં ગમન કરનારો થાયછે અને ગ્રહણી રોગ જલદી મટી જાયછે.

શુંઠ ને પાણીમાં વાટીને ચટણી જેવી કરી તે એક તો-

લો લેઇને ચાર તોલા ગાયના ઘીમાં નાખીને ઉકાળવું. જ્યારે ઘી ઉપર ફીણ આવીને જતું રહે ત્યારે તેને ઉતારીને ગાળી લેવું તથા ઠંડું પડયા પછી તેટલું ઘી પી જવું. ઘી પીવાની માત્રા ચાર તોલાની છે. ઘી સિદ્ધ કરતી વખતે કલ્ક કરતાં ઘી ચોગણું લેવું એવો નિયમ ધ્યાનમાં રાખવો.

ત્રીજો ઉપાય.

पाठाविषाकुटजवृक्षफलत्वगब्द—
तिक्तामदारसजनागरबिल्वचूर्णम् ।
सक्षौद्रतण्डुलजलं ग्रहणीप्रवाह—
रक्तप्रवाहगुदरुग्गुदजेषु दद्यात् ॥२२॥

પાહાડમૂળ, અતિવિખની કળી, ઇંદ્રજવ, કડાછાલ, મોથ, કડુ, ધાવડીનાં ફૂલ, રસવંતી (રસાંજન), શુંઠ, નાની બીલીઓ, એ એૌષધોનું ચૂર્ણ મધ તથા ચોખાના ધોવરામણમાં પીવાથી ગ્રહણીનો પ્રવાહ, રકતનો પ્રવાહ, ગુદામાં થતી પીડા તથા અર્શ રોગ ઉપર આપવું. અર્થાત્ એ ચૂર્ણ એક તોલો લઈને તેમાં બે તોલા મધ તથા ચાર તોલા ચોખાનું ધોવરામણ નાખીને પીવાથી ઉપર કહેલા રોગો મટે છે.

ચોથો ઉપાય.

तुल्यांशं सकलं किरातकटुकामुस्तेंद्रजत्र्यूषणं
भागाश्चंद्रकलामिताःकुटजतो भागद्वयं चित्रकात् ।
चूर्णं रत्नकलाभिधं गुडपयोयुक्तं च पांडुज्वरा—

तीसारारुचिकामलाग्रहणिकागुल्मप्रमेहापहम् ॥२३॥

કરીઆતું, કડુ, મોથ, ઇંદ્રજવ, શુંઠ, પીપર, મરી, એ સર્વે સરખે ભાગે એટલે એક એક તોલો લેવાં; કડાછાલ સોળ ભાગ એટલે સોળ તોલા લેવી; ચિત્રો બે ભાગ એટલે બે તોલા લેવો; એ સર્વનું બારીક ચૂર્ણ કરવું. એ ચૂર્ણને 'રત્નકળા ચૂર્ણ' કહેછે. રત્નકળા ચૂર્ણ એક તોલો લઈને તેમાં તેટલોજ ગોળ તથા ચાર તોલા પાણી મેળવીને પીવાથી પાંડુ (પંડ) રોગ જ્વર, અતીસાર, અરૂચિ, કમળો, ગ્રહણીરોગ, ગુલ્મ અને પ્રમેહ એ રોગ મટેછે.

આ શ્લોકના ઉત્તરાર્દ્ધને ઠામે નીચે લખેલો પાઠ પણ કેટલીક પ્રતોમાં છે:—

"चूर्णोऽगस्तिरयं हिमांबुगुडयुक्तः सेव्यमानो हरेत्
गुल्मारोचककामलाग्रहणिकातीसारपांडुज्वरान्"

"એ ચૂર્ણને અગસ્તિ ચૂર્ણ કહેછે. તે ઠંડું પાણી તથા ગોળ સાથે ખાવાથી ગુલ્મ, અરૂચિ, કમળો, ગ્રહણી, અતિસાર, પાંડુ અને જ્વરને મટાડેછે."

પાંચમો ઉપાય.

अजाजिकाहिङ्गुपटुत्रयाणां क्षारद्वयं ग्रन्थिकटुत्रयाणाम् ।
चव्याजमोदाग्निशिचित्रकाणां चूर्णं समांशं विदधीत धीमान् ॥
कोष्णाम्बुना कोलरसेन युक्तं तक्रान्वितं काञ्जिकमिश्रितं वा ।
पेपीयमानं सुखदं नृणां स्याद्गुल्मग्रहण्यामगुदाङ्कुरेषु ॥२५॥

જીરૂં, હીંગ, સિંધવ, સંચળ બિડલવણ (બિડખાર), જવખાર, સાજીખાર, પીપરીમૂળ, સુંઠ, પીપર, મરી, ચવક, અજમોદ, સુઆ અને ચિત્રો, એ ઔષધો સમાન ભાગે લેઇને તેનું ચૂર્ણ કરવું. તે ચૂર્ણને એક તોલાની માત્રા પ્રમાણે લગાર ગરમ કરેલા પાણીમાં, બોરડીની અંતરછાલના કવાથમાં, છાશમાં અથવા કાંજીમાં મેળવીને પીવાથી તે ગુલ્મરોગ, ગ્રહણીરોગ, આમવાત, અને અર્શ એ રોગોમાંથી મુકત કરી મનુષ્યોને સુખ આપેછે.

ચૂર્ણમાં હીંગ શેકેલી લેવી તથા જે પ્રવાહી સાથે પીવું હોય તે ચાર તોલા લેવું. મિશિ નો અર્થ વરિયાળી કરીને કોઈ સુઆને ઠેકાણે વરિયાળી લેછે.

એજ ઔષધનું બીજે પ્રકારે કથન.

क्षारद्वन्द्वपटुत्रिकत्रिकटुकैश्चव्याजमोदानलैः
कृष्णामूलकहिङ्गुजीरमिशिभिस्तुल्यैर्विधेयं रजः ।
पीतं कोष्णजलेन कोलपयसा तक्रेण वान्यौषधा—
द्धृद्रुग्गुल्मगुदाङ्कुरग्रहणिपुप्रायःप्रियंप्रेयसि ! ॥२६॥

જવખાર, સાજીખાર, સિંધવ, સંચળ, બિડખાર, સુંઠ, પીપર, મરી, ચવક, અજમોદ, ચિત્રો, પીપરીમૂળ, હિંગ, જીરૂ, સુઆ એ સર્વે ઔષધો સમાન લેઈને તેનું ચૂર્ણ કરવું. હે પ્રિયા! એ ચૂર્ણને (એક તોલો) લેઇને ગરમ પાણી સાથે, બોરડીના કવાથ સાથે, છાશ સાથે અથવા બીજા કોઈ (કાંજી) વગેરે ઔષધ સાથે પીએ તો તે છાતીની પીડા, ગુલ્મ, અર્શ અને ગ્રહણી રોગમાં વિશે-

પે કરીને પ્રીતિજનક (રોગહારી હોવાથી) છે.

ઉપરના બન્ને શ્લોકોમાં ઔષધ કાંજી સાથે પણ પીવાનું કહ્યું છે માટે એ કાંજી બનાવવાની ક્રિયા સંક્ષેપમાં અહીં બતાવીએ છીએ. માટીની નવી માટલી આણીને તેને સરશીયું તેલ ચોપડીને તેમાં નિર્મળ પાણી નાખવું, પછી રાઈ, જીરૂ, હીંગ, સિંધવ, શુંઠ અને હળદર, એ ઔષધોનું ચૂર્ણ, ભાત સાથે ઓસામણ, કળથીનો ક્વાથ, થોડોક વાંસનો પાલો, એ તેમાં નાખવું. અને પાણીના પ્રમાણમાં તેમાં દસ પાંચ વડાં ઘીમાં તળીને તેમાં નાખીને વાસણનું મોઢું ત્રણ દિવસ બંધ કરી મૂકવું. એ પાણી ખાટું થાયછે તેને કાંજી કહેછે. એ કાંજી ગાળી લેઈને ઉપયોગમાં લેવી.

છઠ્ઠો ઉપાય—ક્ષારાદિ ગુટિ.

द्विक्षारषट्कटुपटुव्रजहिङ्गुदिप्यैः
स्यात्सारलुङ्गबदरैकरसेन युक्तः ।
श्लेष्मानिलग्रहणिकागुदजेषु शस्तो
लोकत्रयैकसति ! दीपनपाचनोऽयम् ॥२७॥

જવખાર, સાજીખાર, સુંઠ, પીપર, મરી, ચિત્રો, ચવક, પીપરીમૂળ, સિંધવ, સંચળ, બિડખાર, સમુદ્રમાંથી નીપજતું મીઠું (ઘશિયું મીઠું), વરાગડું મીઠું, શેકેલી હિંગ, અજમોદ, એ ઔષધોનું સમાન ભાગે લેઇ તેનું ચૂર્ણ કરીને તેમાં ચૂર્ણથી ચોગણો દાડીમના બીજનો રસ (દાડિમ સાર), બીજોરાનો રસ, અથવા બોરડીનો ક્વાથ,

એમાંથી ગમે તે એક મેળવીને તેની ગોળીઓ કરવી. એ ગોળીઓમાંથી એક તોલા પ્રમાણે ઔષધ ખાવું. એ ગોળીઓ કફ, વાયુ, ગ્રહણી અને અર્શમાં હિતકર છે. તથા હે ત્રણ લોકમાં સર્વોત્તમ સતિ! એ જઠરાગ્નિને પ્રાદિપ્ત કરનાર તથા મળનું પાચન કરનાર પણ છે. આ શ્લોકના ઉત્તરાર્દ્ધને ઠામે આવો પણ પાઠ છે.—

"श्लेष्मानिलग्रहणिकासु गुडः प्रशस्तो
नक्षत्रमुख्यमुखि ! दीपनपाचनोऽलम् ॥

" એ ગોળી કફ, વાયુ, અને ગ્રહણી રોગમાં હિતકર છે તથા હે ચંદ્રમુખી ! એ જઠરાગ્નિનું સારી રીતે દીપન કરનાર તથા મળનું પાચન કરનાર છે.

સાતમો ઉપાય.

चूर्णं चित्रकचव्यश्रीविश्वभेषजनिर्मितम् ।
तक्रेणसहितं हन्ति ग्रहणीं दुःखकारिणीम् ॥२८॥

ચિત્રો, ચવક, નાની બીલીઓ, શુંઠ, એ ચાર ઔષધો સમાન લેઈને તેનું ચૂર્ણ કરીને તે ચૂર્ણ એક તોલા પ્રમાણે ચોગણી છાશમાં પીવાથી તે દુઃખકારી ગ્રહણી રોગને હણેછે-ગ્રહણી રોગ મટાડેછે,

આઠમો ઉપાય.

रुचकाग्निमरीचानां चूर्णं तक्रेण सेवितम् ।
ग्रहण्युदरगुल्मार्शः क्षुन्मान्द्यप्लीहनाशनम् ॥२९॥

સંચળ, ચિત્રો, અને મરીઆં, સમ ભાગે લેઇ એ ત્રણનું

ચૂર્ણ એક તોલો ચોગણી છાશમાં નિત્ય સેવવાથી (ખાવાથી) ગ્રહણી રોગ, ઉદર (પેટ) ના રોગ, ગુલ્મ (ગોળાનો રોગ), અર્શ, જઠરાગ્નિનું મંદપણું, અને બરોળની ગાંઠ, એ રોગોનો નાશ થાયછે.

ઝાડાની કઠિનતાનો ઉપાય.

कष्टेण कठिनत्वेन यः पुरीषं विमुञ्चति ।
सघृतं लवणं तस्य पाययेत्क्लेशशान्तये ॥३०॥

જેને દુઃખેકરીને કઠણ ઝાડો થતો હોય તેને તે દુઃખની શાંતિ થવા માટે ઘી સાથે સિંધવ પાવો. ચાર તોલા ગરમ કરેલા ઘીમાં ચાર માસા સિંધવ નાખીને પીવું.

वातानुलोमनं सर्पिः शुण्ठिकल्केन साधितम् ।
कासश्वासज्वरप्लीहपाण्डुग्रहणिनाशनम् ॥३१॥

શુંઠના કલ્કવડે સિદ્ધ કરેલું ઘી વાયુને તેના સ્વાભાવિક માર્ગમાં સ્થાપનાર છે, તથા ખાંસી, શ્વાસ, તાવ, બરોળ, પાંડુરોગ અને ગ્રહણી રોગને નાશ કરનાર છે. (પાછળ શ્લોક ૨૧ માના ઉત્તરાર્દ્ધનો અર્થ જુઓ; એમાં આજ પ્રયોગ છે).

આમગ્રહણીનો ઉપાય.

आजं पयो जलधरेन्द्रजबालबिल्व—
ह्रीबेरमोचरसकल्कयुतं विपक्वम् ।
आमानुबन्धसहितं रुधिरान्वितं च
सद्यो निहन्ति गृहिणि ! ग्रहणीविकारम् ॥३२॥

મોથ, ઇંદ્રજવ, નાની બીલીઓ, વીરણવાળો, મોચરસ, એ સર્વે સમાન લેઈ તેનું ચાર તોલાનું કલ્ક (પાણીમાં વાટી ચટણી) કરી કલ્ક કરતાં આઠગણા બકરીના દૂધમાં તે કલ્ક નાખવું તથા દૂધ કરતાં ચારગણું પાણી નાખીને તેને ઉકાળવું. પછી જ્યારે દૂધ માત્ર શેષ રહે ત્યારે નીચે ઉતારી દૂધ ગાળી લેઈને તેમાંથી આઠ તોલા કે જઠરાગ્નિનું બળ વિશેષ હોય તો પાચન થાય તેટલું દૂધ પીવું. હે સ્રી ! એ દૂધ આમસહિત તથા રૂધિરસહિત ગ્રહણી રોગને તત્કાળ નાશ કરેછે—મટાડેછે.

इतिश्रीवैद्यजीवनेग्रहणीप्रतीकारोनामाद्वितीयोल्लास ॥२॥

तृतीयोल्लासः ।

શ્વાસ અને કાસ.

હેતુ—ધૂમાડો કે ધૂળ ગળામાં પેસવાથી, અતિશય મેહેનત કરવાથી. ચીણો, કોદરા, વગેરે રૂક્ષ પદાર્થ ખાવાથી, શ્વાસનળીમાં અન્ન જળનો પરમાણુ જવાથી, છીંક આવતી અટકાવવાથી, દાહકારક પદાર્થ ખાવાથી, ભારે તથા બદ્ધકોષ્ઠ કરનારા પદાર્થ ખાવાથી, શીતળ થયેલા પદાર્થ ખાવા પીવાથી, ઠંડે પાણીએ નાહાવાથી, અતિશય તાપ કે અતિશય વાયુ સેવવાથી, અતિ ભાર ઊંચકવાથી, ઘણી મુસાફરી કરવાથી, જોરથી વાગવાથી, આમસંબંધી રોગ થવાથી, સ્ત્રી સંગથી, ક્ષયરોગથી, વિષમ ભોજનથી, અતિ ભોજનથી, વગેરે કારણોથી ખાંસી, હિક્કા અને શ્વાસ, એ વ્યાધિઓ ઉપજેછે. (એ હેતુઓથી દૂર રહેવું એ, એ રોગમાં પથ્ય છે).

પૂર્વરૂપ (ખાંસીનું)—ગળામાં કફ ઉપજે, તેમાં ચેળ ઉત્પન્ન થાય, અવાજ બદલાય, વગેરે લક્ષણોથી જાણવું કે ખાંસી ઉત્પન્ન થવાની છે.

લક્ષણ—પ્રાણવાયુ ઉદાનની સાથે મળીને ભાગેલા કાંસાના વાસણના અવાજ જેવા અવાજ સાથે એકાએક મુખમાંથી બાહાર નીકળેછે તેને કાસ, ખાંસી કે ઉધરસ કહે છે. તથા પ્રાણવાયુ પોતાનું સ્થાન છોડી કફ સહિત વારંવાર આવે અને જાય તેને શ્વાસ કે દમ કહેછે.

પ્રકાર (ખાંસીના)—પાંચ છે. વાતકાસ એટલે વાયુથી થયેલી ખાંસીમાં ગળુ છોલાયછે-સૂકી ઉધરસ આવેછે કફ પડતો નથી; પિત્તકાસમાં મોંમાંથી કડવા પિત્તના ગળફા પડેછે; કફકાસમાં મધુર ગળફા પડેછે; ઉરઃક્ષતકાસ છાતીને જોર પોહોચવાથી થાયછે. એમાં પ્રથમ સૂકી અને પછી લોહીના ગળફાવાળી ઉધરસ થાયછે. ઉધરસ આવ્યા પછી કબૂતરની પેઠે ગળામાં અવાજ થાયછે. (આ પ્રકાર ભયંકર છે).

ક્ષયકાસ—એમાં લોહી અને પરૂના ગળફા પડેછે. શોકથી તથા વ્રણ વગેરેથી એ ઉપજેછે. શ્વાસ પણ પાંચ પ્રકારનો છેઃ મહાશ્વાસ, ઊર્ધ્વશ્વાસ, છિન્નશ્વાસ, તમકશ્વાસ, અને ક્ષુદ્રશ્વાસ, એમાંના પેહેલા ત્રણ શ્વાસ અસાધ્ય છે.

કાસનો ઉપાય.

अतःपरं कोमलवाणि ! कासश्वासप्रतीकारमुदीरयामः ।
निहन्ति कासं लघुपञ्चमूली कृतः कषायश्चपलासहायः ।१।

હે કોમળ વચન બોલનારી સ્ત્રી! હવે અમે ખાંસી અને શ્વાસની ચિકિત્સા કહીએ છીએ. લઘુ પંચમૂળનો ક્વાથ કરીને તેમાં પીપરનું ચૂર્ણ નાખીને પીવાથી તે ખાંસીને મટાડે છે.

શાલિપર્ણી, પૃષ્ટિપર્ણી, રીંગણી, ભોંયરીંગણી (ભોરીંગણી), ગોખરૂમૂળ, એ પાંચને લઘુ પંચમૂળ કહેછે. એ ઓંષધો સમાન લેઇને તેમાંથી ચાર તોલાનો ક્વાથ કરી અષ્ટમાંશ શેષ રહે ત્યારે તેમાં પીપરનું ચૂર્ણ ચાર માસા નાખીને ક્વાથ પીવો.

શ્વાસ તથા ખાંસીનો ઉપાય.

घनविश्वशिवागुडजा गुटिका
त्रिदिनं वदनाम्बुजमध्यधृता ।
हरति श्वसनं कसनं ललने !
ललनेव हिमं हृदयोपगता ॥२॥

મોથ, શુંઠ, હરડે, એ ત્રણ ઓંષધો સમાન ભાગે લેઈ તેનું ચૂર્ણ કરીને તેમાં ચૂર્ણથી બમણો ગોળ નાખીને ગોળી કરવી. ગોળી ત્રણ દિવસ સુધી મુખરૂપી કમળમાં રાખવી. હે સુંદરી! જેમ હૃદય સાથે આલિંગિત સ્ત્રી શીતને હરેછે તેમ એ ગોળી શ્વાસ અને કાસને હરેછે. (ગોળી મોંમાં રાખવાની છે માટે પ્રમાણ બતાવ્યું નથી તથાપિ મુખમાં રાખવાને અનુકૂળ પડે એવડી ગોળી કરવી, તથા એક ગોળી થઇ રહે એટલે બીજી ગોળી મોંમાં રાખવી).

કાસશ્વાસ ઉપર બીભીત કાવલેહ.

आजस्य मूत्रस्य शतं पलानां
शतं फलानां च कलिद्रुमस्य ।
पक्कं समध्वाशु निहन्ति कासं
श्वासं च तद्वत्सबलं बलासं ॥३॥

બકરીનું મૂત્ર દસ સેર લાવવું તથા તેમાં બેઢાંનાં ફળ સો નાખીને તેને રાંધવાં. પકવ થાય ત્યારે તે બેઢાંના ઠળિયા કાઢી નાખીને જે ભાગ રહે તેમાં મધ મેળવીને તે ખાવું. (ખાવામાં બેઢાં એક તોલો અને મધ બે તોલા લેવું.) એ અવલેહ ખાંસીને, શ્વાસને તથા બળવાન કફને હણેછે.

કાસાદિ ઉપર આર્દ્રકાવલેહ.

आर्द्रादर्धतुला गुडादपि तथा धान्यं च कुस्तुम्बरी—
दीप्यायो जरणत्रिजातजलदादेतत्पचेद्युक्तितः ।
लेहो रत्नकले ! तवैव कथितः प्राणप्रियाया मया
कासार्शोज्वरपीनसश्वयथुरुग्गुल्मक्षयध्वंसनः ॥४॥

પાંચ શેર આદુ લાવી તેને છોલીને બારીક કાતળીઓ કરવી. પછી પાંચશેર ગોળમાં તે નાખવી. પછી ધાણા, અજમોદ, લોહભસ્મ, જીરૂ, તજ, તમાલપત્ર, એળચી, મોથ, એ સર્વ ઓષધો બે બે તોલા લેઈને તેમનું ચૂર્ણ કરીને તેમાં નાખવું. પછી તેને ચૂલે ચઢાવીને પાક કરવો. એ પાક તૈયાર થાય ત્યારે તેને નીચે ઉતારી બીજા માટીના વાસણમાં કે કાચની બરણીમાં ભરી લેવો અને તેમાંથી દર-

રોજ સવારમાં ચાર તોલા પ્રમાણે ખાવો. હે રત્નકળા! તું મારી પ્રાણપ્રિયા છે માટે આ અવલેહ મેં તનેજ કહ્યો છે. એ અવલેહ ખાંસી, અર્શ, તાવ પીનસ (સળેખમનો અથવા નાકમાં છોડ બાઝેછે તે વ્યાધિ), સોજાનો રોગ, ગુલ્મ રોગ અને ક્ષય રોગ, એ સર્વને નાશ કરનારો છે.

પાક કરતાં કરતાં તે અવલેહ તૈયાર થયો કે કેમ, તે જાણવું જરૂરનું છે માટે અહીંઆં તે ટૂંકામાં બતાવીએ છીએ. પાક થયો એટલે અવલેહને ચપટીમાં લેઈ ચપટી ઉઘાડીએ તો તાર માલમ પડેછે. તેને પાણીમાં નાખીએ એટલે બૂડેછે. આંગળીથી દાબીએ તો કઠણ અને ચીકણો લાગેછે. તે પાકની ગંધ, રંગ અને રસ પેહેલાંનાં કરતાં જૂદી તરેહનાં થઇ જાયછે. એ ઉપરથી પાક થયો ન થયો તે જાણીને ઔષધનો ઉપયોગ કરવો. કેટલાક વૈદ્યો પ્રથમ ગોળમાં આદાનો પાક કરીને પછી તેમાં ધાણા વગેરેનું ચૂર્ણ નાખીને હલાવી એકત્ર કરેછે. એ ચૂર્ણોમાં લોહભસ્મ ગણાવી છે તે છેવટ આપેલા પરિશિષ્ટમાં કહ્યા પ્રમાણે તૈયાર કરવી.

શ્વાસાદિક ઉપર ચિંતામણિ ચૂર્ણ.

रास्नाबलापद्मकदेवदारुफलत्रिकत्र्यूषणवेल्लचूर्णः ।
चिन्तामणिः क्षौद्रघृतोपपन्नः श्वासांश्च कासांश्च निराकरोति ॥

રાસના, બલબીજ, પદ્મકાષ્ઠ, દેવદાર, હરડે, બેહડાં, આમળાં, સુંઠ, પીપર, મરી, વાવડીંગ, એ ઔષધો સમાન લઇને તેનું સૂક્ષ્મ ચૂર્ણ કરવું. એ ચૂર્ણને ચિન્તામણિ ચૂર્ણ

કહેછે કેમકે એ ઈચ્છિત ગુણ કરે એવું છે. એ ચૂર્ણને ઘી તથા મધ સાથે યુકત કરીને ચાટવાથી તે શ્વાસ અને ખાંસી એ રોગોને દૂર કરેછે.

એ ચૂર્ણ એક તોલો વજનમાં લેઈને તેમાં એક તોલો ઘી તથા બે તોલા મધ મેળવીને ખાવું. ઘી અને મધ જોડે લેવાનાં હોય ત્યારે તે સમાન વજનમાં લેવાં નહિ એ શાસ્ત્રકારોનો અભિપ્રાય છે, તે ધ્યાનમાં રાખવો.

શ્વાસ ઉપર વાસાદિ ક્વાથ.

वासाहरिद्राधनिकागुडूची—
भार्गीकणानागरधावनीनाम् ।
क्वाथेन मारीचरजोन्वितेन
श्वासः क्षयं याति न कस्य पुंसः ॥६॥

અરડૂશીનાં પાંદડાં, હળદર, ધાણા, ગળો, ભારંગ, પીપર, શુંઠ, રીંગણી એ ઔષધો સમાન લેઈને તેનો વિધિપૂર્વક ક્વાથ કરીને તેમાં ચાર માસા મરીઆંનું ચૂર્ણ નાખીને આઠ તોલા ક્વાથ પીવો. એ પીવાથી કયા પુરૂષનો શ્વાસ નથી ક્ષય થતો વારૂ ? અર્થાત્ જે કોઈ એ ક્વાથ પીએ તેનો શ્વાસ રોગ મટેજ છે.

કાસ ઉપર લવંગાદિ વટી.

तुल्या लवंङ्गमरिचाक्षफलत्वचः स्युः
सर्वैः समश्चगदितः खदिरस्य सारः ।
बुब्बुलत्वक्षजकषाययुजां चतुर्णां

कासान्निहन्ति वटिका घटिकाष्टकान्ते ॥७॥

લવંગ, મરીઆં, બેઢાંની છાલ, એ ત્રણ સમાન ભાગે લેઈને તે સર્વેની બરાબર ખેરસાર લેવો. પછી એ ચારેના ચૂર્ણને બાવળની અંતર્છાલના ક્વાથની ભાવના આપીને તેજ ક્વાથમાં તેની ગોળી બાંધવી. એ ગોળી આઠ ઘડી થતાંમાં બધા પ્રકારની ખાંસીઓને હણેછે—અર્થાત્ તમામ સાધ્ય ખાંસીઓને જલદી મટાડેછે. (ઔષધ ડૂબે એટલા ક્વાથમાં ઔષધને પલાળી રાખી તેને સૂકવવું તેને ભાવના આપી કહેછે).

કાસાદિ ઉપર શુંઠી ક્વાથ.

वातं निर्दलयन् कफं कवलयन्नुन्मूलयन् पीनसं
दृष्टिं निर्मलयन् प्रभां प्रबलयन् हृद्रोगमुत्सारयन् ।
निःशेषं जठरामयं प्रशमयन्नुद्दीपयन् पावकं
कासश्वासनिरासलाधनमसौ विश्वाकषायः स्मृतः ॥८॥

ચાર તોલા શુંઠને ચોસઠ તોલા પાણીમાં ઉકાળીને અષ્ટમાંશ શેષ રહે ત્યારે પીવો. એ ક્વાથ વાયુને દળી નાખેછે, કફનો કોળીઓ કરી જાયછે, પીનસ રોગને (સળેખમને) મૂળમાંથી ઉખેડી નાખેછે, દૃષ્ટિને નિર્મળ કરેછે, કાંતિને વધારે તેજસ્વી કરેછે, હૃદયના રોગને દૂર ખસેડી નાખેછે, અતિસાર, આમવિકાર, ગુલ્મ આદિક સમસ્ત જઠરના વ્યાધિઓને શમાવી દેછે, જઠરાગ્નિને પ્રદિપ્ત કરેછે તથા ખાંસી અને શ્વાસનો નાશ કરવાનું એ સાધન છે.

અંતર્બહિર્લાપિકા.

रूपं कीदृक् कमलवदने ! नुः परे सौ गिरेः स्यात्
सम्बुद्धिः का मधुरवचने किं हुताशस्य बीजम् ।
कस्य क्वाथः श्वसनशमनो वल्लभेनेति पृष्टा
विद्वद्वंद्या द्रुतामिदमवदत्सोत्तरं नागरस्य ॥ ९ ॥

હે કમળ સમાન મુખવાળી સ્ત્રી! नृ શબ્દનું सु પ્રત્યય પર છતાં (પ્રથમા વિભક્તિના એક વચનમાં) કેવું રૂપ થાય ? ઉત્તર ના. હે મધુર વચન બોલનારી સ્ત્રી ! પર્વત વાચક अग શબ્દનું સંબોધનનું એક વચન શું ? ઉત્તર- अग. અગ્નિનું બીજ શું ? ઉત્તર-र. કોનો ક્વાથ શ્વાસને શમાવનારો છે ? એ પ્રમાણે પોતાના પ્રિય સ્વામીએ પૃછવાથી વિદ્વાનોએ વંદન કરવા જેવી તે સ્ત્રી તત્કાળ બોલી કે ना+अग+र=नागर (શુંઠ) નો, તાત્પર્ય કે શુંઠનો ક્વાથ શ્વાસને મટાડેછે.

શ્વાસનો બીજો ઉપાય.

कटुतैलेनसंयुक्तो गुडो यावन्नसेवितः ।
तावन्नश्यति किं श्वासः पीयूषमधुराधरे ! ॥१० ॥

અમૃતના સરખા મધુર હોઠવાળી હે સ્ત્રી ! સરસીઆ તેલમાં ગોળ મેળવીને જ્યાં સુધી ખાધો ન હોય ત્યાં સુધી શ્વાસરોગ નાશ પામેછે શું ?

ત્રીજો ઉપાય.

सेवितं मधुखण्डाभ्यां चूर्णं मरिचजं यदि ।

किमर्थं क्रियते चिन्ता कासश्वासपराजितैः ॥११॥

જો મધ અને સાકર સાથે મરીઆંનું ચૂર્ણ સેવ્યું હોય તો ખાંસી અને શ્વાસથી હારી ગયેલા રોગીઓએ શું કરવા ચિંતા કરવી જોઈએ? અર્થાત્ મરીઆંનું ચૂર્ણ ०। તોલો લેઇને તેમાં ०॥ તોલો સાકર તથા ०॥ તોલો મધ નાખીને ચાટવાથી શ્વાસ અને ખાંસી મટેછે.

ચોથો ઉપાય (નિરોષ્ઠ્ય)

अयि रत्नकले ! नीलनलिनच्छदनेक्षणे !

सिंहीकषायः सकणः कासश्वासकरः क्षणात् ॥१२॥

કાળા કમળના પત્ર જેવાં નેત્રવાળી હે રત્નકળા! રીંગણીના ક્વાથમાં પીંપરનું ચૂર્ણ ચાર માસા નાખીને પીવાથી તે ખાંસીને તત્કાળ ખાઈ જાયછે—અર્થાત્ મટાડે છે. (આ શ્લોકમાં ઓષ્ઠ્ય વર્ગનો અક્ષર ન આવે એવી રચના કવિએ કરીછે).

પાંચમો ઉપાય (દૃષ્ટકૂટ).

रावणस्य सुतो हन्यान्मुखपङ्कजधारितः ।

श्वसनं कसनं चापि तमिवानिलनन्दन ॥१३॥

રાવણના પુત્રને મુખરૂપી કમળમાં ધારી રાખ્યો હોય તો, તેને જેમ વાયુપુત્ર હનૂમાને માર્યો તેમ, તે પણ શ્વાસને અને ખાંસીને હણેછે. એવો અર્થ ઉપરથી દેખાયછે પણ તે અસંભવિત હોવાથી વૈદ્યકપક્ષને અનુસરીને આ રીતે અર્થ કરવો: રાવણનો પુત્ર—અક્ષ—બેઢાં, તેને મુખમાં

રાખવાથી શ્વાસ અને કાસ મટેછે. અર્થાત્ બેઢાંની છાલને મુખમાં રાખવી.

છઠ્ઠો ઉપાય.

अयि प्राणप्रिये जातीफललोहितलोचने !

शुण्ठीभार्ङ्गीकृतः क्राथः श्वासत्रासाय पाययेत् ।१४।

હે પ્રાણ પ્રિયા ! જાયફળના જેવાં રકત નેત્રવાળી હે સ્ત્રી ! શ્વાસ રોગને ત્રાસ પમાડવા માટે શુંઠ અને ભારંગનો ક્વાથ પાવો. દરેક ઔષધી બે બે તોલા લેઈને વિધિપૂર્વક અષ્ટમાંશ શેષ રહે તેવો ક્વાથ કરીને તે આઠ તોલા ક્વાથ પીજવો, તેથી શ્વાસ મટેછે.

સાતમો ઉપાય (ખાંસીનો).

अस्ति प्राणपते मम प्रियतमा कन्दर्पलीलासखी

कासक्लेशवशादतीव कृशतां प्राप्तास्ति सा साम्प्रतम् ।

तस्यास्त्वं कथयोपचारमधुना क्षौद्रान्वितं दीयतां

विश्वग्रन्थिकणाकलिद्रुमभवं चूर्णं चकोरेक्षणे ! ॥१५॥

હે પ્રાણપતિ ! કંદર્પલીલા નામે મારી એક અતિશય વહાલી સખીછે, તે હમણા ખાંસીના દુઃખથી ઘણીજ સૂકાઈ ગઈછે; માટે હમણા તેનો કાંઈ ઉપાય બતાવો. સ્વામી—હે ચકોર સમાન નેત્ર વાળી ! શુંઠ, પીંપરીમૂળ, પીપર અને બેઢાંની છાલ, એ ચારે સમાન ભાગે તે લેઈ તેનું ચૂર્ણ કરીને તેમાંથી એક તોલો ચૂર્ણ બે તોલા મધ સાથે આપવું.

આઠમો ઉપાય (ખાંસીનો).

संयुक्तं गुडसर्पिभ्यां चूर्णं त्रिकटुसंभवम् ।
निहन्ति सरसा कासाँ स्त्रासानिव सतां हरिः ॥१६॥

ગોળ અને ઘી સાથે ત્રિકટુ (શુંઠ, પીપર, મરી) નું ચૂર્ણ ખાય તો, જેમ હરિ સત્પુરૂષોના ત્રાસનો ત્વરાથી નાશ કરેછે તેમ તે ચૂર્ણ તમામ પ્રકારની ખાંસીઓનો ત્વરાથી નાશ કરેછે.

સુંઠ, પીપર, મરી સમાન ભાગે લેવાં ચૂર્ણ એક તોલો લેઈ તેમાં એક તોલો ગોળ અને બે તોલા ઘી નાખી ચાટી જવું.

નવમો ઉપાય (ખાંસીનો).

पिप्पलीपिप्पलीमूलबिभीतकमहौषधैः ।
मधुना सेवितैः कासः प्रशाम्यति कुतूहलात् ॥१७॥

પીપર, પીંપરીમૂળ, બેઢાંની છાલ, શુંઠ, એ ઔષધો સમાન લેઈને તેનું ચૂર્ણ મધ સાથે સેવવાથી આશ્ચર્ય કારક રીતે ખાંસી શમી જાયછે! (ચૂર્ણ એક તોલો અને મધ બે તોલા લેવું.)

દશમો ઉપાય.

एकएवार्द्रकरसः समधुः श्वासकासजित् ।
रतिवल्लभचांपेयचापचारुकलेवरे ! ॥१८॥

કામદેવનું ધનુષ્ય ચંપો છે. એ ચંપાના સરખા સુંદર શરીર વાળી હે સ્ત્રી! એકલો આદાનોજ રસ બે તોલા

લઈને તેમાં આઠમાસા મધ નાખીને પીવાથી તે શ્વાસ તથા ખાંસીને મટાડે છે.

એજ ઉપાયનું બીજે પ્રકારે કથન.

शृङ्गवेररसो येन मधुना सह सेवितः ।
श्वासकासभयं तस्य न कदाचित् कृशोदरि ! ।१९।

હે સૂક્ષ્મ ઉદર વાળી સ્ત્રી ! જે પુરૂષે આદાનો રસ મધ સાથે સેવ્યો હોય તેને શ્વાસ અને ખાંસીનો ભય કદાપિ હોતો નથી.

અગિયારમો ઉપાય (ખાંસીનો).

पुलोमजावल्लभसूनुपत्नीताताात्मभूशेखरवाहनस्य ।
सौन्दर्यदूरीकृतरामरामे ! कषायकः काससमीरसर्पः ॥२०॥

રામની સ્ત્રી સીતાની સુંદરતાને પણ જેણે આધી બેસાડી છે—અર્થાત્ તેના કરતાં પણ સુંદર એવી હે સ્ત્રી ! ઇંદ્રાણીના પતિ (ઇંદ્ર) ના નાનાભાઇ (વામન–વિષ્ણુ) ની પત્ની (લક્ષ્મી)ના પિતા (સમુદ્ર)નો પુત્ર (ચંદ્ર) જેના મસ્તક ઉપરછે એવા (શિવ)ના વાહન (વૃષ–અરડૂસી) નો ક્વાથ ખાંસીરૂપી વાયુને ભક્ષણ કરનારા સર્પરૂપ છે. અર્થાત્ અરડસીનાં પાંદડાંનો ક્વાથ આઠ તોલા પીવાથી ખાંસી મટેછે.

બારમો ઉપાય (ખાંસીનો).

अयि ! तालफलस्तनि ! रत्नकले !
वृषवारि पिबेन्मधुयुक् कसने ।

न वदामि कदापि बुधाधिपते—
रिदमौषधमौषधिनाथमुखि ! ॥२१॥

તાડફળ જેવાં સ્તનવાળી હે રત્નકળા ! ખાંસીના વ્યાધિમાં અરડૂસીનાં પાંદડાંનો રસ બે તોલા લેઈને તેમાં આડમાસા મધ નાખીને પીવો. હે ચંદ્રમુખિ ! આ ઔષધ તો કદાપિ ઇંદ્ર પૂછવા આવે તો તેને પણ હું કહેતો નથી! અર્થાત્ એ ઘણું ચમત્કારિક છે.

તેરમો ઉપાય (ખાંસીનો).

फलमयं छिन्नसहाहुताशरास्नाक्रमिध्वंसिकटुत्रयाणाम् ।
चूर्णसमांशंसितयासमेतंकासंजयेन्नात्रविचारणीयम् ॥२२॥

ત્રિફળા (હરડે, બેઢાં, આમળાં), ગળો, ચિત્રો, રાસ્ના, વાવડિંગ, ત્રિકટુ (શુંઠ, પીપર, મરી), એ સર્વે ઔષધો સમાન લેઈને તેનું ચૂર્ણ કરવું. પછી એ ચૂર્ણ એક તોલો તથા સાકર બે તોલા મેળવીને ખાવાથી તે ખાંસીને મટાડે, એમાં કાંઈ શંકા જેવું નથી.

આમવાત.

હેતુ—વિરૂદ્ધ ભોજન કરવાથી, જઠરાગ્નિ મંદ હોવાથી, એકને એક જગોમાં બેસી રહેવાથી, ચીકણા (સ્નિગ્ધ) ભોજન કરવાથી, કસરત ન કરવાથી, વગેરે કારણોથી નહિ પચેલો અન્નનો રસ વાયુ વડે નસોમાં ચઢી જાયછે. અને આમવાત નામે વ્યાધિ ઉત્પન્ન કરેછે.

લક્ષણ—તે થાયછે ત્યારે શરીર જકડાઈ જાયછે, તથા અરૂચિ, તરસ, આળસ, ભારેપણું, અપચો, તાવ, સોજો, એવાં ચિહ્ન થાયછે. વળી હાથ, પગ, માથું, ઘૂંટી, ત્રિક, ઘૂંટણ, જંઘા, વગેરેના સાંધાઓમાં જ્યાં જ્યાં દોષ (વાયુ અને આમ) જાય ત્યાં ત્યાં વીંછી કરડયો હોય તેવી વેદના થાય છે તથા તે જગો ફૂલેછે.

પ્રકાર—વાત, પિત્ત, કફ અને ત્રિદોષ વડે એ રોગ ચાર પ્રકારનો થાય છે, તે, તે તે દોષનાં લક્ષણ વડે ઓળખવો.

આમવાતનો ઉપાય.

दशमूलकषायमिश्रितं वा ललने विश्वकषायमिश्रितं वा ।
प्रपिबेत्कटिकुक्षिबस्तिशूले ध्रुवमेरण्डजमेकमेवतैलम् ॥२३॥

પાછળ લઘુ પંચમૂળ અને મોટાં પંચમૂળ ગણાવી ગયાછીએ. એ બન્ને મળીને દશમૂળ થાયછે. એ દશમૂળ સમાન લેઇને તેના કવાથમાં, અથવા શુંઠના કવાથમાં એરંડીઉં એકથી ચાર તોલા સુધી નાખીને પીવું. હે સુંદરી! આમવાતના વ્યાધિમાં જેને કટિમાં, કૂખમાં અને પેઢામાં શૂળ (વેદના) થતું હોય તેને એ એરંડીઉંજ માત્ર નિશ્ચય સુખ ઉપજાવેછે.

બીજો ઉપાય.

रास्नामृतानागरदेवदारुपंचाङ्गिगुग्मेन्द्रयवैः कषायः ।
रुबूकतैलेन समन्वितोऽयं भेत्ताभवेदामसमीरणस्य ॥२४॥

રાસના, ગળો, શુંઠ, દેવદાર, દશમૂળ, ઇંદ્રજવ, એ સઘળાનો કવાથ કરીને તેમાં એરંડીઉ દશ માસા નાખીને પીવું. એ કવાથ આમવાયુને તોડેછે—મટાડેછે.

ત્રીજો ઉપાય.

विलासिनी विलासेन विलासी हृदयं यथा ।
तथा गुडूची विश्वेन हरेदामसमीरणम् ॥२५॥

જેમ કોઈ વિલાસિની સ્ત્રી પોતાના હાવભાવથી વિલાસી પુરૂષના હૃદયનું હરણ કરેછે તેમ ગળો, શુંઠ, સાથે મળીને આમવાયુને હરેછે-અર્થાત્ શુંઠ અને ગળોનો કવાથ આમવાયુને મટાડેછે.

નેત્રરોગ.

હેતુ—આંખમાં ધૂળ પડવાથી, ધુમાડો લાગવાથી, સૂર્યનું તેજ લાગવાથી, કાળંગડાં વગેરેનું શાક ખાવાથી, અતિ ખાટું અને તીખું ખાવાથી, અતિ સ્ત્રીસેવનથી, ઉજાગરાથી, તેમજ ગંડુષ (કોગળા ભરવા), અંજન નસ્ય, વગેરે ન કરવાથી નેત્રના રોગ થાય છે. (નેત્રરોગ વાળાએ તેના હેતુઓ તજવા એ પથ્યછે).

પ્રકાર—આંખના જૂદા જૂદા ભાગોના રોગ ગણતાં તે ચોરાણું પ્રકારનાછે, પ્રકાર અહીં કહેવાની જરૂર નથી; તિમિર, પડળ, કાચ, ફૂલ, નેત્રકોપ (આંખો દુખવી) એ પ્રકાર પ્રસિદ્ધછે.

લક્ષણ—આંખમાં કળતર થવું, આંસુ નીકળવું, આંખ રાતી થવી, આંખે સોજો થવો, એ આંખો દુખવાનાં લ-

ક્ષણ છે. અસ્પષ્ટ દેખાવું એ તિમિરનું લક્ષણ છે. પડળ વાળો એક વસ્તુને અનેક રૂપે દેખે છે. કાચ વાળો ઉંચે જુએ ત્યારે આંખની આગળ સૂક્ષ્મ વસ્ત્ર હોય તેવું ઝાંખુ દેખાય છે;અને બીજે જુએ ત્યારે સ્પષ્ટ દેખાય છે.

આંખ દુખતી હોય તેનો ઉપાય.

सम्यक्स्विन्नाश्चछगणकरसे काननोत्थाः कुलत्था—
वेले बध्वा परिहृततुषाः प्रौढसीमंतिनीभिः ।
सूक्ष्मं पिष्ट्वा पटुरसनिशाचूर्णपूर्णाः क्षपायां
चक्षुःक्षिप्ताः सकलरुधिरं संहरन्ति त्र्यहेण ॥२६॥

ચીમેડને લાવીને તેની પોટલી બાંધીને ગાયના છાણના રસમાં સારી રીતે બાફવી. પછી પ્રૌઢ વયની સ્ત્રીઓએ તેને ફોલી નાખવી. પછી તેને ખૂબ બારીક વાટીને તેમાં લગાર લગાર સિંધવ, બોલ અને હળદરનું સૂક્ષ્મ ચૂર્ણ ભેળવવું. એ ચીમેડને રાત્રે આંખમાં ભરવી. તેથી તે ત્રણ દિવસમાં આંખમાં બાઝેલા સઘળા રૂધિરને તોડી નાખે છે.

આંખો દુખે ત્યારે લોકો આંખમાં ચીમેડ ભરે છે અને વિશેષે કરીને એ ઉપચાર સ્ત્રીઓજ કરે છે, માટે અહીં પણ ગ્રંથકારે સ્ત્રીઓને એ કામની સોંપણી કરી હોય એમ જણાય છે. ચીમેડને શ્લોકમાં કહ્યું છે તેમ છાણમાં બાફ્યા સિવાયજ (કદાચ બાફવાની વાત તેમને ખબર નહિ હોય) ફોલીને તેમાં લગાર મીઠું નાખીને કાંસાની થાળીમાં કાંસાની વાટકીથી વાટે છે. ખૂબ બારીક થાય ત્યારે

તેને અંગુઠાના નખ ઉપર ચઢાવીને રોગીની આંખનું ઉપલું પોપચું ઉચું કરી તેમાં તે ચૂર્ણ દાબે છે. એથી આંખમાં અગન બળીને ગરમ પાણી નીકળી જાયછે. પછી આંખે ધીમાં ગરમ કરેલાં રૂનાં પેલવાં બાંધીને રોગી થોડીવાર સૂઈ રહે છે. આવો પ્રકાર લોકમાં પ્રચલિત છે.

બીજો ઉપાય.

लोलिंबराजकविना वनितावतंस
शिग्रोरमुष्य कथितोऽस्ति किमूपयोगः ।
एतस्यपल्लवरसात्समधोः किमन्यत्
दृग्व्याधिमात्रहरणे महिलाग्रगण्ये ॥२७॥

હે સ્વામિ! સ્ત્રીઓના કાનના અલંકાર રૂપ આ સરગવાનો લોલિંબરાજ કવિએ શો ઉપયોગ કહેલોછે? સ્વામી– હે સર્વોત્તમ સ્ત્રી! આંખના સમગ્ર વ્યાધિનું હરણ કરવાને એનાં પાંદડાંના રસને મધમાં મેળવી તેનાં ટીપાં આંખમાં નાંખવાં, એ વગર બીજું શું કહ્યું છે?

આંખમાં ઔષધનાં તે ટીપાં આઠથી બાર લગી બે આંગળ દૂરથી નાંખવાં. અને તે સો આંખ મીચકારા જેટલી વાર આંખમાં રહેવા દેવાં.

એજ ઔષધનું બીજે પ્રકારે કથન.

जयति मारुतपित्तकफैः कृतां बहुविधामपि लोचनयोर्व्यथाम् ।
नयनयोर्निहितो मधुनान्वितो बहलपल्लवपल्लवजो रसः ॥२८॥

સરગવાનાં પાંદડાંના રસને મધસહિત આંખમાં નાંખ-

વાથી વાયુ, પિત્ત અને કફ, એ દોષોએ કરેલી નેત્રની અનેક પ્રકારની પીડા નાશ પામેછે.

આંખમાં પડેલા અર્જુનનો ઉપાય,

कुवलयनयनेऽर्जुनंकफोब्धेः
सहसितयाशुनिराचरीकरीति ।
प्रियकरमिवकामिनीनवोढा
लघुकुचशालिनिवक्षसिप्रयुक्तम् ॥२९॥

હે કમળનેત્રે ! જેમ નાનાં સ્તન વડે શોભતા વક્ષઃસ્થળમાં યોજેલા પ્રિયતમના હાથને નવોઢા કામિની તરતજ દૂર ખસેડી નાખે છે તેમ, સાકર સહિત સમુદ્રફીણ પણ આંખમાં પડેલા અર્જુનને તરતજ દૂર કરેછે—મટાડેછે. (આંખના ધોળા ભાગમાં સસલાના લોહી જેવું રાતું બિંદુ પડેછે તેને અર્જુન કહેછે. તેથી કાંઈ પીડા થતી નથી).

સાકર તથા સમુદ્રફીણ સમાન લેઇ તેનું અતિ સૂક્ષ્મ ચૂર્ણ કરીને આંગળી વતી અંજન કરવું. અંજન આંખની કીકીની નીચેના ભાગમાં કરવું. વાદળાંના દિવસમાં કે બહુ તાપ પડતો હોય ત્યારે અંજન કરવું નહિ.

રતાંધળનો ઉપાય.

निराकरोति नक्तांध्यं गोशकृत्सहिता कणा ।
यथा रतेन रमणी रमणस्य महाबलम् ॥३०॥

જેમ સ્ત્રી પોતાના રતિ વિલાસથી પોતાના સ્વામીનું અતિબળ દૂર કરેછે તેમ ગાયના છાણના રસને ગાળીને તે-

માં પીપરને ઘશીને આંજવાથી તે રતાંધળાગણું દૂર કરેછે.

આંખમાં પડેલા ફૂલનો ઉપાય.

श्यामेऽश्यामे प्रियश्यामे श्यामाबोधितमानसे ।
शुक्लं क्षपयति क्षिप्रं माक्षिको माक्षिकान्वितः ॥३१॥

હે ગૌર અંગવાળી શ્યામા! (સોળ વર્ષની તરૂણિ!), શ્યામ વર્ણની દેવી કાલિકા જેને પ્રિય છે એવી હે સ્ત્રી! સોળ વર્ષની તરૂણી એ જેના મનની વાત જાણનારી છે, અર્થાત્ શ્યામા જેની સખી છે એવી હે સ્ત્રી! મધ સાથે સુવર્ણમાક્ષિક મેળવીને આંખમાં આંજવાથી આંખમાં પડેલું ફૂલ તત્કાળ ગળવા માંડેછે.

આંખના રોગનો સામાન્ય ઉપાય.

इति निगदितमार्यैर्नेत्ररोगातुराणां
निशि समधुघृताभ्या सेविता स्यात् सुखाय ।
अपि न भवसि लीलालोलदृष्टे त्वमग्र्या
जनयति बत कस्माद्वैपरीत्यं परं तु ॥३२॥

ચરકાદિક મુનિઓએ એમ કહ્યું છે કે નેત્રના રોગવાળા પુરૂષોએ રાત્રે મધ અને ઘી સાથે ત્રિફળા (હરડે, બેઢાં, આંમળાં) નું ચૂર્ણ ખાવું (ચૂર્ણ એક તોલો, ઘી એક તોલો અને મધ બે તોલા લેવું.) તેથી સુખ થાયછે. વારૂ ત્યારે હે વિલાસયુક્ત ચંચળ નેત્રવાળી સ્ત્રી! તું શું અગ્ર્યા (રૂપ લાવણ્યાદિમાં શ્રેષ્ઠ) નથી? પણ એ ખેદકારક છે કે તારૂં સેવન નેત્રરોગવાળાને વિપરીત ફળ કેમ ઉત્પન્ન કરે

છે? અર્થાત્ નેત્રરોગવાળાને સ્ત્રીસેવન અહિતકરછે.

પાઠાંતર—इति निगदितमार्यैर्नेत्ररोगाकुलानां
निशि समधुघृताऽभ्या सेविता स्यात् सुखाय।
अपि न भवति मुग्धे ते स्वसाऽहो किमभ्या
जनयति बत कस्माद्वैपरीत्यं परन्तु ॥३३॥

અથવા—इतिनिगदितमार्यैः सेव्यमाना विधत्ते
निशिसमधुघृताभ्याद्दग्विकारापकर्षं।
किमु भवति भवत्या नानुजाऽभ्या गुणज्ञे
जनयति बत कस्माद्वैपरीत्यं परन्तु ॥३४॥

ચરકાદિ મુનિઓએ એમ કહેલું છે કે રાત્રે ઘી અને મધ સાથે અભ્યા (ત્રિફળા) નું સેવન નેત્રરોગથી પીડાતા પુરૂષોને સુખ ઉપજાવે છે; હે મુગ્ધે! તારી બેન પણ શું અભ્યા (શ્રેષ્ઠ) નથી? પણ તેનું સેવન નેત્રરોગવાળાને વિપરીતપણું (નેત્રરોગની વૃદ્ધિ) કેમ ઉપજાવે છે? બીજા પાઠાંતરમાં—'હે ગુણ જાણનારી સ્ત્રી! તારી નાની બેન શું અભ્યા (શ્રેષ્ઠ) નથી?' એટલો અર્થમાં ફેરફારછે.

પાંડુ અને કામલા રોગ.

હેતુ—અત્યંત સ્ત્રીસંગથી, અતિશય તીખું, ખાટું, ખારૂં કે મદ્ય સેવવાથી, માટી ખાવાથી તથા દિવસે ઉંઘવાથી પાંડુરોગ થાયછે.

લક્ષણ—ત્વચા, નેત્ર, નખ, વગેરે પીળાં થાય, સોજો ચઢે, ઉલટી થાય, તાવ આવે, ખાંસી થાય, શ્વાસ ચઢે,

અગ્નિ મંદ પડે, વગેરે લક્ષણથી પાંડુરોગ ઓળખવો.

પ્રકાર—વાત પાંડુ, પીત્તપાંડુ, કફ પાંડુ, ત્રિદોષ પાંડુ, અને મૃત્પાંડુ (માટી ખાવાથી થયેલો પાંડુ), એવા પાંચ પ્રકારનો આ વ્યાધિ છે. મૃત્પાંડુમાં ઝાડો લોહી અને કફયુકત થાયછે. લોકો આ રોગને પંડરોગ કહેછે.

કામલા—એને કમળો કહેછે. પાંડુ રોગમાંથી એની ઉત્પત્તિ છે. ઘણું પિત્ત વધવાથી શરીર છેક પીળું થઈ જાય તથા નેત્રથી સઘળું પીળું દેખાય તેને કમળો કહેછે.

પાંડુ અને કમળાનો ઉપાય.

त्रिफलावृषभूनिम्बतिक्तादार्व्यमृताकृतः ।
क्काथोमधुसमायुक्तः कामलापाण्डुरोगजित् ॥३५॥

હરડે, બેઢાં, આમળાં, અરડૂશી, કરિયાતું, કડુ, દારૂહળદર, ગળો, એ ઔષધો સમાન લેઇને તેમાંથી ચાર તોલાનો ક્વાથ સોળગણા પાણીમાં અષ્ટમાંશ શેષ રહેતાં લગી કરીને તેમાં (પિત્ત, વાત કે કફના વ્યાધિના પ્રમાણમાં અનુક્રમે સોળમો, આઠમો કે ચોથો હિસ્સો) મધ મેળવીને પીવો તેથી પાંડુ અને કમળો, એ રોગ મટેછે.

કમળાનો ઉપાય.

देवदालीफलरसो नस्यतो हन्ति कामलाम् ।
सन्देहो नात्र सम्फुल्लनीलोत्पलविलोचने ॥३६॥

કુકડવેલાના ફળનો રસ સૂંઘવાથી કમળો નાશ પામે છે. ખીલેલા કાળા કમળ સમાન નેત્રવાળી હે સ્ત્રી! એમાં સંદેહ નથી.

વાડો ઉપર વેલાને એ ફળ લાગે છે તે કંકોડા કરતાં સેહેજ મોટાં અને કંકોડા કરતાં મોટા કાંટા (કાકર) વાળાં હોય છે. તે સૂકાયછે ત્યારે નીચેથી પોલાં થઈ જાયછે. તે સૂકાં મળે તો તેને પાણીમાં પલાળી તેનો રસ સુંઘવો. વાડાવેલાનો રસ પણ એમ સુંઘવામાં આવે છે પણ તે બહુ તીવ્ર છે. આ રસ સુંઘવાથી પુષ્કળ છીંકો આવી નાકમાંથી પીળું પાણી ગળે છે.

બીજો ઉપાય.

गिरिमृद्धात्रिरात्रीणामञ्जनं कामलापहम् ।
इदं यदि भवेन्मिथ्या शपथस्तु तवाङ्गने ॥३७॥

સોનાગેરૂ, આમળાં, હળદર, એ ત્રણને જળમાં ઘશીને અંજન કરવાથી કમળો મટેછે. હે સ્ત્રી ! આ પ્રયોગ જો નિષ્ફળ થાય તો મને તારા સમછે !

ત્રીજો ઉપાય.

अयि ! मनोज्ञकुंडले! स्फुरन्मुखेन्दुमण्डले ।
गवां पयः सनागरं निहन्ति कामलाभरं ॥३८॥

સુંદર કુંડળવાળી તથા શોભાયમાન્ મુખરૂપી ચંદ્ર મંડળવાળી હે સ્ત્રી ! સુંઠનું ચૂર્ણ નાખી ગાયનું દૂધ પીવાથી કમળાનો ભાર નાશ પામેછે.

સ્ત્રી રોગ તથા બાળ રોગ.

જ્વરાદિ રોગ તો પુરૂષોને, સ્ત્રીઓને અને બાળકોને સાધારણ છે; પણ કેટલાક રોગ ખાસ સ્ત્રીઓને અને બાળકોનેજ થાયછે, તે અહીંઆં સંક્ષેપમાં બતાવ્યા છે.

સ્ત્રી રોગ.

આર્ત્તવ દોષ.

હેતુ—વિરૂદ્ધ ભોજનથી, ખાધા ઉપર ખાવાથી, ગર્ભપાતથી, અતિ મૈથુનથી, ભયથી, મુસાફરી કરવાથી, શોકથી, બહુ ખેંચવાથી, ભાર ઉપાડવાથી, વાગવાથી, અને દિવસે સૂવાથી, સ્ત્રીઓનો આર્ત્તવ બગડીને આ રોગ ઉપજેછે.

લક્ષણ—વાતાદિક દોષનાં ચિહ્ન સહિત અનિયમિત વખતે આર્ત્તવ વહે, તથા શરીરે કળતર, વેદના, (અને રોગની વૃદ્ધિ ઘણી થાય તો) દુર્બળતા, ચકરી, મૂર્છા, મદ, તરસ, દાહ, લવારી, શરીરની ફીકાશ, ઘેન, અને વાયુના ઉપદ્રવો થાય છે.

પ્રકાર—વાતાર્ત્તવ, પિત્તાર્ત્તવ, કફાર્ત્તવ, ત્રિદોષાર્ત્તવ, પૂયાર્ત્તવ (પરૂ જેવો આર્ત્તવ વહે), કુણપાર્ત્તવ (મુડદાની ગંધ જેવો ગંધાતો આર્ત્તવ વહે), ગ્રંથ્યાર્ત્તવ (આર્ત્તવમાં ગાંઠો જેવો પદાર્થ નીકળે), ક્ષીણાર્ત્તવ (બહુ ઓછો આર્ત્તવ વહે), અને મલાર્ત્તવ (મળ જેવો આર્ત્તવ વહે), એવા આઠ છે.

રક્ત પ્રદર.

હેતુ—આર્ત્તવ દોષના જેવાજ છે.

લક્ષણ—વાતાદિક દોષનાં લક્ષણો સમેત ઋતુકાળ ઉપરાંત નિરંતર લોહી રૂપે આર્ત્તવ વહે. એને લોકો લોહીવાહ કે લોહીખંડનો રોગ કહે છે.

પ્રકાર—વાતપ્રદર (માંસરસ જેવા રંગનું), પિત્તપ્રદર (પીળા, લીલા કે કાળા રંગનું), કફપ્રદર (કાંજીઓસામણ જેવું), ત્રિદોષપ્રદર (મધ, ઘી, હરતાળ જેવું મજ્જા સરખું અને શબના સરખા ગંધવાળું), એવા ચારછે.

યોનિદોષ.

હેતુ—સ્ત્રીઓનો મિથ્યાચાર, દુષ્ટ આર્ત્તવ, અને બીજ દોષથી એ રોગ ઉપજેછે.

પ્રકાર—શુષ્કા, વામની, ષંઢિતા, અંતર્મુખી, સૂચીમુખી. વગેરે વીશછે. એ પ્રત્યેકનાં જૂદાં જૂદાં લક્ષણ મોટા ગ્રંથોમાં જોવાં.

યોનિકંદ.

હેતુ—દિવસે સૂવાથી, અતિ ક્રોધથી, અતિ મેહેનત કરવાથી, અતિ મૈથુનથી, નખ કે દાંત વગેરે વાગવાથી, વાતાદિક દોષ કોપ પામી આ રોગ ઉત્પન્ન કરેછે.

લક્ષણ—સ્ત્રીની યોનિમાં નારંગી જેવડો રૂધિર અને પરૂ મળીને થયો હોય તેવો એક ગોળો બાઝેછે તેને યોનિકંદ કહેછે.

પ્રકાર—વાત, પિત્ત, કફ અને ત્રિદોષનાં લક્ષણો યુક્ત ચાર પ્રકારનો એ રોગ થાયછે.

ગર્ભરોગ.

હેતુ તથા લક્ષણ—ગર્ભવતી સ્ત્રીને અતિ ભય ઉપજવાથી, વાગવાથી, તેના વિષમપણે બેસવા ઊઠવાથી, ગર્ભ ઉપર દબાણ થવાથી, ગર્ભવતી અતિ તીક્ષ્ણ કે અતિ ગ-

રમ ખાય પીએ તેથી, ગર્ભ સ્રવેછે, પડેછે, કે વાંકોચૂં-કો, વિષમ, થઇ જાયછે તેને ગર્ભરોગ કહેછે.

પ્રકાર—જૂદા જૂદા પ્રકારે ગર્ભનો ઉપમર્દ્દ થવાથી એ રોગ ઉપવિષ્ટક, નાગોદર, વગેરે આઠ પ્રકારનો છે. ચાર માસ સુધીમાં ગર્ભ પડે તો ગર્ભસ્રાવ જાણવો અને પાંચમા કે છઠ્ઠામાં પડે તો ગર્ભપાત જાણવો.

સૂતિકાવાતરોગ.

હેતુ—જન્મતી વખતે બાળક પૃથ્વીપર પડ્યું કે તરત યોનિમાં વાયુનો પ્રવેશ ન થાય તેમ તેને દબાવવી જોઇએ. એ પ્રમાણે યોનિનું રક્ષણ ન થવાથી સૂતિકા રોગ ઉપજેછે, તેને સૂતિકાવાત અથવા સુવારોગ કહેછે.

લક્ષણ—યોનિમાં વાયુનો પ્રવેશ થવાથી છાતીમાં કે કૂખોમાં શૂળ મારેછે, પેટ ચઢેછે, શરીરે કળતર થાયછે, તાવ આવેછે, કંપ થાયછે, તરસ લાગેછે, શરીર ભારે થાય છે, અને અતિસાર થાયછે, એ સૂતિકાવાતરોગનું લક્ષણછે.

સૂતિકારોગ.

સૂવાવડી સ્ત્રીની માવજત કરવામાં ગફલત થવાથી, તેને ક્લેશ થવાથી, વિષમ ભોજનથી અને અજીર્ણમાં ભોજન કરવાથી જ્વર, અતિસાર, સોજો, શૂળ, પેટ ચડવું, બળહાનિ. ઘેન, અરૂચિ, વગેરે જે વ્યાધિઓ થાયછે તેને સૂતિકા રોગ કહેછે. સૂવાવડી સ્ત્રીને જે રોગ અને ઉપદ્રવ થાયછે તે સર્વે એકલા 'સૂતિકારોગ' નામથી પણ કહેવામાં આવેછે.

સ્તનરોગ.

વાતાદિક દોષ સ્તનનાં માંસ અને રૂધિરને બગાડેછે તેથી વાત, પિત્ત, કફ, ત્રિદોષ અને ક્ષત એ પાંચ પ્રકારના સ્તન રોગ સ્ત્રીને થાયછે. કોઈ વખત એ દોષના કરેલા બિગાડથી સ્તન પાકેછે તેને સ્તનવિદ્રધિ કહેછે.

બાળરોગ.

હેતુ—વાતાદિક દોષથી, દાંત આવવાથી, અને માતાના ધાવણના દોષ વગેરેથી બાવીશ પ્રકારના બાળરોગ થાયછે. તે રોગમાંથી મુખ્યનાં નામ અહીં આપ્યાંછે.

દંતોદ્ભેદ—એમાં તાવ, અતિસાર, ખાંસી, બકારી, માથાની પીડા, સળેખમા, વગેરે થાયછે.

મુખપાક—પિત્તદૂષિત ધાવણ ધાવવાથી મોઢું પાકેછે.

મુખશ્રાવ—કફ દુષ્ટ ધાવણથી લાળ ગળેછે.

ગુદપાક—ગુદ પાકેછે.

કુકૂણક—એ પણ દૂધના દોષથી ઉપજેછે. બાળક આંખો, કપાળ, મોઢું ચોળેછે, સૂર્યનો પ્રકાશ જોઈ શકતું નથી અને આંખ ઉઘાડી શકતો નથી.

પારિગર્ભીક—ગર્ભવતીનું ધાવણ ધાવવાથી થાયછે. એથી બાળકને ખાંસી, અગ્નિમાંદ્ય, ઉલટી, ઘેન, અરૂચિ, ભ્રમ, પેટ વધવું, શરીર સૂકાવું, એવાં ચિન્હ થાયછે.

તાલુકંટક—તાળવામાં ખાડો પડેછે. એને લોકો ગળું પડવું કહેછે.

વિસર્પ—રતવા, બાળકનો બહુધા પ્રાણઘાતક આ

રોગછે. ઈત્યાદિ.

બાળકની પીડાઓ જાણવાની કેટલીક યુકતિઓ.

તેના રડવાની તીવ્રતા કે મંદતા ઉપરથી તેની વત્તી ઓછી પીડા સમજવી જે જગોએ તે ઘણો સ્પર્શ કરતો હોય અથવા જ્યાં બીજાનો સ્પર્શ તે સહન ન કરી શકતો હોય ત્યાં તેને દુ:ખછે એમ જાણવું; આંખો મીંચે તો માથે પીડા છે એમ જાણવું; જીભ અને ઓઠ કરડે, શ્વાસ થાય, મૂઠીઓ વાળે, તો હૃદયમાં પીડાછે એમ જાણવું; ઝાડો બંધ હોય, ઉલટી થતી હોય, આંતરડાં બોલતાં હોય, પેટ ચઢયું હોય, પીઠ તરફ નમીને પેટ ઉચુ કરતો હોય, તો પેટમાં પીડા છે એમ જાણવું; ઝાડો પિશાબ બંધ હોય, બાળ ત્રાસ પામીને આમ તેમ જોયા કરતો હોય, તો બસ્તિમાં કે ગુહ્યમાં પીડા છે એમ જાણવું. ઈત્યાદિ.

સ્ત્રી રોગ તથા બાળરોગની ચિકિત્સા.

યોનિશૂળનો ઉપાય.

पिचुमन्दरसेन मिश्रितैः पिचुमन्दानिलशत्रुबीजकैः ।
घटिका वटिका भगान्तरे भगशूलप्रशमाय धारयेत् ॥३९॥

લીંબડાની લીંબોળિયો તથા દીવેલીઓને લીંબડાનાં પાંદડાંના રસમાં ઘૂંટીને ગોળી બનાવવી. તે ગોળી એક ઘડી યોનિમાં રાખવાથી યોનિનું શૂળ સમાવવાને તે ગોળી યોનિમાં રાખવી

બીજો ઉપાય.

तरुण्युतरणीमूलं छागीसर्पिःसमन्वितम् ।
शिवशस्त्राभिधां बाधां योनिस्थां हन्ति सत्वरम् ॥४०॥

હે સ્ત્રી ! ઇંદ્રવારણીના મૂળને વાટીને બકરીના ઘી સાથે યોનિ ઉપર લેપ કરવાથી યોનિમાં જે શૂળની પીડા થઇ હશે તેનો તે ઉતાવળથી નાશ કરશે.

ધાવણ સુધારવાનો ઉપાય.

गोपीत्रकीदारुकिरातमूर्वा—
तिक्तामृताविश्वघनेन्द्रजानाम् ।
क्वाथोयमुक्तो मृगलोचनानाम्
दुष्टस्य दुग्धस्य विशोधनाय ॥४१॥

સારિવા, પાહાડમૂળ, દેવદાર, કરિયાતુ, મોરવેલ, કડુ, ગળો, શુંઠ, મોથ, ઇંદ્રજવ, એ ઔષધોનો પાછળ કહ્યા પ્રમાણે કવાથ કરીને પાવો. એ કવાથ સ્ત્રીઓના બગડી ગયેલા ધાવણને સુધારવાને માટે કહેલોછે.

પ્રદરનો ઉપાય.

कटङ्कटेरीरसजाब्दवासा—
भूनिम्बभल्लीतिलजः कषायः ।
क्षौद्रान्वितश्चञ्चललोचनानां
नानाविधानिप्रदराणिहन्यात् ॥४२॥

દારૂહળદર, રસાંજન, મોથ, અરડૂસી, કરિયાતું,

ભિલામો, તલ, એ ઔષધોનો વિધિપૂર્વક કવાથ કરીને પાછળ કહ્યા પ્રમાણે દોષના પ્રમાણમાં મધ મેળવીને પીવો, એ કવાથ સ્ત્રીઓનાં જૂદા જૂદા પ્રકારનાં (રકત, શ્વેત) પ્રદરને મટાડેછે.

દારૂ હળદરના કવાથમાં બકરીનું દૂધ ચોથે ભાગે નાખી કવાથ જાડો થતાં સુધી ઉકાળીને પછી માવાની વડીઓ સૂકવવી તેને રસાંજન કહેછે. ભિલામાના ઝાડની અંતર્છાલ લેવી.

બીજો ઉપાય.

कुवलयदलनेत्रे ! तन्दुलीयस्य मूलं
रसजमपि समांशं भेषजद्वन्द्वमेतत् ।
हिमकरमुखि ! युक्तं तन्दुलाम्भो मधुभ्यां
प्रदरदरमुदीर्णं सुन्दरीणां निहन्ति ॥४३॥

હે કમળની પાંખડી સમાન નેત્રવાળી ! તાંદળજાનું મૂળ ૦ાા તોલો તથા રસાંજન ૦ાા તોલો, એવી રીતે સમાન ભાગે એ બે ઓષધ લેવાં. હે ચંદ્રમુખી ! એ બન્નેના ચૂર્ણને બે તોલા મધ તથા ચાર તોલા ચોખાના ધોવણ સાથે પીવું, તેથી તે સ્ત્રીઓને પ્રદરનો અત્યંત પ્રવાહ વેહેતો હશે તેને બંધ કરશે.

એજ ઉપાયનું બીજે પ્રકારે કથન.

अयि ! सरोरुहसोदरलोचने !
रसजतन्दुलिकाङ्घ्रिभवं रजः ।

समधुतन्दुलवारि निवारयेन्
मृगदृशां प्रदरं प्रदरं द्रुतम् ॥४४॥

કમળના સરખાં નેત્રવાળી હે સ્ત્રી ! રસાંજન અને તાંદળજાના મૂળનું ચૂર્ણ મધ અને ચોખાના ધોવરામણ સાથે પીવાથી તે સ્ત્રીઓના અતિશય વેહેતા પ્રદરરોગને ઉતાવળે અટકાવેછે.

રજઃ પ્રાપ્તિનો ઉપાય.

मूलं गवाक्ष्याः स्मरमन्दिरस्थं
पुष्पावरोधस्य वधं करोति ।
अभर्तृकाणां व्यभिचारिणीनां
योगोऽयमेव द्रुतगर्भपाते ॥४६॥

યોનિમાં ઇંદ્રવારણીનું મૂળ રાખવાથી અટકાવ બંધ હશે તો જારી થશે. ધણી વગરની વ્યભિચારિણીઓનો જલદી ગર્ભપાત કરવાનો આ ઉપાયછે.

સ્ત્રીનો પ્રાણ બચાવવાના હેતુથી ગર્ભપાત કરવામાં આવે તે સિવાય આ પ્રયોગ કરવો નહિ. તેમ હોશિયાર વૈદ્યની સમ્મતિ વિના પણ આ પ્રયોગ અજમાવવો નહિ.

ગર્ભિણીની ચિકિત્સા.

मध्वाज्ययष्टीमधुलुङ्गमूलं
निपीय सूते सुमुखी सुखेन ।
सतन्दुलाम्भः सितधान्यकल्क—

पानाद्व्रमिर्गच्छति गर्भिणीनाम् ॥४६॥

પ્રસવ થતાં વાર લાગતી હોય (સ્ત્રી કુષ્ટાતી હોય) તો તેને જેઠીમધ ૦॥ તોલો અને બીજોરાનું મૂળ ૦॥ તોલો લેઈને તેનું ચૂર્ણ કરીને એક તોલો ઘી તથા બે તોલા મધમાં એકઠું કરી ખાવાને આપવું. તેથી સ્ત્રી સુખથી પ્રસવ કરે છે. ગર્ભવતી સ્ત્રીને ગર્ભના કારણથી ઉલટી થાય છે, તે મટાડવાને ૦॥ તોલો સાકર અને ૦॥ તોલો ધાણા લેઈને તેને પાણીમાં વાટીને ચાર તોલા ચોખાના ધોવરામણ સાથે પાવું. (ઉલટી વધારે હોય તો દિવસમાં બે વાર આપવું).

ગર્ભવતી, સૂવાવડી અને બાળકના ઉપચાર.

अह्लाब्दाम्बुद्वयारल्वमृतविषबलारेणुदु:स्पर्शशीतं
गर्भिण्याः सूतिकाया अपि रुधिररुगामातिसारज्वरघ्नम् ।
मुस्ताश्रृङ्गीविषाणां प्रशमयति रजः सेवितं क्षौद्रयुक्तं
बालानां वान्तिकासज्वरमातिविषजं क्षौद्रयुक्तं रजो वा ॥४७॥

ધાણા, મોથ, કાળોવાળો, ધોળોવાળો, અલવો (મોટો અરડૂસો), ગળો, અતિ વિખની કળી, બળ બીજ, પિત્ત પાપડો, ધમાસો, એ ઔષધો સમાન લેઈને તેને આખાંપાખાં કચરીને તેમાંથી ચાર તોલા ઔષધને ચોવીશ તોલા પાણીમાં રાત્રે માટીના વાસણમાં પલાળી મૂકવાં. સવારે તે ઔષધમાંથી પાણી ગાળી લેવું. એને હિમ કહે-છે. એ હિમ આઠ તોલા પીવો. એ હિમ ગર્ભવતી તથા

સૂવાવડીના લોહી વિકારને, આમાતિસારને, અને જ્વરને નાશ કરનારોછે. મોથ, કાકડાસિંગ, અતિવિખની કળી, એ ઔષધો સમાન લેઈને તેનું ચૂર્ણ કરીને મધ સાથે ચટાડવું. એથી બાળકોની ઉલટી, ખાંસી, અને તાવ મટેછે. (બાળકને તેની વય અને શક્તિના પ્રમાણમાં ઔષધની માત્રા આપવી.

બાળકના અતિસારનો ઉપાય.

कुमारातिसारे कषायः समङ्गा—

मदासारिवारोध्रजः क्षौद्रयुक्तः ।

मदाबिल्वरोध्रेभकृष्णाम्बुजो वा

कषायावलेहौ तथा क्षौद्रयुक्तौ ॥४८॥

બાળકને અતિસાર (કળશિયાનો વ્યાધી થયો હોય તો તેને મજીઠ, ધાવડીનાં ફૂલ, સારિવા, લોધર, એ ચાર ઔષધો સમાન લેઈ તેનો વિધિપૂર્વક ક્વાથ કરીને મધ સાથે પાવો. અથવા, ધાવડીનાં ફૂલ, નાની બીલીઓ, લોધર, ગજપીપર, વીરણવાળો, એ ઔષધો સમાન લેઈને તેનો ક્વાથ મધ સાથે પાવો અથવા એજ ઔષધનું ચૂર્ણ કરીને મધ સાથે (બાળકને ક્વાથ અને અવલેહ વગેરે તેની ઉમ્મરના પ્રમાણમાં વિચાર કરીને આપવા).

બાળકના જ્વરાતિસાર ઇ. નો ઉપાય.

कृष्णारुणामुस्तकशृङ्गिकाणां

तुल्येन चूर्णेन समाक्षिकेण ।
ज्वरातिसारः प्रशमं प्रयाति
सश्वासकासः सवमिः शिशूनाम् ॥४९॥

પીપર, મજીઠ, મોથ, કાકડાસીંગ, એ ચાર ઓષધો સમાન ભાગે લેઈને તેનું ચૂર્ણ કરવું. એ ચૂર્ણ મધ સાથે ચટાડવાથી બાળકનો જ્વર અને અતિસાર તથા શ્વાસ, ખાંસી અને ઉલટી, એ રોગ શમી જાય છે. (બાળકને ઓષધ વયના પ્રમાણમાં વિચારીને આપવું).

इतिश्रीभट्टदिवाकरसुनुकविश्रीलोलिम्बराजाविराचितेवैद्यजीवनेविलासिनीबालरोगप्रतीकारोनाम तृतीयोल्लासः ॥३॥

चतुर्थोल्लासः ।

ક્ષયરોગ.

હેતુ—વેગને અટકાવવાથી, શરીરમાંની ધાતુઓંનો ક્ષય થવાથી, એકાએક શરીરને ધક્કો પોહોચવાથી, છાતી ઉપર ભાર આવે એમ બેસવાથી, તેમજ શોષના હેતુઓ—જેવાકે, અતિ સ્ત્રીસંગ, શોક, વૃદ્ધતા, અતિશ્રમ, ચાલવાની અતિ મેહેનત, વ્રણ, એ હેતુઓથી ક્ષયરોગ થાયછે.

લક્ષણ—ખભા અને પાસાં તપી ઉઠે, હાથે પગે અગન બળે, તાવ આવે, ઉધરસ થાય, પાસામાં શૂળ પણ નાખે, મુખની કાંતિ બદલાઈ જાય, આંખો ધોળી થાય, સ્ત્રીસંગની ઘણી ઇચ્છા થાય, મોઢેથી ગળફા પડે, શરીર છેક સુકાઈ પાતળું થઈ જાય, વગેરે લક્ષણોથી

ક્ષયરોગ ઓળખવો. ઉપર શોષના હેતુઓ કહેલાછે તેથી કરીને રોગીનું શરીર સૂકાઈ જાય ત્યારે તેને શોષ નામે રોગ કહેછે.

પ્રકાર—વાત, પિત્ત, કફ, ત્રિદોષ અને ઉરઃક્ષત, એ પાંચ જાતના ક્ષયરોગ થાયછે. લોહિ યુક્ત કફના ગળફા પડે તેને ઉરઃક્ષત ક્ષય જાણવો.

ક્ષયરોગની ચિકિત્સાનો ઉપક્રમ.

विद्वल्ललामलोलिम्बनृपते ! वाग्विलासतः ।
न तृप्तिर्जायते स्वामिन् ! पुनः किञ्चिन्निरूपय ॥१॥

સ્ત્રી—હે વિદ્વાનોમાં શ્રેષ્ઠ લોલિંબરાજ ! તમારી વાણીના વિલાસથી તૃપ્તિ થતી નથી, માટે હે સ્વામી ! હજી ફરીને પણ કાંઇક કહો.

ક્ષયનો ઉપાય.

क्षयोत्पत्तिविनाशाय सिंहास्यः सेव्यतां सदा ।
बहूनामस्य विश्वासो जातः कमललोचने ! ॥२॥

હે કમળ સમાન નેત્રવાળી ! ક્ષયની ઉત્પત્તિનો નાશ કરવો હોય તો સદૈવ અરડૂસીનું સેવન કરવું; કેમકે એનો વિશ્વાસ ઘણાને પડેલોછે—એનો અનુભવ ઘણાને મળ્યોછે. (અરડુસીનાં પાંદડાંનો રસ બે તોલા પીવો).

બીજો અર્થ:—હે કમળ લોચને! જન્મ અને મરણરૂપી સંસારનો નાશ કરવો હોય—જન્મ મરણમાંથી છૂટવું હોય, તો નિરંતર નૃસિંહ ભગવાનનું સેવન કરવું; કેમકે

એનો વિશ્વાસ પ્રફૂલ્લાદાદિક ઘણાને પડેલોછે.

બીજો ઉપાય.

अयि सुन्दरि! सुन्दराननने ! रुचिरापाङ्गतरङ्गलोचने !
नवनीतमधूपलाशनादुडुराजोऽपि भवेत्क्षयक्षयः ॥३॥

હે સુંદરિ ! હે સુંદર મુખિ ! સુંદર અપાંગ રૂપી તરંગવાળા નેત્રવાળી ! અથવા સુંદર જળવાળી નદીના તરંગ સમાન ચંચળ નેત્રવાળી હે સ્ત્રી ! માખણ, મધ અને સાકર ખાવાથી ચંદ્રમાનો ક્ષય પણ નાશ પામે (તો પછી મનુષ્યનો ક્ષય મટે એમાં શું આશ્ચર્ય) ! (માખણ વગેરે ત્રણે સમાન ભાગે લેઈને તે ચાર તોલા ખાવું).

પાઠાંતર.

अयिसुन्दरि ! सुन्दराननने ! रुचिरानङ्गतरङ्गलोचने !
नवनीतमधोः पलाशनादुडुराजस्य भवेत्क्षयक्षयः ॥

હે સુંદર મુખવાળી અને કામદેવના તરંગ સમાન સુંદર નેત્રવાળી સુંદરી ! માખણ અને મધ સમાન ભાગે લેઈ તે બે મળીને ચાર ખાવાથી ચંદ્રનો પણ ક્ષય નાશ પામેછે.

વ્રણ રોગ.

હેતુ તથા લક્ષણ—વાતાદિ દોષથી માંસાદિ બગડવાથી પ્રથમ સોજો થઈને તેમાં વેદના થાયછે, તે પાકે છે અને નારૂં પડેછે તેને વ્રણ કહેછે.

પ્રકાર—એના મુખ્ય પ્રકાર બેછેઃ શારીર વ્રણ—એ

વાતાદિક દોષથી થાયછે અને આગંતુ વ્રણ—એ વાગવાથી થાયછે. એ બન્નેના વાતાદિ ત્રણ ત્રણ દોષ. અને રકતથી પંદર ભેદ થાયછે.

સદ્યોવ્રણ—કોઈ હથિયાર વાગવાથી કે પડી જવા વગેરેથી, છિન્ન, ભિન્ન, વિદ્ધ, ક્ષત, પ્રચલિત, અને ઘૃષ્ટ એવા છ પ્રકારનું સદ્યોવ્રણ થાયછે.

વ્રણરોગનો ઉપાય.

अयि ! कोमलकुन्तलावलीविलसन्मालतिकामनोहरे !
त्रिफला जनितः कषायकः सहितो गुग्गुलुना व्रणं जयेत् ॥४॥

જેની કોમળ કેશપંક્તિમાં શોભાયમાન મોગરાનાં ફૂલ ગુંથેલાંછે અને તેથી મનને હરણ કરે એવી હે સ્ત્રી! ત્રિફળાના કવાથમાં ગુગળ નાખીને પીવાથી તે વ્રણ નામે રોગને મટાડેછે.

ગૂમડું કે ચાંદું થઇ તે પાકી પરૂ નીકળે તેને વ્રણ કહેછે. હરડે, બેઢાં, અને આમળાંને ત્રિફળા કહેછે. એ કવાથ આઠ તોલા પીવો તથા તેમાં ગુગળનું ચૂર્ણ ચાર માસા પ્રમાણે નાખવું.

મેદોરોગ.

હેતુ—મેહેનત (કસરત) ન કરવી, દિવસે ઉંઘવું, કફકર્ત્તા પદાર્થનું સેવન કરવું, વગેરે કારણોથી મેદ નામે ધાતુ વધેછે.

લક્ષણ—ક્ષુદ્રશ્વાસ, તરસ, મોહ, અશકિત, ઊંઘ, દુ-

ગંધયુક્ત પરસેવો, અલ્પ મૈથુન. અગ્નિમાંદ્ય, પેટ—ફુલા અને સ્તનનો વધારો, એ ચિન્હોથી મેદોરોગ ઓળખાયછે. એ રોગીને ખાવા પીવા વગેરેથી બીજા ધાતુની વૃદ્ધિ ન થતાં મેદજ વધ્યા કરેછે.

મેદરોગનો ઉપાય.

मदनज्वरकारिनामधेये !
रसिके ! रत्नकले ! प्रभातकाले !
शिशिराम्बुपिबेन्मधुप्रयुक्तं
गणनाथोपि भवेत्किलास्थिशेषः ॥५॥

જેનું નામ માત્ર કામજ્વર ઉપજાવનારૂં છે એવી રસિક રત્નકળા ! સવારમાં આઠ તોલા પાણીમાં બે તોલા મધ નાખી પીવાનો અભ્યાસ રાખવાથી ગણપતિ પણ માત્ર હાડકાં બાકી રહે તેવો થઈ જાય. અર્થાત્ મનુષ્ય તો પાતળો થઇ જાય એમાં શું આશ્ચર્ય !

શરીરમાં મેદ નામે ધાતુ વધવાથી શરીર ખૂબ જાડું થઈ જાય (જેને લોકો ફોફ ચઢયું કહેછે) અને બોલતાં ચાલતાં શ્વાસ ચઢેછે તે રોગને મેદોરોગ કહેછે. ઠંડા પાણીમાં મધ નાખીને તે કોરા માટીના વાસણમાં રાત્રે ઝાકળમાં મૂકી છાંડવું અને પછી સવારે ગાળીને પીવું એમ કેટલાક વૈદ્યોનો સંપ્રદાયછે.

કૃમિરોગ.

હેતુ—અજીર્ણમાં ખાય, મધુર, ખાટું, નરમ, લોટ

અને ગોળ, એવા પદાર્થો ખાય, કસરત ન કરે, દિવસે સૂએ, વિરૂદ્ધભોજન કરે, તેથી પેટમાં કૃમિ (કરમીઆ) ઉત્પન્ન થઇ કૃમિ રોગ થાયછે.

લક્ષણ—તાવ, મુખ ઉપર ફીકાશ, પેટમાં દુખવું, છાતીમાં પીડા, શ્વાસ, તાવ, અન્નનો અભાવો, અતિસાર, એ કૃમિનું લક્ષણછે.

કૃમિરોગનો ઉપાય.

त्रिकटुत्रिफलाकलिङ्गनिम्ब—
त्रिवृदुग्राखदिरोद्भवःकषायः ।
पशुमुत्रसमान्वितो निपीतः
कृमिकोटीरपि हन्ति हन्त वेगात् ॥६॥

શુંઠ, પીપર, મરી, હરડે, બેઢાં, આમળાં, ઇંદ્રજવ, લીમડાની છાલ, નસોત્તર, ઘોડાવજ, ખેરની અંતરછાલ, એ સર્વ સમાન ભાગે લેઇ તેનો કવાથ કરીને તેમાં ગાયનું મૂત્ર મેળવીને પીવાથી કરોડો કૃમિ પેટમાં થયા હોય તથાપિ તે તેમનો ત્વરાથી વિનાશ કરેછે, એ મોટા હર્ષની વાતછે!

આઠ તોલા કવાથમાં દસ માસા ગોમૂત્ર નાખીને પીવો. હરડે અને બેઢાંનો બીયો કાઢીનાખીને દળ માત્ર લેવું.

મુખપાક.

હેતુ—માંછલાં, પાડા, ભૂંડ, વગેરેનાં માંસ ખાવાથી, મૂળા, અડદની દાળ, દહીં, દૂધ, સરકો, સેરડીનો રસ,

ઈત્યાદિ બગડ્યા પછી ખાવાથી; અકાળે સૂવાથી; દાતણ ન કરવાથી; ધુમાડો લેવાથી; ઈત્યાદિ કારણોથી કફ વગેરે કોપીને મુખપાક કરેછે.

લક્ષણ—મુખમાં ફોલ્લા થઈ પાકેછે, પરૂ અને લાળ વગેરે નીકળેછે, ઇત્યાદિ.

પ્રકાર—વાતાદિક દોષ અને રક્ત વગેરેથી એ આઠ પ્રકારનો થાયછે.

મુખપાકનો ઉપાય.

जातीप्रवालत्रिफलायवासदारुत्रियामामृतगोस्तनीनाम् ।
कषायकःक्षौद्रयुतोनिहन्तिमुखस्यपाकंमुखपङ्कजस्थः ॥७॥

જાઈનાં પાંદડાં, ત્રિફળા, ધમાસો, દારૂહળદર, ગળો, દ્રાક્ષ, એ દ્રવ્યો સમાન વજને લેઈને તેનો કવાથ કરી તેમાં મધ નાખીને તેના કોગળા ભરવાથી મુખપાકને મટાડેછે. (જાઈનાં પાંદડાં પ્રમાણમાં બમણાં લેવાં).

પ્રમેહ (પરમીઓ).

હેતુ—વીર્યપાત થતાં તેનો અંશ મૂત્રેંદ્રિયમાં રહી જવાથી, દહીં ખાવાથી, ખરાબ પાણી પીવાથી, નવા નવા રસ, નવાં પાણી, નવાં અન્ન, ગોળ, અને કફકર્ત્તા વસ્તુઓ ખાવાથી પ્રમેહ થાયછે.

લક્ષણ—શરીરે ભારેપણું, પેશાબમાં મલિનતા, વગેરેથી પ્રમેહ ઓળખાયછે.

પ્રકાર—મૂત્રના જુદા જુદા રંગ ઉપરથી એના વીશ

ભેદ કર્યા છે. તેમાં પેહેલા દશ કફથી થનારા સાધ્યછે, બીજા છ પિત્તથી થનારા કષ્ટ સાધ્યછે અને છેલ્લા ચાર વાયુથી થનારા અસાધ્યછે. તેના ઉપદ્રવો ઉપરથી તેમને ઓળખવા.

ઉપદ્રવ—૧ (કફના). અપચો, અરૂચિ, બકારી, ઊંઘ, ખાંસી, સળેખમ, (ઈ૦)

૨ (પિત્તના). પેડું અને લિંગમાં તોડ, અંડકોશમાં ફાટ, તાવ, દાહ, તરસ, મૂર્છા, ભાગો ઝાડો, ઇ૦

૩ (વાયુના). ઉદાવર્ત, કંપ, હૃદ્ગ્રહ, શુળ, નિદ્રાનાશ, શોષ, ખાંસી, શ્વાસ, ઈ૦

પ્રમેહના ઉપાય.

स्फुरत्सुन्दरोदारमन्दारदाम—
प्रकामाभिरामस्तनद्वन्द्वमध्ये !
हरिद्रारजोमाक्षिकाभ्यां विमिश्रः
शिवायाः कषायः प्रमेहापहारी ॥८॥

દેદીપ્યમાન અને સુંદર પારિજાતનાં પુષ્પની માળા પેહેરવા વડે જેના બન્ને સ્તનનો મધ્ય ભાગ અત્યંત મનોહર દેખાય છે એવી હે સ્ત્રી ! આમળાં ચાર તોલા કચરીને સોળગણા પાણીમાં અષ્ટમાંશ શેષ રહેતાં સુધી કવાથ કરી આઠ તોલા કવાથમાં ચાર માસા હળદર અને પાછળ કહેલા માપ પ્રમાણે મધ નાખીને પીવું. એ કવાથ પ્રમેહને મટાડનારોછે.

બીજો ઉપાય.

पउमवण्णमणोज्ञविलोअणे सअलसीद्धिमणोहरजोवणे ।
जयइमेहगणंअमुआरसोमहुजुओवहरीहरिणंपिए ॥९॥
पद्मवर्णमनोज्ञविलोचनेसकलसिद्धिमनोहरयौवने ।
जयतिमेहगणंअमृतारसोमधुयुतइवहरिर्हरिणंप्रिये ॥९॥

કમળની કાંતિ સમાન સુંદર નેત્રવાળી તથા સકળ-સિદ્ધિરૂપ મનોહર યૌવનવાળી હે પ્રિયા ! ગળોના રસમાં મધ નાખીને પીવાથી સિંહ જેમ હરણને જીતેછે તેમ પ્રમેહના સમુદાયને આ ઔષધ જીતેછે.

ગળોને કચરીને તેનો રસ કાઢીને તે બે તોલા રસમાં આઠ માસા મધ નાખીને પીવું. ગળો લીલી ન હોય તો સૂકી ગળોનું ચૂર્ણ બે તોલા લેઇને તેને માટીના વાસણમાં બમણા પાણીમાં રાત દિવસ પલાળી મૂકી તે પાણી ગાળી લેઈ ચાર તોલામાં આઠ માસા મધ નાખી પીવું.

આ શ્લોકનાં ઘણાં પાઠાંતરછે પણ તે બધામાં કોઇ કોઈ ભાગ અશુદ્ધ હોવાથી આ એક પાઠ પસંદ કરી ઉપર આપ્યોછે. બીજા પાઠોમાં જે ફેરફારછે તેથી ઔ-ષધમાં કાંઈ ફેર પડતો નથી કે વિશેષ ચમત્કાર જેવું નથી માટે તે બધા લખ્યા નથી.

એજ ઔષધનું બીજે પ્રકારે કથન.

णंरवानिहमेनाना सोरस्वन्नाच्छिधुमस ।
तिदंव जोर्षभि वेंस नेनभा निदुदिं रश ॥१०॥

આ શ્લોકના પૂર્વાર્દ્ધને છેલ્લેથી વાંચવાથી તથા ઉત્તરાર્દ્ધના દરેક છૂટા પાડેલા શબ્દને પ્રતિલોમ (અવળા) વાંચવાથી નીચેનો શ્લોક ઉપજેછે.

समधुच्छिन्नास्वरसोनानामेहनिवारणः ।

वदंतिभिषजःसर्वेशरदिंदुनिभानने ! ॥१०॥

મધ સહિત ગળોનો સ્વરસ અનેક પ્રકારના પ્રમેહને અટકાવનારોછે; શરદ્ ઋતુના ચંદ્ર સમાન મુખવાળી હે સ્ત્રી ! એમ બધા વૈદ્યો કહેછે.

વાતરક્ત.

હેતુ—અતિશય ખાટું, ખારૂં, ઊનું, ચીકણું, વગેરે ખાવાથી, અજીર્ણમાં ખાવાથી, વિરૂદ્ધ ભોજનથી, બગડેલું માંસ, ખોળ, મૂળા, કળથી, અડદ, સેરડી, દહીં, દારૂ, છાશ વગેરે ખાવાથી, ક્રોધથી, દિવસે ઉંઘવાથી, ઉજાગરાથી, સુકુમાર હોઈને ખાવા પીવામાં વિચાર ન રાખવાથી, હાથી અને ઊંટ ઉપર બેસીને મુસાફરી કરવાથી, દાહ કરે એવું અન્ન ખાવાથી, મનમાં સંતાપ કરવાથી, વગેરે કારણોથી વાતાદિક દોષ બિગાડ પામીને લોહીને બગાડેછે, તેથી વાતરક્ત નામે રોગ ઉપજેછે.

લક્ષણ—શરીરે દાહ ભારેપણું, પીડા, તોડ, ચેળ, ચકામાં, ઢગરાં ઉપર ફોલ્લા, સોજો, એ વાતરક્તનું લક્ષણ છે. વિશેષે કરીને એ રોગ પગે થાયછે.

પ્રકાર—વાતાદિક જૂદા જૂદા દોષથી, બે બે દોષના મિશ્રણથી, ત્રિદોષથી, અને રક્તથી, એ પ્રમાણે એ રોગ

આઠ પ્રકારનો થાયછે.

ઉપદ્રવ—મોહ, દાહ, તાવ, ઉંઘનાશ, પાંગળાપણું આંગળિયોનું બગડવું, મર્મસ્થાનમાં પીડા, ભ્રમ, હાડકાંમાં કળતર, એ નવ વાતરકતના ઉપદ્રવછે.

વાતરક્તની ચિકિત્સા.

रतिकेलिकलाकुशले ! विलसद्वलये ! मलयेनसमानकुचे ।
अमृतावततीरुचुतैलवतीदलयेदनिलास्रमुदारतरम् ॥११॥

રતિક્રીડાની કળામાં નિપુણ એવી તથા જેના હાથમાં શોભાયમાન કંકણ પેહેરેલાં છે એવી મલયાચળના શિખર સમાન સ્તનવાળી હે સ્ત્રી ! ગળોનો રસ બે તોલા લેઈને તેમાં આશરે ૦॥। રૂપિયા ભાર દીવેલ નાખીને પીવાથી અતિશય ભારે વાતરકત રોગ થયો હશે તથાપિ તે નાશ પામશે.

વૈદ્યોનું કહેવુંછે કે રોગનું બળ વિશેષ હોય તો બે તોલા સ્વરસમાં બે તોલા દીવેલ નાખીને પણ પીવું.

બીજો ઉપાય.

मधूत्थारुणागोपिकादेवधूपैः
शृतं वातरक्तापहं पिण्डतैलम् ।
कषाय : सहैरण्डतैलेन पीत—
स्तथैरण्डसिंहास्यवत्सादनीनाम् ॥१२॥

મીણ, મજીઠ, સારિવા, રાળ, એ ચાર ઔષધો સમાન લેઈને તે સઘળામાં એ ચારેની બરોબર તેલ મેળવી અગ્નિ

ઉપર મૂકી તેમાં નાખેલું ચૂર્ણ રાતું થતા સુધી ગરમ કરવું. પછી એ તેલ ગાળી લેવું. એ મલમ જેવું તેલ ચોપડવાથી વાતરક્ત મટેછે. તેમજ, દીવેલાનું મૂળ, અરડૂસીનું મૂળ, અને ગળોના વેલા, એ ત્રણનો કવાથ કરી તેમાં દીવેલ મેળવી પીવાથી વાતરક્ત નાશ પામેછે.

વિષૂચિકા.

હેતુ—આમાજીર્ણ, વિષ્ટબ્ધાજીર્ણ અને વિદગ્ધાજીર્ણથી આ રોગ ઉપજેછે.

લક્ષણ—વાયુથી પેટમાં સોયો ઘોચાતી હોય તેવી વેદના થાયછે. વૈદ્યશાસ્ત્રના નિયમને જાણીને પરિમિત આહાર કરવાવાળાને આ રોગ થતો નથી, પણ અજીતેંદ્રિય મૂઢ પુરૂષો જે ખાવાના લાલચુ હોયછે તેમને થાયછે.

ઊપદ્રવ—મૂર્છા, અતિસાર, ઉલટી, તરસ, શૂળ, ભ્રમ, ગોટલા, ચડવા, ઓડકાર આવવા, દાહ થવો, મુખની કાંતિ બદલાઈ જવી, છાતીમાં પીડા થવી, અને માથું ફાટતું હોય તેવી વેદના થવી, એવા ઉપદ્રવ એ રોગમાં થાયછે.

વિષૂચિકાનો ઉપચાર.

लशुनजीरकगन्धकसैन्धव—
त्रिकटुरामठचूर्णमिदंसमम् ।
सपदि निम्बुरसेन समान्वितं
बहुबलामपि हन्ति विषूचिकाम् ॥१३॥

લસણ, જીરૂં, ગંધક, સિંધવ, ત્રિકટુ (શૂંઠ, પીપર,

મરી), હિંગ, એ વસ્તુઓ સમાન લેઈને તેનું ચૂર્ણ કરવું એ ચૂર્ણ લીંબુના રસમાં યુક્ત કરીને ખવરાવવાથી ઘણા બળવાળી વિષૂચિકા (મૂર્છા) તત્કાળ મટાડેછે.

ગંધકને શુદ્ધ કરીને લેવો, લોઢાની કઢાઈમાં ઘી નાખીને તેને સારૂં કડકડાવીને તે બરોબર ગંધક લેઈ બારીક કરી તે ઘીમાં નાખવો, તે જ્યારે ઓગળીને ઘીમાં મળી જાય ત્યારે તે ઘી દૂધમાં રેડી દેવું, પછી તેમાંથી ગંધક કાઢી લેવો. એ ગંધક ઓષધમાં વાપરવા યોગ્ય શુદ્ધ જાણવો. હીંગ શેકેલી લેવી. આ ઓષધ વિષૂચિકા રોગમાં રોગનું બળાબળ જોઈને એક તોલા સુધી આપવું. વિષૂચિકા રોગને કોઇ વૈદ્યો કોલેરા કહેછે કેમકે એનાં લક્ષણ કોલેરા સાથે બહુધા મળતાં આવેછે, પણ કોલેરા જેવો આ ચેપી રોગછે એવું પણ ગ્રંથોમાંથી જડતું નથી. એમ છતાં બન્ને ક્ષિપ્રકારી (તત્કાળ મૃત્યુ કરનારાં) છે માટે તેની ચિકિત્સા કરવામાં સાવધ રહેવું. કેટલીક પ્રતોમાં ઉત્તરાર્દ્ધને ઠામે નીચેની લીટીઓછે:—

सपदि निम्बुरसेन विषूचिकां
हरति भोगतिभोगविचक्षणे ॥

લસણથી હિંગ સુધીનાં આઠ ઓષધનું ચૂર્ણ લીંબુના રસમાં ખવરાવવાથી, રતિ ભોગમાં વિચક્ષણ એવી હે સ્ત્રી ! તે વિષૂચિકાને તત્કાળ હરેછે–મટાડેછે.

તૃષ્ણા તથા વાંતિ રોગ.

તૃષ્ણાનું નિદાન.

તૃષ્ણાના હેતુ—ભય, થાક, કે નિર્બળતાથી તથા પિ-

ત્તકારક પદાર્થો ખાવાથી પિત્ત કોપીને વાયુ સહિત તાળવે જઈને તરસ પેદા કરેછે.

તૃષ્ણાનાં લક્ષણ—વારંવાર પાણી પીએ પણ તૃપ્તિ ન થાય એવા રોગને તૃષ્ણા કે તૃષા રોગ કહેછે.

પ્રકાર—વાતથી, પિત્તથી, કફથી, ક્ષત (વાગવા) થી, ક્ષયથી (રસ ધાતુનો ક્ષય થવાથી), આમ (આમ નામે ચીકણો પદાર્થ વધવાથી), અને ખાવાથી (ચીકણું, ખાટું, ખારૂં, ભારે અન્ન ખાવાથી), એવા સાત હેતુઓથી થયેલી તૃષ્ણાના પ્રકાર સાતછે.

વાંતિનું નિદાન.

વાંતિના હેતુ—અતિશય નરમ, ચીકણું, બેસ્વાદ અને ખારૂં ખાવાથી; ઘણું ખાવાથી; શરીરને માફક નહિ એવું ખાવાથી; થાક, બીક, ચિંતા, અજીર્ણ અને કૃમિદોષથી; સ્ત્રીને ગર્ભ રહેવાથી; બીજા ગંદા પદાર્થોના દર્શનાદિથી; અને જોરવડે છાતીમાં ચોળવાથી વાંતિ-છર્દી-ઉલટી-બકારીનો રોગ ઉપજેછે.

પૂર્વરૂપ—ઓડકારનો અટકાવ, મુખમાંથી ખારૂં પાણી છુટવું, ખાવા પીવાપર અભાવ, એ ઉલટી થવાનાં પૂર્વરૂપછે.

લક્ષણ—મુખદ્વારા પેટમાંથી અન્ન, પાણી, રસ, કફ, પિત્ત, લોહી, વગેરેનું વેગથી શબ્દ સહિત બાહાર નીકળે છે, અને રોગી ગભરાઈ જાયછે તેને વાંતિ કહેછે.

પ્રકાર—વાત, પિત્ત, કફ, ત્રિદોષ અને બીભત્સ, એવા પાંચ પ્રકારની છર્દીછે. ગર્ભિણીની છર્દીમાં જે દોષ કોપ્યો

હોય તેનાં ચિન્હ જણાયછે. કૃમિની છર્દીમાં કૃમિ રોગનાં લક્ષણ જણાયછે. છર્દી, તૃષા, દાહ, વગેરે એકલા ન હોય ત્યારે તેમને બીજા રોગના ઉપદ્રવ જાણવા.

તૃષા અને વાંતિનો ઉપાય.

रुग्लाजाब्दवटप्रोहमधुकैर्मध्वन्वितैः कल्पिता—
गुस्रामाशु तृषं भृशं प्रशमयेदास्यान्तरस्था वटी ।
एलालाजलवङ्गनागचपलाश्रीकोलमज्जाम्बुद—
श्रीखण्डं मधुखण्डयुक् प्रशमयेद्वान्तिं त्रिदोषोद्भवाम् ॥ १४॥

ઉપલેટ, ડાંગરની ધાણી, મોથ, વડની વડવાઇના કુમળા અંકુર, જેઠીમધ, એ ઔષધો સમાન લેઈ તેની ગોળી મધમાં વાળીને મુખમાં રાખવી, તેથી તે અતિશય ભારે તરસને તરતજ શમાવેછે. એલચી, ડાંગરની ધાણી, લવિંગ, નાગકેસર, પીપર, કાંગ, બોરના ઠળીયાની મીંજ, મોથ, સફેદ ચંદન, એ નવ ઔષધો સમાન લેઈ તેનું ચૂર્ણ કરીને મધ અને સાકર સાથે ચાટવાથી ત્રિદોષ (ત્રણે દોષ)થી ઉપજેલી ઉલટીને શમાવેછે.

ઉલટીના ઔષધમાં કાંગ લખીછે તે ઠામે કોઈ વૈદ્ય ગહુંલા એવો અર્થ કરેછે, પણ બીજા પાઠમાં श्री ને ઠામે स्त्री છે, જેનો અર્થ प्रियङ्गु (કાંગ) થાયછે. श्रीનો અર્થ પણ प्रियङ्गु થાયછે માટે અમે 'કાંગ' અર્થ માન્ય રાખ્યોછે. नाग चपला ને આખો શબ્દ ગણી કોઈ વૈદ્યો તેને ઠામે 'ગજપીપર' લેવાનું યોગ્ય ગણેછે, પણ અમારી પાસેની બધી પ્રતોમાં नाग (નાગકેસર) અને चपला

(પીપર) એમ જૂદાં જૂદાં ઔષધો ગ્રહણ કરેલાંછે માટે અમે પણ તે બે ઔષધો ગ્રહણ કરવાનું માન્ય રાખ્યું છે. સાકર તથા મધ બે બે તોલાને આશરે લેઈ તેમાં એક તોલો ચૂર્ણ નાખી ખાવું, એ સામાન્ય નિયમછે, પછી રોગ વગેરેના બળાબળ ઉપર આધાર રાખી વત્તું ઓછું પ્રમાણ કરવું.

દાહરોગ.

હેતુ—અગ્નિથી દાઝવાથી, સૂર્યના તાપમાં ફરવાથી, ગરમ પદાર્થનું સેવન કરવાથી કે પિત્તના પ્રકોપ વગેરેથી દાહ ઉત્પન્ન થાયછે.

લક્ષણ—શરીરની અંદર કે બાહાર અગન બળે તેને દાહ કહેછે. અંદરના દાહને અંતર્દાહ અને બહારના દાહને બહિર્દાહ કે કેવળ દાહ કહેછે.

પ્રકાર—રકતપિત્તદાહ, રકતદાહ, પિત્તદાહ, તૃષ્ણાદાહ, રકતપૂર્ણોદરદાહ, ધાતુક્ષયદાહ, મર્મઘાતદાહ, એવા સાત પ્રકાર દાહનાછે. એ પ્રકારનાં નામપરથીજ તેના હેતુ અને લક્ષણો સમજાય તેવાંછે.

દાહનો ઉપચાર.

रमारम्याकारे ! चतुरवचने ! चारुचिकुरे !
त्रिमूल्यालङ्कारे ! करतललसन्नीलनलिने !
निदाघः सञ्जातस्तव किमु सरोजन्मकदली—
दलैः क्लृप्ते तल्पे स्वपिषि यदि साहित्यनिपुणे ! ॥१५॥

હે લક્ષ્મીના જેવા સુંદર રૂપવાળી! હે ચાતુર્યયુક્ત વચન બોલનારી! હે સુંદર કેશપાશવાળી! હે અમૂલ્ય અલંકાર જેણે ધારણ કર્યાછે એવી! જેના હાથમાં શોભાયમાન નીલ કમળ ઝાલેલુંછે એવી હે સ્ત્રી! તને દાહ નામે વિકાર ઉત્પન્ન થયાછે શું? જો એમ હોય તો હે સાહિત્યમાં કુશળ સ્ત્રી! કમળ અને કેળનાં પત્રવડે રચેલી શય્યામાં તું શયન કરેછે, એટલે દાહ એની મેળેજ શાંત થઇ જશે. (આખા શરીરે અગન બળે તે રોગને દાહ કહેછે.)

પામા અને વિપાદિકા રોગ.

પામા—નાની નાની ઘણી ફોલ્લીઓ નીકળીને તેમાંથી પાણી કે પરૂ નીકળેછે તેને ખસ કહેછે. એ રોગ પ્રસિદ્ધછે એટલે એ વિષે ઘણું જણાવવું જરૂરનું નથી.

વિપાદિકા—હાથે અને પગે ચીરા પડેછે તેને વિપાદિકા કે વૈપાદિકરોગ કહેછે ઉપરના બન્ને રોગ કુષ્ટરોગના પ્રકારછે. તેના હેતુઓથી દૂર રહેવા માટે કુષ્ટના હેતુ અહીં બતાવીએ છીએ:—

કુષ્ટના હેતુ—વિરૂદ્ધ અન્નપાનના સેવનથી, ઉલટી વગેરેના વેગને અટકાવવાથી, અતિશય તાપ વેઠી મેહેનત કરવાથી, વિચાર્યા વગર ટાઢું-ઉનું ખાવાથી અતિ ઉપવાસ કરવાથી, પરસેવો વળ્યો હોય-મેહેનત કરી હોય-ઘણી બીક લાગી હોય તે વખતે તરતજ ઠંડું પાણી પીવાથી, અજીર્ણમાં ખાવાથી, નિત્યકર્મ ન કરવાથી, નવું અન્ન-દહીં

માંછલાં-ખારૂં-ખાટું ખાવાથી, ભૂખ લાગ્યા છતાં મેહેનત કરવાથી, દિવસે સૂવાથી, ગુર્વાદિકનું અપમાન કર્યાથી અને એવાંજ બીજા નિંદ્ય કર્મરૂપ હેતુઓથી કોઢરોગ ઉપજેછે.

ખસનું ઓષધ.

रसाद्रिजीरद्विनिशामरीच—
सिन्दूरदैत्येन्द्रमनःशिलानाम् ।
चूर्णीकृतानां घृतमिश्रितानां
त्रिभिः प्रलेपैरपयाति पामा ॥१६॥

પારો, જીરૂ, શાહજીરૂ, હળદર, આંબાહળદર, મરી, સિંદૂર, ગંધક, મનશિલ, એ ઓષધો સમાન લેઈ તેનું ચૂર્ણ કરીને તેમાં ઘી મેળવવું. એ ઓષધ ત્રણ ફેરા લગાડવાથી ખસ દુર થાયછે. (ગંધક અને પારો પ્રથમ એકત્ર ઘૂંટીને પછી બીજા ચૂર્ણમાં નાખવો.)

બીજો ઉપાય.

नखमुखलालनसुखदा पामा रामा नितम्ब विस्तारा ।
स्नेहकनकरसगन्धैर्गच्छति पूर्वा परा वशं याति ॥१७॥

નિતંબ ઉપર પસરેલી પામા(ખસ) અને મોટા નિતંબવાળી રામા(સ્ત્રી) એ બન્ને નખ અને મુખવડે લાલન કરવાથી સુખ આપનારાં છે. એમાંની પેહેલી (ખસ) સ્નેહ (તેલ), કનક (ધંતુરો), રસ (પારો), અને ગંધ (ગંધક) વડે જાયછે-નાશ પામેછે, અને બીજી (રામા) સ્નેહ (પ્રીતિ),

કનક (સુવર્ણ-દ્રવ્યાલંકાર), રસ (ભોજનપાનાદિકના અથવા આનંદ) અને ગંધ (સુગંધી પદાર્થો) વડે સ્વાધીન થાયછે.

ધંતુરાના પાંદડાના રસમાં તેલ નાખીને તેમાં ગંધક પારાની કજ્જલી નાખી તેલ સિદ્ધ કરી તે તેલ ચોપડવું, અથવા તે સઘળું એકત્ર થતા સુધી ગરમ કરી ઠંડું થયા પછી ચોપડવું, એથી ખસ મટશે. (આ શ્લોક બીજી પ્રતોમાં નથી.)

પગ ફાટતા હોય તેનું ઔષધ.

मदनसैन्धवगुग्गुलुगैरिका—
ज्यमधुरालकमाक्षिविलेपनात् ।
स्फुटितमप्यखिलं चरणद्वयं
विकचतामरसप्रतिमं भवेत् ॥१८॥

મીણ, સિંધવ, ગુગળ, ગેરૂ, ઘી, મધ, રાળ, એ ઔષધોનો મલમ કરીને પગે ચોપડવાથી, બંને પગ સઘળા ફાટીને ચીરા પડ્યા હોય તથાપિ તે ખિલેલા રાતા કમળ જેવા થાયછે.

કોઇ પ્રતમાં "ज्यमधुगलगुडाक्षिविलेपनात्" એવો પાઠ બીજા ચરણને ઠેકાણેછે, એ રીતે જોતાં ઉપરનાં સાત દ્રવ્યો ભેગો ગોળ વધારે લેઈ આઠ દ્રવ્યોનો મલમ કરવો, મીણ વગેરે સઘળાં ઔષધ સમાન લેવાં, ઘી, મીણ, મધ, રાળ અને ગોળ એ ચારને એકત્ર કરી ગરમ કરવાથી તે એકરસ થશે, તેમાં સિંધવ, ગુગળ, ગેરૂ એ ત્રણ દ્રવ્યોનું ચૂર્ણ

નાખી લગાર ઘાડું થવા દેઇ ઉતારી ઠંડુ પડયેથી ચોપડવું, સંસ્કૃતમાં પગના એ રોગને વિપાદિકારોગ કહેછે.

અર્શરોગ.

હેતુ—વાયુ વગેરે દોષ જ્યારે બિગાડ પામેછે ત્યારે તે ત્વચા, મેદ, માંસ, અને હાડકાંમાં બિગાડ કરીને ગુદા આગળ માંસના અંકુર ઉપજાવેછે, તેને અર્શ કહેછે.

પૂર્વરૂપ—ઝાડો કબજ, શરીર કૃશ અને દુર્બળ, કૂખોમાં ગડગડાટ, ઓડકાર ઘણા, જાંઘો પાતળી થતી જાય, ઝાડો આવે, ગ્રહણી, પાંડુ કે જઠરના રોગની આશંકા થાય, ત્યારે જાણવું કે અર્શ થવાનાછે.

લક્ષણ—ગુદા આગળ માંસના અંકુર નીકળેછે તેને અર્શ કહેછે.

પ્રકાર—વાતાદિક દોષથી, ત્રિદોષથી, રક્તથી અને જન્મથી, એમ છ પ્રકારનાછે:

૧ વાતાર્શ—અંકુર સૂકા, કરમાઇ ગયેલા, કાળા કે રાતા કરકરા, નાના મોટા, અણીદાર, ફૂટેલાં મોઢાંના, ખજૂરના ઠળિયા જેવા અને કોઇ કદંબના ફુલ જેવા હોયછે; રોગીને વાત રોગના ઉપદ્રવ થાયછે.

૨ પિત્તાર્શ—કાળાં મોઢાંના, રાતા-પીળા કે કાળા, નાના, લોહી વેહેતા, કોમળ, ગંધાતા, જળોનાં મોઢાં જેવા પિત્તના અર્શ હોયછે; રોગીને પિત્તરોગના ઉદ્રવ થાયછે.

૩ કફાર્શ—ગાયના આંચળ જેવા કે ફણસના બીજ જેવા ધોળા, ઉંડાં મૂળવાળા, જાડા, ગોળ, સુંવાળા, અને

કોમળ હોયછે, ચેપ બહુ આવે અને ખજવાળે તો સારૂં લાગેછે. તે અર્શ નથી ફુટતા કે નથી વેહેતા; રોગીને કફના ઉપદ્રવ થાયછે.

૪ ત્રિદોષાર્શ—ઉપરના બધા દોષનાં લક્ષણવાળા અર્શ હોયછે.

૫ રકતાર્શ—અર્શમાંથી લોહી વહેછે. તે વડના અંકુર સરખા અને રાતા હોયછે. એથી રોગી બહુ દુઃખ પામેછે.

૬ સહજાર્શ—ત્રિદોષ જેવાં લક્ષણના હોયછે.

અર્શના રોગમાંથી ગુલ્મ, પ્લીહ, બદ્ધગુદોદર, વદર્મ, પ્રમેહ, મૂત્રકૃચ્છ્ર, કલૈબ્ય વગેરે ભારે રોગ થાયછે. એ અર્શ બાહાર નીકળે તેને ચર્મકીલ કહેછે.

અર્શની ચિકિત્સા.

पथ्यातिलोरुष्करकैः समांशै—
गुडेनयुक्तैः खलुमोदकः स्यात् ।
दुर्नामपाण्डुज्वरकुष्ठकास—
श्वासान् जपे त्प्लीहरुजं च तद्वत् ॥१९॥

હરડે, તલ, ભિલામા, એ ત્રણ સરખે વજને લેવાં. (પ્રથમ ભિલામાં સાથે તલને ખાંડવા પછી તેમાં હરડેનું ચૂર્ણ એકત્ર કરીને બારીક કરવું) અને તેમાં સઘળાથી બમણો ગોળ નાખીને તેની ગોળીઓ કરવી. (એ ગોળી રોગ અને રોગીનું બળાબળ જોઈને એક તોલા વજનસુધી ખાવાને આપવી). તેથી અર્શ, પાંડુરોગ, તાવ, કુષ્ટ (કોઢ) રોગ, ખાંસી, તમામ પ્રકારના શ્વાસ અને તેજ

પ્રમાણે પ્લીહ (બરોળ)ની પીડા પણ મટેછે.

ગંડમાલા.

લક્ષણ—બોરના ઠળિયા જેવડાં અથવા આમળા જેવડાં ગુમડાં હારબંધ, કેટલાંક વખતે કાખમાં, વખતે હડપચી આગળ, વખતે ગળે, વખતે ખભે, કે પછી અંડકોશ આગળ નીકળેછે, તેને ગંડમાળા (ગૂમડાંની હાર) કહેછે.

ગંડમાળાનું ઔષધ.

भल्लातकासीसहुताशदन्ती—
मूलैर्गुडस्नुक्रविदुग्धदिग्धैः ।
लेपोचितैर्गच्छति गण्डमाला
समीरवेगादिव मेघमाला ॥२०॥

ભિલામો, હીરકસી, ચિત્રનુંમૂળ, એ ઔષધોના ચૂર્ણને ગોળ, થોરનું દુધ તથા આકડાના દુધમાં કાલવી તેનો લેપ કરવાથી, જેમ વાયુના વેગથી મેઘની માળા (હારય્) જતી રહેછે તેમ, ગંડમાળા રોગ નાશપામેછે.

થોરના દુધને બદલે થોરનું મૂળ લેવું એવું કોઈ વૈદ્યનું મતછે. ગળે ગૂમડાંની હારય થાયછે તથા તે જલદી પાકતાં ફાટતાં નથી તેને ગંડમાળા કહેછે.

કંઠરોગ.

ગળાની અંદર જૂદા જૂદા પ્રકારના ઉપદ્રવ થાયછે તે ઉપરથી કંઠરોગના અઢાર પ્રકાર કરેલાછે. જીભની આસપાસ માંસના અંકુર થાયછે કે જેથી ગળું રૂંધાય

છે તેને રોહિણી કહેછે. ગળામાં બોરના ઠળિયા જેવી ગાંઠ થાયછે તેને કંઠસાબુક કહેછે. ગળામાં અન્નનો માર્ગ રોકે એવી ગાંઠ થાયછે તેને વલય કહેછે. ગળામાં સોજો થાયછે તેને બલાસ કહેછે. ગળાનો માર્ગ બંધ કરે એવી માંસના અંકુરવાળી શળી થાયછે તેને શતઘ્ની કહેછે. આમળાના ઠળિયા જેવડી ગળામાં ગાંઠ થાયછે તેને ગિલાયુ કહેછે. (એ ગાંઠ શસ્ત્ર વિના મટતી નથી). ઈત્યાદિ રોગો તેમાં મુખ્યછે.

કંઠરોગનો ઉપાય.

गोमुत्रेण कृतः कलिङ्गकटुकापाठाविषाब्दामर—
क्काथः क्षौद्रयुतो निहन्ति सकलान्कण्ठाणयानुद्भटान् ॥
पाठातेजवतीरसाञ्जनयवक्षारोपकुल्यानिशा—
देवानां मधुना कृता मुखधृता तद्वद्गुटी पठ्यते ॥२१॥

ઇંદ્રજવ, કડુ, પાહાડમૂળ, અતિવિખની કળી, મોથ, દેવદાર, એ ઓષધો સમાન લેઈ તેનો ચાર તોલાનો ક્વાથ ચોસઠ તોલા ગાયના મૂત્રમાં કરવો. ક્વાથ અષ્ટમાંશ શેષ રહે ત્યારે પાછળ કહેલા પ્રમાણમાં તેમાં મધ નાખીને પીવું. એ રોગ સઘળા પ્રકારના બળવાન્ કંઠરોગોનો નાશ કરેછે. (ગળાની અંદર જે વિકારો થાયછે તેને કંઠરોગ કહેછે). પાહાડમૂળ તેજબળ, રસાંજન, જવખાર, પીપર, હળદર, દેવદાર, એ ઓષધો સમાન લેઇ તેનું ચૂર્ણ કરીને ચૂર્ણની બરોબર મધ લેઈ તેમાં તેની ગોળીઓ કરવી. એ ગોળી મુખમાં રાખવાથી સઘળા કંઠના રોગ મટેછે.

અમ્લપિત્ત.

હેતુ—વિરૂદ્ધ ભોજન કરવાથી, ખાટું-બગડી ગયેલું-દાહ કરે એવું-પિત્ત બગાડે એવું ખાવાથી કે પીવાથી પિત્ત ગબડીને જે વ્યાધિ કરેછે તેને અમ્લપિત્ત કહેછે.

લક્ષણ—અપચો, ખાટો અને કડવો ઓડકાર, છાતીમાં અને ગળામાં દાહ, અરૂચિ, એ અમ્લપિત્તનાં લક્ષણછે.

પ્રકાર—વાત, પિત્ત અને કફથી અમ્મલપિત્ત ત્રણ પ્રકારનું થાયછે.

અમ્લપિત્તનો પ્રતીકાર.

भूनिम्बनिम्बत्रिफलापटोल—
वासामृतापर्पटमार्कवाणाम् ।
क्वाथो हरेत्क्षौद्रयुतोऽम्लपित्तं
चित्तं यथा वारवधूकटाक्षः ॥२२॥

જેમ વારાંગનાનો કટાક્ષ કામીઓના ચિત્તને હરેછે તેમ, કરિયાતુ, લીંબડાની અંતરછાલ, ત્રિફળા, પટોળ (આંખ ફુટામણીનો વેલો), અરડૂસી, ગળો, પિત્તપાપડો, ભાંગરો, એ ઔષધોનો પાછળ કહેલા ક્વાથના વિધિ પ્રમાણે ક્વાથ કરી મધ નાખીને પીવાથી અમ્લપિત્તરોગ મટેછે.

અશ્મરીરોગ.

હેતુ—પેઢામાં આવેલા વીર્યનું વાયુ કે પિત્ત શોષણ

કરેછે તેથી પથરી જેવી ગાંગડી બાઝી જાયછે તેને અશ્મરી કે પથરીનો રોગ કહેછે.

પૂર્વરૂપ—પેઢુ ફુલેછે, જે જગોએ પથરી બાઝી હોય તે જગોની આસપાસ ઘણી પીડા થાયછે, મૂત્રકૃચ્છ્ર, તાવ અને અરૂચિ થાયછે.

લક્ષણ—નાભિમાં, પેઢામાં, અને માથામાં પીડા થાય, મૂત્ર રોકાય કે ધાર ખંડિત થઈ જાય, ગાયના મેદ જેવું મૂત્ર થાય, એ ઉપરથી અશ્મરી ઓળખવી.

પ્રકાર—વાતાશ્મરી, પિત્તાશ્મરી, કફાશ્મરી, અને શુક્રાશ્મરી એમાંની પેહેલી ત્રણ તો બાળકને પણ થાય છે. છેલ્લી મોટા માણસને થાયછે. વીર્ય પોતાના સ્થાનથી છૂટીને જ્યારે તે બાહાર નીકળતું નથી ત્યારે બે અંડકોશની વચ્ચે વાયુ, વીર્યનું શોષણ કરીને પથરી કરેછે. તેથી પેઢામાં મૂત્રકૃચ્છ્ર અને અંડ ઉપર સોજો થાયછે. વળી તે રોગ થયો કે પછી વીર્ય જાણે આવ્યું અને જતું રહ્યું એવો ભાસ થાયછે. દબાવવાથી ઝીણા ઝીણા કણ મૂત્ર સાથે નીકળેછે.

પથરી આદિક રોગ ઉપર હિંગ્વાદિ ચૂર્ણ.

हिङ्गुक्षारद्वयसैन्धवसौवर्चलबिडपिप्पलीग्रन्थिकचित्रकचव्यमरीचकर्चूरकुस्तुम्बरीकबरीतिन्तिडीकषड्ग्रन्थाजमोदाम्लवेतसपुष्करमूलनागरकरकजीरकहरीतकीवृकीविपुषाविरचितचूर्णमिदमश्मरीहृदयगलरोधविबन्धाध्मानहिक्कावर्धमगुदजगुल्मसकलशूलप्लीहपाण्डुश्वसनकसनदहनस-

दनवदनविरसताविरतये समर्थतरम् ॥२३॥

હિંગ (શેકેલી), જવખાર, સાજીખાર, સિંધવ, સંચળ, બિડખાર, ગીપર, પીપરીમુળના ગંઠોડા, ચિત્રો, ચવક, મરી, ષડ્કચુરો, ધાણા, આસંધ, આંબલીની (અંતર છાલ), વજ, અજમોદ, આમ્લવેતસ (તે ન મળે તો ચણાની ખટાઇ કે લુણી લેવી), પુષ્કરમુળ, શુંઠ, દાડમસાર (દાડીમનાં બીજ), જીરૂ, હરડેદળ, પાહાડમૂળ, હાસ, (છીણીના પાંદડાં ?), એ પચીસ ઔષધો સમાન ભાગે લેઇને તેનું ચૂર્ણ કરવું. એ ચૂર્ણ એક તોલો ખાવાથી તે પથરીનો રોગ, છાતીની અમુઝણ, ગળાનો રોધ, બદ્ધકોષ્ટ, પેટ ચઢવું, હેડકીનો રોગ, અંત્રવૃદ્ધિ, અર્શ, ગુલ્મરોગ, સધળા પ્રકારનાં શૂળ, પ્લીહા (બરોળ), પાંડુરોગ, શ્વાસ, ખાંસી, અગ્નિમાંદ્ય, મુખની વિરસતા, એ રોગોને મટાડવાને સમર્થછે. (દાડિમસારને ઠામે કોઈ વૈદ્યો દાડીમની છાલ લેછે).

જઠરાગ્નિ પ્રદિપ્ત કરવાનો ઉપાય.

प्राणेश्वर ! प्रियतमे ! वद किं वदामि
तत्कान्त ! भो ! किमु मृगाक्षि ! यदभिकारि !
सम्यक् शृणु प्रणयिनि ! प्रणयन् ! शृणोमि
स्वादेत् सनिम्बुरससैंधवशृङ्गवेरम् ॥२४॥

સ્ત્રી—હે પ્રાણેશ્વર !

સ્વામી—હે પ્રિયતમા ! બોલ, હું શું કહું ?

સ્ત્રી—હે સ્વામી ! તેજ.

સ્વામી—હે મૃગનયની ! શું ?

સ્ત્રી—જઠરાગ્નિને પ્રદિપ્ત કરનાર જે ઔષધ હોય તે.

સ્વામી—હે સ્નેહવતી ! ત્યારે તે તું સારી રીતે સાંભળ.

સ્ત્રી—હે સ્નેહવાળા સ્વામી ! તે હું સાંભળું છું.

સ્વામી—લીંબુનો રસ અને સિંધવ એ બેની સાથે આદાની કાતળીઓ ખાવી.

ભોજન કરતા પેહેલાં, આદાને છોલી તેને કાતળીઓ કરી તેમાં સિંધવ અને લીંબુનો રસ નીચોવીને આશરે એક તોલો ખાવું તેથી જઠરાગ્નિ પ્રદિપ્ત થાયછે.

એજ ઔષધનું બીજે પ્રકારે કથન.

जिह्वाकण्ठहृदां विशोधनकरं वैस्वर्यशोफापहम्
ग्राहि श्वासबलासकासचलजित् वृष्यं कटूष्णं लघु ।
पाके स्वादु विबन्धनुद्रुचिकरं क्षुद्बोधनं भोजने
भोक्तव्यं सहसैन्धवेन सततं निम्बुद्रवैरार्द्रकम् ॥२५॥

લીંબુના રસમાં આદુ નાખીને તેને સિંધવ સાથે નિરંતર ભોજન સમયે ખાવું; કેમકે તે જીભ, કંઠ અને હૃદયને શુદ્ધ કરનારૂંછે, સ્વર બગડી ગયો હોય તેને સુધારનારૂંછે, સોજાને મટાડનારૂં છે, મળનો કબજો કરનારૂંછે, શ્વાસ, કફ, ખાંસી અને વાયુ, એ રોગોને જીતનારૂંછે, અંગને પુષ્ટ કરનારૂંછે, તીખું, ગરમ અને હલકુંછે, પાચન થયા પછી તો મધુરછે. વાયુના રોકાણનો નાશ કરનારૂંછે, અને ક્ષુધાને પ્રદિપ્ત કરનારૂંછે.

બીજા ઉપાય—હિંગ્વાષ્ટક વગેરે ચૂર્ણો.

हिङ्गुव्योषाजमोदाद्विजरणलवणं प्राग्भजेत्साज्यभक्तं
कुर्याज्जाज्वल्यमानं ज्वलनमनिलजं गुल्ममेतान्निहन्ति ।
वृक्षाम्लं वह्निपथ्या त्रिकटुपटुविडङ्गन्तुजिज्जीरयुग्मं
दीप्यो सौवर्चलं वाचलमपिसकलं भस्मसाच्चर्करीति ॥२६॥

હિંગ (શેકેલી), ત્રિકટુ (સુંઠ, પીપર, મરી), અજમોદ, જીરૂ, શાહજીરૂ, સિંધવ, એ સર્વે સમાન ભાગે લેઇને તેનું ચૂર્ણ કરીને ઘી સાથે ભોજન કરતા પેહેલાં ખાવું તેથી તે જઠરાગ્નિને પ્રદિપ્ત કરેછે અને વાયુથી ઉપજેલા ગુલ્મનો નાશ કરેછે.

આમચુર (કોઈ આમલી પણ લેછે), ચિત્રો, હરડે, સુંઠ, પીપર, મરી, સિંધવ, બીડખાર, વાવડીંગ, જીરૂ, શાહજીરૂ, અજમો, અજમોદ, સંચળ, એ સઘળાં સમાન ભાગે લેઈ ચૂર્ણ કરી ખાવાથી સઘળા વાયુને ભસ્મ કરેછે અથવા સઘળા પર્વતને ભસ્મ કરી નાખેછે!

લોલિંબરાજચૂર્ણ.

शुण्ठी बाणमिता कणाणवमिता दीप्याययवान्योः क्रमात्
भागानां त्रितयं द्वयं च लवणाद्भागः शिवैतत्समा ।
कोष्टाटोपरुगामगुल्ममलहृल्लोलिम्बराजोदित—
श्चूर्णोऽस्त्रीनपि भस्मसात्प्रकुरुते किं भोजनं भोजनाः॥२७॥

સુંઠ પાંચ ભાગ, પીપર ચાર ભાગ, અજમો ત્રણ ભાગ, અજમોદ (જવાન) બે ભાગ, સિંધવ એક ભાગ, અને

હરડે એ સઘળાની બરોબર એટલે પંદર ભાગ લેઈને તેનું ચૂર્ણ કરવું. એ ચૂર્ણ નિત્ય એક તોલો ખાવાથી પેટમાં ગરગડાટ થતો હોય તે, ચૂંક, આમ, ગુલ્મ, મળ, એ સર્વેનું નાશ કરેછે. લોલિંબરાજે કહેલું એ ચૂર્ણ પર્વતને પણ બાળીને ભસ્મ કરી નાખે એવુંછે તો હે મનુષ્યો ! ભોજન એ શી વિશાતમાંછે ?

વિદ્રધિ.

હાડકાંમાં રહેલા દોષ ચામડી, લોહી, માંસ, વગેરેને બગાડીને ધીમે ધીમે ભારે સોજો કરેછે. એ સોજો ગોળ અને પોહોળો હોયછે. તથા તેમાં ભારે વેદના થાયછે તેને વિદ્રધિ કહેછે.

પ્રકાર—વાતવિદ્રધિ, પિત્તવિદ્રધિ, કફવિદ્રધિ, ત્રિદોષવિદ્રધિ, ક્ષતવિદ્રધિ (વાગ્યા પછી કુપથ્ય કરવાથી પિત્તનાં લક્ષણવાળો સોજો થાયછે તે) રકતવિદ્રધિ, એવા છ પ્રકારનો તે થાયછે.

અંતર્વિદ્રધિ—ઉપર કહ્યો તેવોજ સોજો શરીરના અંદરના ભાગમાં-પેટમાં હૃદયમાં વગેરે ઠામે થાય તેને અંતર્વિદ્રધિ કહેછે. સ્ત્રીઓના સ્તનપર જે સોજો થાયછે તેને સ્તનવિદ્રધિ કહેછે.

વિદ્રધિનો પ્રતીકાર.

शिग्रुदीप्यवरुणद्वियामिनीकुञ्जराशनकृतः कषायकः ।
बालचूर्णसहितोन्तरुत्थितंविद्रधिं विदलयेदसंशयम् ॥२८॥

સરગવાની અંતર્છાલ, અજમોદ, વાયવરણો, હળદર,

આંબાહળદર, પીપળાની અંતછાલ, એ ઔષધોનો કવાથ કરીને તેમાં બોલનું ચૂર્ણ દશ માસા નાખીને પીવાથી તે શરીરના•અંદરના ભાગમાં ઉત્પન્ન થયેલા વિદ્રધિને નિશ્ચય વેરી નાખેછે—મટાડે છે.

શરીર ઉપર ઊંડા મૂળવાળી ગાંઠ કે સોજો ઉપજેછે તેને વિદ્રધિ કહેછે. એવોજ વિદ્રધિ પેટમાં, છાતીમાં, પેઢુમાં, કે અંદર બીજા ભાગમાં પણ થાયછે, તેને અંતર્વિદ્રધિ કહેછે. આ ઉપાય અંતર્વિદ્રધિનોછે.

હૃદ્રોગ.

હેતુ—ઘણું ઊનું-ભારે-ટાઢું-તુરૂં-કડવું વગેરે ખાવાથી, અતિશય મેહેનત કરવાથી, વાગવાથી, ખાધા ઉપર ખાવાથી, ઘણો વિચાર કરવાથી, છીંક-બગાસું-ઓડકાર-હાસ્ય-વગેરે વેગ અટકાવવથી, હૃદ્રોગ ઉત્પન્ન થાયછે.

પૂર્વરૂપ—વિવર્ણતા, મૂર્છા, હિક્કા, ખાંસી, શ્વાસ, તરસ, તાવ, મુખમાં વિરસતા, અરૂચિ, બકારી, કફની પીડા અને છાતીમાં દુઃખ એ પૂર્વરૂપછે.

લક્ષણ—વિષમ થઇ ગયેલો દોષ રસને બગાડીને છાતીમાં પીડા કરેછે તેને હૃદ્રોગ કહેછે.

પ્રકાર—વાત, પિત્ત, કફ, ત્રિદોષ અને કૃમિથી ઉપજેલો હૃદ્રોગ એ પાંચ પ્રકારનોછે. વાતાદિનાં છૂટાં કે એકત્ર લક્ષણોથી તેનો હૃદ્રોગ ઓળખવો, તથા શુળ બગાસાં, આંખમાં કાળાશ, શોષ, વગેરેથી તેમજ ભ્રમ વગેરે કૃમિરોગના ઉપદ્રવોથી કૃમિહૃદ્રોગ ઓળખવો.

હૃદયરોગનો પ્રતીકાર.

कमलकुड्मलकल्पपयोधरद्वयसमाहितहारमनोहरे !
हृदयरुक्षु हितं घृतमर्जुनस्वरसकल्पसुसाधितमङ्गने ॥२९॥

કમળના દોડા શમાન બે સ્તન ઉપર જેણે સુંદર હાર ધારણ કર્યો છે એવી હે સ્ત્રી! સાદડના રસમાં, સાદડના કલ્કવડે વિધિપૂર્વક સિદ્ધ કરેલું ઘી હૃદયના રોગમાં હિતકરછે.

સાદડનો રસ ન મળી આવે તો સાદડનાં છોડાં બાર તોલા લેઈને તેનો છન્નુ તોલા પાણીમાં ચતુર્થાંશ શેષ રહેતાં લગી ક્વાથ કરવો. તે ક્વાથ ગાળી લેઈને તેમાં ૬ તોલા ગાયનું ઘી તથા સાદડની અંતરછાલને એનાજ ક્વાથમાં વાટીને કલ્ક કરીને તે કલ્ક એક તોલો નાખીને ઘી માત્ર શેષ રહેતાં લગી પાક કરવો. કલ્કને આંગળાંથી દાબીએ એટલે દીવેટ વળે તથા તેને અગ્નિ ઉપર નાખવાથી ચરચર બોલે નહિ, તેમ ઘી ઉપર ફીણ આવીને જતું રહે, ત્યારે તે ઘી સિદ્ધ થયું જાણીને તેમાંથી ચાર તોલા પ્રમાણે ખાવું. (છાતીમાં પીડા થાય તેને હૃદ્રોગ કહેછે).

દંતરોગ.

દાંતે જૂદા જૂદા પ્રકારના ઉપદ્રવ થાયછે તે પરથી તે રોગ દશ પ્રકારનો ગણેલોછે. ચિકિત્સા કરવાની અનુકૂલતા માટે એ દશ પ્રકારનાં નામ તથા લક્ષણ અહીં આપ્યાંછે.

૧ દાલન.—દાંતની નસોમાં પીડા થાય.

૨ કૃમિદંતક.—નિમિત્ત વગર પીડા થાય.

૩ દંતહર્ષ.—ટાઢું, ઊનું, ખાટું, પવન વગેરે સહન ન થાય.

૪ કરાલ.—ધીમે ધીમે વાયુ દાંતને મોટા અને બેડોળ કરેછે.

૫ દંતવેષ્ટ.—દાંત હાલીને તેમાંથી લોહી તથા પરૂ વહેછે.

૬ દંતશર્કરા.—દાંતનો મેલ કઠણ થઈ જાયછે તે.

૭ ખલીવર્દ્ધન.—વાયુવડે એકાદ દાંત બીજાથી મોટો થઈ પીડા કરેછે તે.

૮ શ્યાવદંત.—દાંત કાળો પડી જાયછે તે.

૯ ભંજનક.—મોઢું વાંકું અને દાંત ભાગી જાય તે.

૧૦ કાપાલિકા.—દંતશર્કરા વધીને ગાલને નડે તેને કાપાલિકા કહેછે.

એ સિવાય શીતાદ વગેરે દાંતના મૂળના રોગ તેર પ્રકારના છે, પણ તે અહીં અપ્રસ્તુત હોવાથી તેનું વિવેચન કર્યું નથી.

દંતરોગનો પ્રતીકાર.

सोऽयं सुगन्धिमुकुलो बकुलो विभाति
वृक्षाग्रणी प्रियतमे ! मदनैकबन्धुः ।
यस्य त्वचेव चिरचर्वितया नितान्तं
दन्ता भवन्ति चपला अपि वज्रतुल्याः ॥३०॥

હે પ્રિયતમા ! સુગંધયુક્ત કળીઓવાળો અને કામદેવના મુખ્ય બંધુરૂપ, વૃક્ષોમાં શ્રેષ્ઠ એવો આ બોરસળીનો વૃક્ષ શોભેછે, કે જેની છાલને ઘણાકાળ સુધી અત્યંત ચાવ્યા કરવાથી દાંત હાલી ગયેલા હોય તથાપિ તે વજ્ર

જેવા દૃઢ થાયછે. (બોરસળીની છાલને ઘણા દિવસ સુધી ચાવ્યા કરવી).

રક્તપિત્ત.

હેતુ—પરસેવો, મેહેનત, શોક, માર્ગમાં ચાલવું; અતિશય સ્ત્રીસંગ તીખું ઉનું ખારૂં ખાટું ખાવું, વલુરવું, એવા હેતુઓથી પિત્ત બગડીને લોહીને બગાડેછે, તેથી રકતપિત્ત થાયછે.

પૂર્વરૂપ—ઠંડા પદાર્થની પ્રીતિ થાય, ગળું બળે, ઉલટી થાય, લોઢાના જેવો શ્વાસ ગંધાય, ત્યારે જાણવું કે રકતપિત્ત રોગ થવાનોછે.

લક્ષણ—ઉપર-મોઢું, નાક, કાન, આંખો, વગેરે છિદ્રોમાંથી, અથવા નીચે ગુદા કે મૂત્રેંદ્રિયવાટે, અથવા ઉપર અને નીચે બેય તરફથી લોહી વહે તેને રકતપિત્ત કહેછે. એના ત્રણ પ્રકારછે.

૧ ઉર્ધ્વગ—ધોળાશપર, જાડું, ચીકણું લોહી ઉપરના છિદ્રોથી પડે તે કફથી સમજવું.

૨ અધોગ—કાળું કે લાલ પણ ફીણવાળું લોહી નીચેનાં છિદ્રોથી પડે તે વાયુથી જાણવું.

૩ દ્વિમાર્ગગ—કફ અને વાયુ મિશ્રિત હોય ત્યારે ઉપર નીચે બન્નેનાં છિદ્રોથી લોહી વહેછે.

ઉપદ્રવ—તાવ, અપચો, ઉલટી, શ્વાસ, તરસ, ખાંસી, નિર્બળતા, પાંડુતા, ખાધા પછી દાહ, માથામાં ગરમી રેચ, એ ઉપદ્રવ રકતપિત્તમાં થાયછે. જે રોગીને આકાશા-

ઠી પદાર્થ રાતા દેખાય તેને સારૂં થાય નહિ.

રકતપિત્તનો ઉપાય.

(વ્યસ્તસમસ્તોત્તર-બહિર્લાપિકા).

भिन्दन्ति के कुञ्जरकुम्भपालिं ?
किमव्ययं वक्ति रते नवोढा ? ।
सम्बोधनं नुः किमु ? रक्तपित्तं
निहन्ति कस्तान्वि ! वद त्वमेतत् ॥३१॥

હાથીનાં કુંભસ્થળને ભેદનાર કોણછે ?...सिंहाः—સિંહો.
નવોઢા સ્ત્રી સંભોગમાં કયો અવ્યય બોલેછે ?...न—નહિ.
નૃ શબ્દનું સંબોધન શું છે ?.................नः—હેનર.
હે સ્ત્રી ! તું કહે કે રકતપિત્તને શું હણે ?...सिंहाननः-અર્ડૂસો.

ઉપરના શ્લોકમાં જૂદા જૂદા પ્રશ્નોછે તેના જૂદા જૂદા ઉત્તર એ વ્યસ્ત ઉત્તરછે, અને તેને એકઠા કરવાથી જે ઉત્તર [सिंहाननः] નીકળેછે તે સમસ્ત ઉત્તરછે. એ યુકિત શ્લોકમાંના પદમાં ન છતાં બાહારના [सिंहाननः] પદમાં છે માટે બહિર્લાપિકાછે, અરડૂસીનો કવાથ પીવો, એ તાત્પર્યછે.

હિક્કારોગ.

હેતુ—દાહકારક, ભારે, બદ્ધકોષ્ટ કરે એવા, સળેખમ ઉત્પન્ન કરે એવા અને શીતળ, પદાર્થો ખાવાથી-ઠંડે પાણીએ નાહાવાથી-ધૂળ, ધૂમાડો, તાપ, વાયુ, મે-

હેનત, ભારવહન, મુસાફરી, જોરથી વાગવું, વગેરે કારણોથી-આમ સંબંધી રોગથી-સ્ત્રી સંગથી-ક્ષયરોગથી વિષમ ભોજનથી-અતિ ભોજનથી-વગેરે કારણોથી હિક્કા (હેડકીનો રોગ) ઉત્પન્ન થાયછે.

લક્ષણ—વારંવાર મુખમાંથી ટૂંકા શબ્દ સાથે વાયુ નિકળેછે તથા તે વખતે આંતરડાં ઊંચાં થાયછે તેને હિક્કા કહેછે.

પ્રકાર—અન્નજા (ઘણું ખાવાથી થયેલી), યમલા (બે ત્રણ હેડકી સાથે આવેછે), ક્ષુદ્રિકા (ધીમે ધીમે આવેછે), ગંભીરા (એનો અવાજ ઘોર હોયછે તથા ઉત્પત્તિ નાભીમાંથી થાયછે), મહતી (આખા શરીરને કંપાવેછે), એવા પાંચ પ્રકારની તે હોયછે.

હિક્કાનો પ્રતીકાર.

विश्वाशिवाकणाचूर्णः ससितः समधुस्मृतः ।
नस्यवद्विश्वगुडयोर्हिक्काधिक्कारकारकः ॥३२॥

સુંઠ અને ગોળના નસ્યની પેઠે, સાકર અને મધ સહિત સુંઠ, આમળાં અને પીપરનું ચૂર્ણ પણ હિક્કાનો ધિક્કાર કરનારૂંછે-મટાડનારૂં છે

સુંઠ, આમળાં અને પીપરનું ચૂર્ણ સમાન ભાગે કરીને તેમાંથી એક તોલો ચણ બમણી સાકર તથા બમણા મધ સાથે ચાટવું. (વંગસેન નામે ગ્રંથમાં પણ એમજ ચાટવાનું કહ્યુંછે), આયુર્વેદમાં કહેછે કે,—મધ સાથે જેઠીમધ સુંઘવું, સાકર સાથે પીંપરનું ચૂર્ણ સુંઘવું, ગોળ સાથે

સુંઠ સુંઘવી. એ ત્રણે નસ્ય (સુંઘવાનાં ઔષધ) હિક્કા (હેડકીના) રોગને મટાડનારાંછે.

ભ્રમનો પ્રીતકાર.

दुरालभाकषायस्य घृतयुक्तस्य सेवनात् ।
भ्रमः शाम्यति गोविन्दचरणस्मरणादिव ॥३३॥

જેમ વિષ્ણુના ચરણનું સ્મરણ કરવાથી ચોરાશીલક્ષ્ય જાતિમાં જન્મ મરણરૂપ ભ્રમણ શમી જાયછે, તેમ ધમાસાના કવાથમાં ઘી મેળવીને તેનું સેવન કરવાથી ભ્રમરોગ પણ શમી જાયછે-મટી જાયછે.

જે રોગમાં ચિત્ત ભમતું રહેછે-સ્મૃતિભ્રંશ થાયછે તેને ભ્રમ કહેછે. ચકરી આવેછે-આસપાસ બધું ફરતું હોય એવું માલમ પડેછે, તેને પણ ભ્રમ કહેછે. આઠ તોલા કવાથમાં દસમાસા ગાયનું ઘી નાખીને પીવા આપવું.

શોકપ્રતીકાર.

अयि ! रत्नकले ! कुरु मा कलहं
कलहंसकलत्रसमानगते !
शृणु मद्वचनं वद वैद्यमणे !
मदिरा मदिराक्षि ! शुचं शमयेत् ॥३४॥

હે રત્નકળા ! હંસની સ્ત્રીના જેવી મંદગતિવાળી હે સ્ત્રી! તું કલેશ કરીશ નહિ; મારૂ વચન સાંભળ. સ્ત્રી હે વૈદ્યોમાં મણિરૂપ સ્વામી ! તે વચન કહો. સ્વામી-હે મદિરા સમાન રક્ત નેત્રવાળી ! મદિરા(દ્રાક્ષાસવ) શોકને શમાવેછે.

દ્રાક્ષાસવ એ ઉપલક્ષણછે. અર્થાત્ શોક માત્ર શમાવવા પુરતો અને અતિશય મદવાળો નહિ એવો દારૂ પીવો. પીવાનું પ્રમાણ કોઇ અનુભવી દાકતરથી જાણી લેવું.

ઊરૂસ્તંભ.

હેતુ—ટાઢું, ઉનું, નરમ, સૂકું, ભારે, ચીકણું ખાવાથી અજીર્ણમાં ખાવાથી, મેહેનત કે ઉજાગરો કરવાથી-કફ, મેદ, વાયુ અને આમ સાથળમાં એકઠાં થાયછે, અને ઉપરનો રોગ ઉપજાવેછે.

પૂર્વરૂપ—ઊંઘ, ઝોકાં, જડપણું, તાવ, રોમહર્ષ, અરૂચિ, બકારી એવા ઉપદ્રવ થાય તથા જાંઘો નરમ થાય ત્યારે જાણવું કે ઊરૂસ્તંભરોગ થવાની તૈયારીછે.

લક્ષણ—બન્ને જાંઘો જડ, ટાઢી, અચેતન અને જાણે પારકી હોય તે પ્રમાણે ભારે લાગેછે, પીડા ઘણી થાય છે, શરીરમાં કળતર, ભારેપણું, ઘેન, બકારી, અરૂચિ, તાવ, એવા ઉપદ્રવ થાયછે, અને પગ ઉપાડવો અઘરો પડેછે, એ રોગને ઊરૂસ્તંભરોગ કહેછે. કેટલાક વૈદ્યો ભૂલથી એને વાયુનો રોગ જાણી ત્યાં તેલ વગેરે ચોળેછે ત્યારે તે થકી વધારે પીડા થઇને રોગ વધેછે અને ચાલી શકાતું નથી.

ઊરૂસ્તંભનો ઉપાય.

पुनर्नवानागरदारुपथ्याभल्लातकाच्छिन्नरुहाकषायः ।
दशाङ्घ्रिमिश्रःपरिपेय ऊरुस्तम्भेऽथवामूत्रपुरप्रयोगः ॥३५॥

સાટોડી, સુંઠ, દેવદાર, હરડે, ભિલામો, ગળો, એ ઓૌષધોના કવાથમાં દશમૂળ (જે પાછળ કહેલાંછે તે) નું ચૂર્ણ દશમાસા નાખીને પીવું. (કોઇ વૈદ્યોનું મત એમછે કે સાટોડી આદિ છ અને દશમૂળ, એ સઘળાંનો કવાથ કરીને તે પીવો. ભિલામાના વૃક્ષનાં છોડાં કવાથમાં લેવાં) અથવા (આઠ તોલા ગાળેલા) ગોમૂત્રમાં (ચાર માસા) ગુગળનું ચૂર્ણ નાખીને તે પીવો, તેથી ઊરૂસ્તંભ નામે રોગ મટછે.

મૂત્રકૃચ્છ્ર.

હેતુ—અતિશય મેહેનત, તીક્ષ્ણ ઓસડ, લુખા પદાર્થ, ખાવા, મદ્ય, પીઠે ભાર વેહેવો, મત્સ્ય ભોજન, અધ્યશન (ખાધાપર ખાવું), અજીર્ણ, એ હેતુઓથી મૂત્રકૃચ્છ્ર થાયછે.

લક્ષણ—દોષ કોપ પામીને મુત્રના માર્ગને રોકેછે, તેથી મહા કષ્ટે કરીને પિશાબ થાયછે તેને મૂત્રકૃચ્છ્ર કહેછે.

પ્રકાર—વાત મૂત્રકૃચ્છ્ર, પિત્તમૂ૦, કફમૂ૦, ત્રિદોષમૂ૦ વાતમૂ૦ (વાગવાથી પેશાબ બંધાય તે–એનાં લક્ષણ વાતમૂ૦ના જેવાં હોયછે), વિટ્મૂ૦ (ઝાડો રોકવાથી પેશાબ રોકાઇ પેટ ચઢેછે અને વાતશૂળ થાયછે), શુક્રમૂ૦ (વીર્યના દોષથી પિશાબનું રોકાણ થાય), અશ્મરીમૂત્રકૃચ્છ્ર (પથરીના રોગવાળાનો પિશાબ રોકાયછે) તે, એમાં છાતીમાં પીડા, કંપ, કૂખોમાં શૂળ, અગ્નિમાંદ્ય વગેરે ચિન્હ થાયછે, એવા આઠ પ્રકારનો આ રોગછે.

પથરી અને મૂત્રકૃચ્છ્રનો ઉપાય.

सक्षौद्रं कुशकाशगोक्षुरशिवाशम्याकपाषाणभिद्—
दुःस्पर्शं परिसेवितं परिहरेत्सद्योऽश्मरीं दुस्तराम् ।
एलापर्वतभिच्छिलाजतुकणाचूर्णं गुडेनान्वितं
यद्वा तन्दुलधावनोदकयुतं स्यान्मूत्रकृच्छ्रापहम् ॥ ३६ ॥

દર્ભ (દાભ), કાસ, ગોખરૂ, આમળાં, ગરમાળો, પાષાણભેદ, ધમાસો, એ ઔષધોનું ચૂર્ણ ખાવાથી તે તત્કાળ ન મટે એવી અશ્મરી (પથરી)ને પણ મટાડેછે. અથવા તત્કાળ ઉત્પન્ન થઇ આવનારી મહાકઠણ અશ્મરી (મૂત્રગ્રંથિ) ને મટાડેછે. વળી, એળચી, પાષાણભેદ, શિલાજિત, પીપર, એ ઔષધોનાં ચૂર્ણમાં ગોળ સમાન વજને મેળવીને ખાવાથી અથવા ચોગણું ચોખાનું ધોવરામણ નાખીને પીવાથી. તે મૂત્રકૃચ્છ્રને મટાડેછે.

પેઢૂમાં આવેલા વીર્યને વાયુ કે પિત્ત શોષણ કરેછે તેથી પથરી બાઝી જાયછે. એ રોગ થાય ત્યારે પેશાબ ગાયના મેદ જેવો થાયછે. મૂત્ર રોકાયછે કે ધાર ખંડિત થઈ જાયછે પેઢૂમાં, નાભિમાં અને માથામાં પીડા થાયછે. જે રોગમાં પિશાબ બહુ કષ્ટે કરીને થાયછે તેને મુત્રકૃચ્છ્ર કહેછે.

બીજો ઉપાય.

वासैला मधुकाश्मभेदचपलाकौन्तीक्षुरैरण्डजः
क्वाथः साश्मजतुर्जयत्यातितरां कृच्छ्राश्मरीशर्कराः ।
कृच्छ्रेदाहरुजां विबन्धसहितेक्वाथोश्मभिच्चेतकी
यासारग्वधगोक्षुरैर्विरचितोमध्वान्वितःशस्यते ॥ ३७ ॥

અરડૂસી, એલચી, જેઠીમધ, પાષાણભેદ, પીપર, પિત્તપાપડો, એખરો, દીવેલાનું મૂળ, એ ઔષધોના કવાથમાં શિલાજિતનું ચૂર્ણ ચારમાસા નાખીને પીવાથી તે મૂત્રકૃચ્છ્ર, અશ્મરી અને શર્કરા (પથરીના છૂટા છૂટા કણ પિશાબ વાટે બાહાર પડેછે તે રોગ) મટાડેછે. જો દાહ, પીડા અને પિશાબનો અટકાવ, એ ઉપદ્રવો સહિત મૂત્રકૃચ્છ્ર હોય તો, પાષાણભેદ, હરડે, ધમાસો, ગરમાળો, ગોખરૂ, એ ઔષધોના કવાથમાં મધ નાખીને તે પીવો.

વ્યંગરૂપિકાનો પ્રતીકાર.

न्यग्रोधाङ्कुरकुष्टरोध्रविकसाश्यामामसूरारुणा
श्रीखण्डैः पयसान्वितैर्विरचितं व्यङ्गघ्नमुद्वर्त्तनम् ।
लिप्तं सप्तदिनं मसूररजसा सर्पिः पयः शालिना
वक्त्रंशारदचंद्रसुंदरतरंव्यङ्गस्यभङ्गाद्भवेत् ॥३८॥

વળી વડવાઈના અંકુર, ઉપલેટ, લોધર, મજીઠ, કાંગનો લોટ, મસૂરનો લોટ, અતિવિખની કળી, સફેદ ચંદન (સુખડ), એ સર્વ સમાન લેઇને તેના ચૂર્ણને ગાયના દૂધમાં કાલવીને તે મોઢે ચોળવું. એ ઉદ્વર્ત્તન (શરીરે ચોળવાનું પીઠું) વ્યંગ (મોંઢે કરોળિયા, વગેરે નીકળે છે તે)નો નાશ કરનારૂં છે. વળી મસૂરના લોટમાં ગાયનું દૂધ નાખી તેમાં ઘી મેળવીને તે સાત દિવસ મોંઢે ચોળવાથી વ્યંગનો નાશ થવાથી મુખ શરદ્ ઋતુના ચંદ્ર સરખું સુંદર થશે.

આ શ્લોકના પ્રથમ ચરણમાંના 'श्यामा' પદનો અર્થ

કેટલાક 'શીમળાના કાંટા' કરેછે, પણ બીજી એક પ્રતમાં તે ઠેકાણે रामा છે, તેથી એ બન્ને શબ્દો વડે જે એક ઓષધી સમજાયછે તે અર્થ અહીં ગ્રહણ કર્યોછે, તેમ 'रामा' વાળી પ્રતમાંના ટિપ્પણમાં સ્પષ્ટ 'કાંગ' અર્થ આપેલોછે તેથી એ અર્થને પુષ્ટિ મળેછે. એજ ચરણમાંના अरुणा પદનો અર્થ 'મજીઠ' કરી કેટલાક વૈદ્યો કહેછે કે 'મજીઠ' શબ્દ શ્લોકમાં બે વારછે માટે તે બમણી લેવી. પણ આ ગ્રંથમાં અત્યાર સુધી એક ઓષધ બે વાર આવવાથી તે બમણું લેવાનો પ્રસંગ જોવામાં આવ્યો નથી માટે છાપેલી બે પ્રતોને આધારે તેનો અર્થ અહીં 'અતિવિખ' લખ્યો છે; જો કે નિઘંટમાં તો अरुणा નહિ, પણ अरण्या શબ્દ અતિવિખને માટેછે: "विषायां भङ्गुरा विश्वातिविषोपविषाह्वया । श्यामकंदा प्रतिविषा विरूपा घुणवल्लभा । अरण्या मध्यदेशोत्था कृष्णा माद्री च शृङ्गिका"—

લઘુનિંઘટસાર.

ખીલ અને માથાનાં ચાંદાંનો પ્રતિકાર.

इङ्गुद्याःफलमज्जकोजलयुतोलेपान्मुखेकांतिदो
रोध्रोग्राधनिकानिहन्तिपिटिकास्तारुण्यजालेपनात् ।
हार्यैरक्तमसूंषिकारुजिहितोमूत्रेणलेपोऽथवा
पिण्याकस्य पुरातनस्य शकृतः पादायुधस्यध्रुवम्॥३९॥

હીંગોરાના ફળની મીજને પાણીમાં વાટીને તેનો મુખ ઉપર લેપ કરવાથી તે કાંતિ આપનારછે. લોધર, વજ

અને ધાણાને પાણીમાં વાટી તેનો લેપ કરવાથી તે જુવાનીમાં ઉત્પન્ન થતી ફોલ્લીઓ—ખીલનો નાશ કરેછે—મટાડેછે. જો માથામાં ગૂમડાં થયાં હોય તો જળો લગાડી લોહી કાઢી નંખાવવું; અથવા ગાયના મૂત્રમાં જૂનો ખોળ વાટીને તેનો લેપ કરવો અથવા કૂકડાની હગારનો ગાયના મૂત્રમાં લેપ કરવો, એ નિશ્ચય હિતકારીછે.

સોજો.

હેતુ—રોગ થઈને મટી ગયા પછી શરીરે કૃશ અને નિર્બળ માણસ ખારૂં, ખાટું, તીખું, ઉનું, ભારે, ખાય તેથી તેમજ દહીં, કાચા પદાર્થો, માટી, શાક, વિરૂદ્ધઅન્ન, બગડેલાં અન્ન, કે ઝેર નાખેલાં અન્ન પાન ખાવા પીવાથી, શરીરને માફક નહિ એવું કાંઈ કરવાથી, દેહશુદ્ધિ ન રાખવાથી, મર્મમાં વાગવાથી, વિષમ પ્રસવ થવાથી ઈત્યાદિ કારણોથી સોજો ઉત્પન્ન થાયછે, તેને શોથ કે શોફ કહેછે.

લક્ષણ—ભારેપણું, મનને ચેન ન પડવું, સોજામાંથી ગરમી નીકળવી, રૂવાં ઊભાં થવાં, ચેહેરો બદલાવો, એ સોજાનાં સામાન્ય લક્ષણછે.

પ્રકાર—વાતશોથ, પિત્તશોથ, કફશોથ, પ્રવાતપિત્તશોથ, વાતકફશોથ, પિત્તકફશોથ, ત્રિદોષશોથ, અભિઘાતશોથ (વાગવાથી કે શીતળ સ્પર્શ—ભીલામાં—કૌવચ વગેરેના સ્પર્શથી), વિષ શોથ (વિષવાળા પ્રાણીની લાળ, નખ, વગેરે અડવાથી), એવો નવ પ્રકારનો થાયછે.

ઉપદ્રવ—શ્વાસ, બકારી, અરૂચિ, તરસ, તાવ, અતિસાર અને દુર્બળતા, એમાંના થોડા કે બધા ઉપદ્રવ સોજાના રોગમાં હોયછે.

સોજાનો ઉપાય.

तैलं शोफमपारमप्यपहरेद्दूर्श्चीवरास्नामहा—
भैषज्यामरशुष्कमूलकयुतं ब्राह्मीरसे साधितम् ।
तद्वद्विश्वकिराततिक्तमथवापाठानिशाधावनी
मुस्ताजीरकपञ्चकोलकरजःसंमिश्रमुष्णांबुना ॥४०॥

ધોળી સાટોડી, રાસ્ના, શુંઠ, દેવદાર, સૂકામૂળા, એ ઔષધો સમાન લેઈ તેનું પાણીમાં વાટી કલ્ક કરીને બત્રીસ તોલા બ્રાહ્મીના રસમાં તે કલ્ક નાખવું. પછી તેમાં તલનું તેલ આઠ તોલા નાખીને તેલ માત્ર શેષ રહે ત્યાં લગી અથવા તેલ ઉપર ફીણ આવે ત્યાં લગી ઉકાળવું. એ તેલ શરીરે ચોળવાથી ઘણો મોટો સોજો હોય તથાપિ તે મટી જાયછે. તેજ પ્રમાણે, શુંઠ, કરિયાતું, કડુ, એ ઔષધો સમાન લેઈ તેનું ચૂર્ણ કરી તેમાંથી એક તોલો ગરમ પાણીમાં મેળવીને પીવાથી પણ સોજો ઉતરી જાયછે. તેમજ, પાહાડ મૂળ, હળદર, રીંગણી, મોથ, જીરૂં, પીપર, પીપરીમૂળ, ચિત્રો, ચવક, શુંઠ, એ સમાન ભાગે લેઈ તેનું ચૂર્ણ એક તોલો લેઈ ગરમ પાણી સાથે પીવાથી સોજો મટેછે. (શરીરનાં અંગ ફૂલેછે તેને સોજો કહેછે. એ પ્રસિદ્ધ રોગછે.

માથાના અને કાનના રોગ.

માથાના રોગ.

હેતુ—વાત, પિત્ત કે કફના કોપવાથી, રક્ત બગડવાથી, માથામાંનુ રક્ત, વસા, કફ, વગેરેનો ક્ષય થવાથી, માથામાં કૃમિ ઉત્પન્ન થવાથી, એવા એવા હેતુઓથી માથામાં દશ પ્રકારના શિરોરોગ ઉત્પન્ન થાયછે. એ દશ પ્રકાર નીચે બતાવ્યા છે:—

૧ વાતશિરોરોગ—રાત્રે વધારે પીડા થાય, માથુ બાંધવાથી કે શેકવાથી વધારે પીડા થાય.

૨ પિત્તશિરોરોગ—માથું અગ્નિ જેવું ગરમ થાય, નાકમાંથી ગરમ વરાળ નીકળે, ઠંડા પદાર્થ લગાડવાથી પીડા વધે. રાત્રે વધારે પીડા થાય.

૩ કફશિરોરોગ—માથું ઠંડુ અને ભારે લાગે, આંખો અને મોઢું સૂજે.

૪ ત્રિદોષશિરોરોગ—ઉપરનાં સઘળાં લક્ષણ હોય.

૫ રક્તશિરોરોગ—પિત્તના જેવાં ચિહ્નવાળો પણ વિશેષમાં એકે માથે બીજા કશાનો સ્પર્શ પણ સહન થઇ શકે નહિ.

૬ ક્ષયશિરોરોગ—લોહી, વસા, કફ અને વાયુનો ક્ષય થવાથી માથામાં અતિ તીવ્ર પીડા થાયછે. સ્વેદન, છર્દન, ધૂમ, નસ્ય, રક્તમોક્ષ, વગેરેથી એ મટતો નથી.

૭ કૃમિશિરોરોગ—માથું ફાટી જતું હોય એવી વેદના થાય તથા નાકમાંથી લોહી તથા પાણી નીકળે.

૮ સૂર્યાપવૃત્ત—આંખની ભમર ઉપર દિવસની વૃદ્ધિની સાથે પીડા વધે અને સૂર્ય નમવાની સાથે પીડા ઓછી થાય તે. લોકો એને આદાશીશી કહેછે.

૯ અર્ધાવભેદક—વાયુ કોપીને કફયુક્ત થઈને ભમર, લમણાં, આંખ, કાન, તથા અર્ધા કપાળમાં તીવ્રવેદના કરેછે.

૧૦ શંખન—પિત્ત, રક્ત અને વાયુ બગડીને લમણામાં તીવ્ર પીડાવાળો રાતો સોજો કરેછે તથા તેમાં દાહ થાય છે; આ રોગ બહુ ભયંકરછે. કેમકે એ ત્રણ દિવસમાં રોગીનો પ્રાણ લેઈ શકેછે.

કાનના રોગ.

વાયુ પોતાનો માર્ગ છોડીને પિત્ત કે કફ સાથે મળીને અઢાર પ્રકારના કર્ણરોગ કરેછે. તેથી કાનમાં ચસકા મારે છે, તે પાકેછે, તેમાંથી પરૂ વહેછે, તેમાં ચેળ આવેછે, તેમાં જૂદી જૂદી તરેહના નાદ સંભળાયછે, તે બહેરા થાયછે, તેમાં ગૂમડું થાયછે, કાન તળે સોજો થાયછે, એવા એવા અનેક ઉપદ્રવો થાયછે.

માથાના તથા કાનના ઉપાય.

लेपः पाठापटोलौषधरुबुकजटाशिग्रुदद्रुघ्नकुष्ठैः—
धान्याम्लेन प्रपिष्टैः प्रशमयति महामूर्द्धरोगानशेषान्
पत्रं पक्वं घृताक्तं रविभवमनले तापितं पीडयेत्त—
त्तोयं कर्णे निषिक्तं दलयति सकलं कर्णशूलं समूलम्॥४१॥

પાહાડમૂળ, પટોળ, શુંઠ, દીવેલાનું મૂળ, સરગવાનું

જોડું, કુંવાડીઆનાં બીજ, ઉપલેટ, એ સર્વને કાંજીમાં વાટીને તેનો લેપ માથે કરવાથી સઘળા પ્રકારના માથાના મોટા મોટા રોગ શમી જાયછે. આકડાના પાકા પાંદડા ઉપર ઘી ચોપડીને તેને અગ્નિ ઉપર તપાવીને તેને ચોળીને તેનો રસ કાનમાં નીચોવવો. એથી સઘળું કર્ણશૂળ મળમાંથી નાશ થાયછે. (કાનમાં ચસકા નાખેછે તે રોગને કર્ણશૂળ કહેછે).

વાતરોગ.

ઘણાખરા રોગમાં વાત, પિત્ત, કે કફ એ ત્રણ દોષમાંથી એક, બે, બધાય કોપેલા (વિકાર પામેલા)હોયછે, માટે કયા કયા હેતુઓથી એ દોષ કોપેછે અને કયો દોષ કોપ્યો છે તે શાથી ઓળખાય એ સમજાવું જરૂરનું છે, જેથી રોગને સામાન્યપણે ઓળખ્યા પછી પણ વાતશામક, પિત્તશામક કે કફશામક ચિકિત્સા કરી શકાય. લોલિંબરાજ એ ત્રણે દોષની સામાન્ય ચિકિત્સા બતાવેછે તે પ્રસંગને લેઈને અમે તે ત્રણે દોષના હેતુઓ તથા લક્ષણો અનુક્રમે કહી પ્રથમ વાતરોગ વિષે કહીએ છીએ:

હેતુ—તીખું, કડવું, તુરૂ, લુખું, ઠંડું અન્ન, વગેરે ખાવા પીવાથી, વાગવાથી, થાકથી, ભયથી, ઉપવાસથી, કામના વેગથી, ઉજાગરાથી, શોકથી, પાણીમાં તરવાથી, લોહી વહી જવાથી, વેગથી વાગવાથી, અને વર્ષાઋતુથી (માં). વાયુ કોપેછે

લક્ષણ—માથું, લમણા, ભમર, છાતી, કરોડનો ની-

ચલા ભાગ, અવયવ. સાંધાનાં હાડકાં. કટિ, એ જગોએ દરદ થાયછે, ઝાડો કબજ થાયછે, શરીરની ત્વચા લુખી પડી જાયછે, ઉંઘ આવતી નથી, પેટ ચડેછે, વાયુ શરીરમાં ફરેછે, મુખનો રંગ બદામી અથવા રાતો થઈ જાયછે, મુખ કસાણું અને રસ વગરનું થઈ જાયછે, શરીરે થાક લાગ્યો હોય તેમ થાયછે, કળતર થાયછે અને સ્વસ્થતા ભાસતી નથી. એ લક્ષણોમાંનાં ઘણાં અથવા થોડાં જે રોગમાં હોય તેમાં વાયુનો પ્રકોપછે એમ સમજવું. કેવળ વાયુનો પ્રકોપ હોય તેની ચિકિત્સા નીચે બતાવીછે.

વાતરોગની ચિકિત્સા.

घृततीक्ष्णयुतः सुरसास्वरसो
लघुगजमृगाङ्क इति प्रथितः ।
अपहन्त्यनिलान् सबलान् बहुलान्
निजभक्तमलानिव चक्रधरः ॥४२॥

તુળસીનાં પાંદડાંનો રસ બે તોલા લેઇ તેમાં આઠમાસા મરીનું ચૂર્ણ તથા આઠ માસા ઘી નાખીને પીવો. એ ઔષધ "લઘુરાજમૃગાંક" નામથી પ્રસિદ્ધછે. જેમ ચંદ્રધર (વિષ્ણુ) પોતાના ભકતોનાં પાપનો નાશ કરેછે તેમ આ ઔષધ પણ ઘણા પ્રકારના બળવાન્ વાયુઓનો નાશ કરેછે.

બીજો ઉપાય.

चूर्णाः कषाया गुटिका घृतानि
तैलानि भाग्येन वियोजितानि

विलासिनां वातविनाशनाय
विलासिनीनां परिरंभणानि ॥४३॥

અનેક પ્રકારનાં વાયુનાશક ચૂર્ણો, ક્વાથો, ગોળીઓ, ધૃત, તેલ, આદિક વિશેષે કરીને યોજ્યાં હોય તે જેમ પ્રારબ્ધવશાત્ વાયુનો નાશ કરેછે, તેમ વિલાસી પુરૂષોને વિલાસિની સ્ત્રીઓનાં આલિંગન પણ યોજ્યાં હોય તો તેપણ પ્રારબ્ધવશાત્ તેમના વાયુનો નાશ કરેછે!

કેટલાક ગ્રંથોમાં આવો પણ પાઠછે:—

चूर्णाः कषाया गुटिका घृतानि
तैलानि भाग्येन वियोजितानाम् ।
विलासिनि ! वातविनाशनाय
विलासिनिनां परिरंभणानि ॥

ચૂર્ણ, ક્વાથ, ગોળિયો, ધૃત, તેલ, વગેરે અનેક પ્રકારનાં ઔષધો જેમને ભાગ્યવશાત્ વિયોજિત થયેલાંછે—પ્રાપ્ત થતાં નથી, હે વિલાસિનિ ! તેવા પુરૂષોનો વાતરોગ નાશ કરવાને વિલાસિનીઓનાં આલિંગન એજ ઉપાયછે!

પિત્તરોગ.

હેતુ—તલ, ખાટો આસવ, સુરા, દહીં, માછલાં, કડવા-તીખા-ખારારસ, ગરમ પદાર્થો, ક્રોધ, ખટાઇ, તડકો, સ્ત્રીસંગ, મધ્યાહ્ન, મધ્યરાત્ર, (અથવા મધ્યાહ્ન અને મધ્યરાત્રે સ્ત્રીસંગ), દાહ કરનારા પદાર્થો, ઉપવાસ,

અને શરદ્ઋતુ, એ પિત્તને કોપાવનારા હેતુઓછે (માટે પિત્તરોગવાળાએ તે સઘળાંથી અવશ્ય દૂર રહેવું).

લક્ષણ—પિત્ત કોપેછે ત્યારે ફેર આવેછે, દાહ થાયછે, મૂર્છા થાયછે, મળ ઢીલો થાયછે, પરસેવો નીકળેછે, લવરી થાયછે, મુખ-નેત્ર-ઝાડો-પિશાબ-નખ પીળાં થાયછે, મદ થાયછે, તરસ લાગેછે, મુખમાંનો રસ કડવો, તીખો, કે ખાટો થાયછે, મુખની કાંતિ લીલી કે પાંડુર થાયછે અને ફોલ્લિઓ વગેરે અથવા જે હોય તે પાકી ઉઠેછે.

પિત્તરોગની ચિકિત્સા.

अमृतममृतजं सितासमेतं
गुणवति ! पित्तमपाकरोति सद्यः ।
तरुण इव नितंबिनीनितम्बां—
बरमतनुज्वरजर्जरीकृताङ्गः ॥४४॥

હે ગુણવતિ! જેમ કામજ્વરથી ક્ષીણ થઇ ગયેલા શરીરવાળો તરૂણ પુરૂષ જેમ સુંદર સ્ત્રીના નિતંબ ઉપરનું વસ્ત્ર તત્કાળ દૂર કરેછે તેમ, ગળોનો રસ (બે તોલા) સાકર (આઠ માસા) સહિત પીવાથી તે તત્કાળ પિત્તને દૂર કરેછે. (કોઈ अमृतजं अमृतनो અર્થ ' ઘી ' એવો કરીને તે સાકર સહિત ખાવાનો ઉપદેશ કરેછે, પણ તે ગળોના રસ જેવું હિતકર નથી).

કફરોગ.

હેતુ—દહીં, દૂધ, નવું અન્ન, નવું જળ, ટાઢું અન્ન,

એક અન્ન ન પચ્યું હોય તેવામાં બીજું ખાવું, ખાટા-ખારા રસ, જૂનું ઘી-તેલ, તલ, ભારે મત્સ્ય, મધુર પદાર્થો, દિવસે નિદ્રા, અને વસંતઋતુ, એ કફને કોપવાના હેતુછે.

લક્ષણો—કફ કોપેછે ત્યારે શરીર ભારે અને જડ થાય છે, સોજો ચઢેછે, કાર્યમાં જલદી પ્રવૃત્તિ થતી નથી (અથવા વ્યાધિ આદિક ઉપજવાને અને મટવાને ઘણો કાળ લાગેછે, ઉંઘ આવેછે, મળ વધેછે, ચેળ આવેછે, અરૂચિ થાયછે, શરીરે ચીકણો પરસેવો આવેછે, શરીર ઠંડુ થાયછે (કફવાળો ભાગ ઠંડો થાયછે), જલદી પાચન થતું નથી (કફવાળા સ્થાનનું કે કફયુકત પદાર્થનું), ખાવાની ઇચ્છા થતી નથી, અને ભૂલી જવાયછે, કફનો સ્વાદ મધુરછે, પચ્યા પછી તે ખારો થાયછે અને વર્ણ ધોળોછે.

કફની ચિકિત્સા.

माणंसिणी! लोअणचंदलच्छी घणत्थणी! शोणितडाभिलामे।
[मनस्विनि! लोचनचन्द्रलक्ष्मि! घनस्तनि! श्रोणितटाभिरामे!]
कफप्रकोपस्यशमाययोग्यो योगोयथातेनतथान्ययोगाः॥४५॥

હે મનસ્વિનિ! ચંદ્ર સમાન શીતળનેત્ર શોભાવાળી! કઠિન સ્તનવાળી! જેના શ્રોણીરૂપી તટ સુંદર છે એવી હે સ્ત્રી! કફના પ્રકોપને સમાવવાને તારો યોગ (સંયોગ)જેવો યોગ્ય છે તેવો બીજો યોગ (કલ્પ-ઔષધ) નથી. અથવા, તને થયેલો કફપ્રકોપ શમાવવાને (જે હવે પછી કહીશું તે) ઔષધ જેવું યોગ્યછે તેવું બીજું ઔષધ યોગ્ય નથી.

આ શ્લોકનું પૂર્વાર્ધ બાળભાષામાંછે માટે કાવ્યશાસ્ત્રમાં એને દ્વિભાષાગુણબંધચિત્ર કહેછે.

બીજો ઉપાય. (દૃષ્ટકૂટ).

कफाद्भवति भो भीरु छिन्नाक्काथो मधूद्भवः ।

अस्यार्थो लक्ष्यते नैव तन्वङ्गि ! तव मध्यवत् ॥४६॥

હે બીહીકણ સ્ત્રી ! ગળોના ક્વાથમાં બે તોલા મધ નાખીને પીવાથી તે કફને નાશ કરનારો થાયછે. હે નાજુક અંગવાળી સ્ત્રી! આ શ્લોકના પૂર્વાર્ધનો અર્થ તારા મધ્ય (કટિ)ની પેઠે માલમ પડતો નથી. અર્થાત્ તારી કટિ જેમ અતિ સૂક્ષ્મતાથી કે વસ્ત્રથી ઢંકાયલી હોવાથી જણાતી નથી તેમ આનો અર્થ પણ અતિ ગૂઢ હોવાથી જણાતો નથી.

"હે ભીરૂ! ઉપલક જોતાં એ પૂર્વાર્ધનો અન્વય આવો થાયછે. મધયુક્ત ગળોનો ક્વાથ કફાત્ (કફથી) થાયછે." કફથી મધયુક્ત ગળોના ક્વાથની ઉત્પત્તિ જણાવનારો આ અર્થ જાણીને વાંચનારની બુદ્ધિમાં ભ્રમ ઉપજેછે; પણ 'કફાત્' શબ્દનો અર્થ 'કફને ખાઇ જનારો—કફનો નાશ કરનારો' એવો જ્યારે તેના લક્ષ્યમાં આવેછે ત્યારે એ ભ્રમ નિવૃત્ત થઈ જઈ તેને કવિએ કરેલી રચનાથી ચમત્કાર ભાસેછે. આવા ચમત્કારને સામાન્યતઃ 'દૃષ્ટકૂટ' કહેછે.

इति कविश्रीलोलिंबराजविरचिते वैद्यजीवनकाव्ये

क्षयादिप्रतीकारश्चतुर्थोल्लासः ॥४॥

पञ्चमोल्लासः ।

ષાંઢ્યરોગ (નપુંસકપણું)

હેતુ—જે પુરૂષ વાજીક્રિયા (વીર્ય વૃદ્ધિ આદિ કરીને પુષ્ટિ આપનારાં) ઔષધ નથી કરતો તે પુરૂષનુ વીર્ય ઘટી જાયછે અને તેથી તે ધ્વજભંગપણાને પામેછે.

લક્ષણ—એ રોગવાળા પુરૂષથી શીતળતા (ટાઢ), ગરમી, તેજ, ભૂખ, તરસ, મેહેનત, પીડા, વગેરે થોડાંજ સહન થાયછે; તેના પગની પિંડીઓ તથા સાંધા ઢીલા હોયછે, તેની બુદ્ધિ, બળ અને ઇંદ્રિયોની શક્તિ હીન હોયછે, તેની મુખકાંતિ ફીકી હોયછે, તેનું વીર્ય અલ્પ અને જળ જેવું હોયછે, તેનું મૂત્રેંદ્રિય શિથિલ હોયછે, તેના જઠરાગ્નિ મંદ હોયછે, તથા તે દીન સરખો (હોશિયારી વગરનો) દેખાયછે.

સાધ્યાસાધ્ય—જન્મથી મળેલી નપુંસકતા તથા મર્મસ્થાનનો છેદ થયાથી થયેલી નપુંસકતા અસાધ્યછે; બીજી બધી સાધ્યછે માટે તે મટાડવાને વાજીક્રિયાની યોજના કરવી.

કામોદ્દીપક પદાર્થો.

ताम्बूलं मधु कुसुमस्रजो विचित्रा
कान्तारं सुतरुवनं विलासवत्यः ।
गीतानि श्रवणहराणि मिष्टमन्नं
क्लीबानामपि जनयन्ति पञ्चबाणम् ॥१॥

તાંબૂલ, મદ્ય, વિચિત્ર પુષ્પોના હાર; સુંદર વૃક્ષોનાં વન, બાગ બગીચા, સ્ત્રીઓ, કાનનું હરણ કરે એવાં ગાયન, મિષ્ટ અન્ન, એ સઘળાં સાહિત્યો નપુંસકને પણ કામ ઉત્પન્ન કરનારાં છે. અર્થાત્ કામની ઈચ્છાવાળાએ એવાં સાહિત્યોનું સેવન કરવું.

બીજો ઉપાય.

मधुके घृतेन मधुना मधुके परिसेविते पिबति योऽनुपयः ।
नवसुभ्रुवां सुखकरः सततं बहुबीजपूरसहितो भवति ॥२॥

જેઠીમધનું ચૂર્ણ એક તોલો લેઈ તેમાં મધ ૧ાા તોલો તથા ઘી ૨ તોલા નાખીને ખાવું અને તે ઉપર આશરે ૦ાા શેર ગાયનું તાજું દૂધ પીવું. જે પુરૂષ એ પ્રમાણે કરેછે તે નવયૌવના સ્ત્રીઓને સુખ ઉપજાવનારો થાયછે તથા નિરંતર ઘણા વીર્યવાળો થાયછે.

પુરૂષના વીર્યનું વર્દ્ધન અને રક્ષણ કરનારા ઉપાયોને વાજીકરણ કહેછે. સ્ત્રીસંગમાં આસક્ત પુરૂષો વાજીકરણ ઉપચાર ન કરવાથી ક્ષીણ થઇ જાયછે માટે તેમણે આવા ઉપચાર યોજવા હિતકરછે.

ત્રીજો ઉપાય.

मधुयष्टितुगाकणावरावरचूर्णं सितयासमन्वितम् ।
वलितं पलितं विनाशयेदतिवीर्यायुरकार्श्यकारणम् ॥३॥

જેઠીમધ, વાંસકપૂર, પીપર, ભોંયકોહોળું, એ ઔષધો સમાનભાગે લેઈને તેનું ચૂર્ણ કરીને એક તોલો ચૂર્ણ બે

તોલા સાકરના ચૂર્ણ સાથે ખાવું. એ ચૂર્ણ ખાવાથી શરીરે વૃદ્ધતાની નિશાની રૂપ જે કરચલીઓ પડી ગઈ હોયછે તેને તથા પળિયાં આવ્યાં હોય તે નાશ થાયછે. વળી એ ચૂર્ણ અતિશય વીર્ય વધારે છે, આયુષ્યને સ્થિર કરેછે અને શરીરને પુષ્ટ કરેછે.

વાંસકપૂરને ઠામે કોઈ વૈદ્યો સફેદ તવખીર, અને ભોંયકોળાને ઠામે ત્રિફળા લેવી એમ કહેછે.

ચોથો ઉપાય.

अमृतामलकीत्रिकण्टकानां हविषा शर्करया निषेवणेन.।
अजराअमराअपारवीर्याअलिकेशाअदितेःसुताअभूवन्॥४॥

ગળો, આમળાં, ગોખરૂ, એ ત્રણને સમાન ભાગે લેઈ તેનું ચૂર્ણ કરી એક તોલા ચૂર્ણમાં બે તોલા સાકર અને બે તોલા ઘી નાખી ખાવાથી પુરૂષો અજર, અમર થાય છે. અર્થાત્ અકાળે વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થઈ હોય તે દૂર થાય છે અને વય સ્થિર થાયછે. વળી તે પુરૂષો અપાર વીર્યવાળા, ભમરાના જેવા કાળા કેશવાળા અને અદિતિના પુત્ર સૂર્ય સરખા તેજસ્વી થાયછે.

પાંચમો ઉપાય.

उच्चटामर्कटीगोक्षुरैश्चूर्णितैः शर्करादुग्धसंमिश्रितैःपाचितैः।
सेवितैर्बाधकेमानवो मानिनीमानमुच्छेदयेत्किंपुनर्यौवने ॥५॥

ધોળી ચનોઠી, કૌચાં(કૌચબીજ), ગોખરૂ, એ ત્રણ ઔષધનું ચૂર્ણ કરીને તેનો દૂધ અને સાકર સાથે પાક કરવો.

એ ઔષધ વૃદ્ધાવસ્થાવાળો મનુષ્ય ખાય તો તે સ્ત્રીનું માન મૂકાવે, તો પછી જુવાનીમાં ખાય તેનું તો કહેવાનુંજ શું? અર્થાત્ તે પુરૂષ અતિ વીર્યવાન્ થાય.

ચનોઠી (ધોળી), કોચાં, અને ગોખરૂ એક એક તોલો લેવું. પછી ચનોઠીનાં છોડાં કાઢી નાખવાં અને સઘળાંનું ચૂર્ણ કરવું. પછી સાકર બાર તોલા લેઈ તેમાં બાર તોલા દૂધ નાખી તેમાં ઉપરનું ચૂર્ણ નાખી પાક કરવો. ત્રણ તારી ચાસણી જેવો પાક થાય ત્યારે ચૂલાપરથી નીચે ઉતારી ઠરવા દેઈ પ્રકૃતિને માફક આવે એ પ્રમાણે ખાવું.

સૂચનાઃ—ચનોઠી, એ એક જાતનું વિષછે તેથી તેનો ઉપયોગ કરનારે અનુભવી વૈદ્યની સલાહ લઈને કરવો.

છઠ્ઠો ઉપાય.

भुक्त्वोच्चटां क्षारयुतां विलासी
भुंक्ते शतं सुंदरि! सुंदरीणाम् ।
त्वं तावदेकासि मया तु साद्य
भुक्ता रतौ पश्य कुतूहलं मे ॥६॥

હે સુંદરી! વિલાસની ઈચ્છાવાળો પુરૂષ દૂધ સહિત ધોળી ચનોઠી ખાઈને સો સ્ત્રીઓ ભોગવેછે. હવે તું તો એકજ છે, અને મેં તો આજ તે ખાધીછે; માટે રતિ સમયે મારૂં કુતૂહલ તું જો!

ધોળી ચનોઠીનાં છોડાં કાઢી નાખીને તેને દુધમાં રાંધવી. પછી તેને માફક આવે તે પ્રમાણે ખાવી. તથાપિ

ચનોઠી-એ એક જાતનું વિષ હોવાથી કોઇ અનુભવી વૈદ્યના પાસે સલાહ લીધા વિના ખાવી નહિ.

સાતમો ઉપાય.

चूर्णं घृतक्षौद्रयुतं रसैः स्वैर्विभाविताया: बहुशो विदार्याः।
निषेव्यमाणोऽनुदिनं विलासी दशाङ्गनाभिः सह रंरमीति॥७॥

વિદારીકંદ (ભોંયકોહોળા) ના ચૂર્ણને તેનાજ રસના બહુવાર પટ દેઇને પછી તેનું ચૂર્ણ કરવું. પછી તે ચૂર્ણ એક તોલો, બે તોલા મધ અને ૧॥ તોલો ઘીમાં મેળવીને નિત્યપ્રતિ ખાવું. એ ચૂર્ણ ખાવાથી વિલાસી પુરૂષ દશ સ્ત્રીઓ સાથે રમવાને શક્તિમાન્ થાયછે.

આઠમો ઉપાય.

सहितं घृतदुग्धाभ्यां विदारीप्रभवं रजः ।
उदुंबरमितं भुक्त्वा वृद्धोपि तरुणायते ॥८॥

ભોંયકોહોળાનું ચૂર્ણ ઘીમાં મેળવીને ઉમેડાના ફળ જેટલું (એક તોલો ચૂર્ણ અને બે તોલા ઘી) અને દૂધમાં ખાય-ઘી સાથે ખાઈને પછીથી દૂધ પીએ તો તે પુરૂષવૃદ્ધ હોય તથાપિ તે જુવાન જેવો થાય.

નવમો ઉપાય.

सौभाग्यपुष्टिबलशुक्रविवर्द्धनानि
किं सन्ति नो भुवि बहूनि रसायनानि ।
कंदर्पवृद्धिजननस्तु सिताज्ययुक्ता—
दुग्धादृते न मम कोपि मतः प्रयोगः ॥९॥

શરીરનું સૌંદર્ય, પુષ્ટિ, બળ, વીર્ય, એમને વધારનારાં ઘણાં રસાયનો (વૃદ્ધતા અને વ્યાધિને હરનાર ઔષધને રસાયન કહેછે) પૃથ્વી ઊપર નથી શું? અર્થાત્ છેજ; પણ સાકર અને ઘી સહિત દૂધ સિવાય કામની વૃદ્ધિ કરનાર કોઈ બીજો પ્રયોગ હોય એમ હું માનતો નથી. અર્થાત્ ઘી, સાકર અને દૂધ, એ ત્રણ પદાર્થોજ કામની વૃદ્ધિ કરવામાં શ્રેષ્ઠછે, માટે આશરે અચ્છેર દૂધમાં એક તોલો સાકર અને એક તોલો ઘી નાંખીને તેને સારૂં ઉકાળીને પીવું એજ કામ વધારવાનો ઉત્તમ ઊપાયછે. (વધારે પાચન કરવાની શક્તિ હોય તો દૂધ વધારે લેવું.)

રસરૂપ ઔષધો.

अधुनाब्रूमहेसद्यश्चमत्कारकरान्रसान्

यतोननीरसाभातिकविताकुलकामिनी ॥१०॥

હવે અમે તત્કાળ ચમત્કાર બતાવે એવા રસનું કથન કરીએ છીએઃ કેમકે કવિતારૂપી કુળવાન્ સ્ત્રી નીરસ (રસ વિનાની) હોય તો તે શોતી નથી. કવિતા શૃંગાર, હાસ્યાદિક રસ વિના, અને કુળસ્ત્રી પ્રેમ વગેરે રસ વિના જેમ શોભતી નથી તેમ આ મારી વૈદ્યક વિષયનું કથન કરનારી કવિતારૂપ વાણી વિશ્વતાપહરણાદિ રસ વિના શોભતી નથી, એમ કહેવાનો આશયછે.

વિશ્વતાપહરણ રસ.

पथ्याकणार्कविषतिंदुकदंतिबीज—

तिक्तात्रिवृद्रसबलीन् सदृशान् विमर्द्य ।

धूर्त्तांबुना सकलवासरमेव सूतः
स्याद्विश्वतापहरणो भिनवज्वरघ्नः ॥११॥
वल्लीयुग्मं भजेदस्य श्रृङ्गवेररसान्वितम् ।
मुद्गयूषान्वितो भक्तो भोजनाय प्रशस्यते ॥१२॥

હરડે, પીપર, ત્રાંબાની ભસ્મ, ઝેરકચોળાં, નેપાળાનાં બીજ, કડુ, નસોત્તર, પારો, ગંધક, એ ઔષધો સમાન ભાગે લઈને તેમને ધંતૂરાના રસમાં આખો એક દિવસ ખલ કરવાં. એ ઔષધને વિશ્વતાપહરણ નામે રસ કહે છે, તે નવા જ્વરને મટાડેછે. એ રસ બે વાલ આદાના રસ સાથે ખાવો તથા બાફેલા મગનું ઓસામણ અને ભાત એજ માત્ર ભોજનમાં લેવું પથ્યછે.

શ્લોકમાં કહેલાં ઔષધો સમાન લેવાં. પ્રથમ પારાને અને ગંધકને વાટીને કાજળી કરવી. પછી તેમાં બાકીનાં ઔષધોનું ચૂર્ણ નાખીને ધંતૂરાના રસમાં ખલ કરી બે બે વાલની ગોળીઓ બાંધવી. ઝેરકચોળાં, નેપાળાનાં બીજ, પારો, ગંધક, વગેરે ઔષધો સર્વત્ર શોધીને (શુદ્ધ કરીને વાપરવાં), ધાતુ, ઉપધાતુ વગેરેનું શોધન, મારણ, આ ગ્રંથમાં એક જગોએ સામટું બતાવ્યુંછે માટે તેનો વિધિ અહીં લખ્યો નથી. શ્લોકમાં विषतिंदुक શબ્દછે તેને विष-વચ્છનાગ અને तिंदुक—ઝેરકચોળાં, એમ માનીને કેટલાક વૈદ્યો નવને બદલે વચ્છનાગ શુદ્ધાં દશ ઔષધો ગ્રહણ કરેછે. વચ્છનાગ પણ શુદ્ધ કરીને વાપરવો. આ ઔષધ ખાવા

પછી મગનો યૂપ અને ભાત માત્ર ખાવાની આજ્ઞા આપેલીછે માટે તે સિવાય બીજું કાંઇ, તાવવાળાએ ખાવું નહિ. મગને અથવા મગની દાળને સોળગણા પાણીમાં લગાર ઘાડાશ આવતાં સુધી ઉકાળીને તે પાણી ઉપયોગમાં લેવું. એ પાણીને યૂપ કહેછે.

શીતારી રસ.

शूल्वङ्गधकटङ्कणौगलगतंतुत्थंरसंखर्परं
तालंतुल्यमिदंविमर्घ्यघाटिकामात्रंसुषव्यारसे ।
सूतःस्यात्त्रिपुरारिणाविरचितःशीतारिरित्थंस्मृतो
गुञ्जाजाजिसितायुतास्यशमयेदेकाहिदीन्ज्वरान् ।१३।

ત્રાંબાની ભસ્મ, ગંધક, ટંકણ (ફુલાવેલો), વછનાગ, મોરથુથુ, પારો, ખાપરીયું, હરતાલ, એ સર્વે ઔષધ સમાન ભાગે લેઇને તેને એક ઘડી સુધી કારેલીના રસમાં ખલ કરવો. આ રસને 'શીતરી રસ' કહેછે અને તે શિવે રચેલો છે. એ રસની એક ચનોઠીપુરની ગોળી સાકર અને જીરા સાથે ખાવાથી એકાંતરિય વગેરે તાવને શમાવેછે.

વિષ, ધાતુ, અને ઉપધાતુઓનું શોધન મારણ પાછલા શ્લોકમાં કહ્યા પ્રમાણે સમજવું. આ ઔષધ ખાનારે તેલ અને ખટાઇ ખાવી નહિ. શ્લોકમાંના गलगत શબ્દવડે કેટલાક 'સોમલ'નું ગ્રહણ કરેછે, પણ ટીકાકાર રૂદ્રભટ્ટ તેનો અર્થ विष (વછનાગ) કરેછે તેમ ઘણા વૈદ્યો સોમલ નહિ, પણ વછનાગ લેછે.

કનકસુંદર રસ.

मरीचबलिहिङ्गुलैर्गरलपिप्पलीटङ्कणैः
सुवर्णभवबीजकैः समलवैर्दिनार्धावधि ।
जयाजलविमार्द्दितैः कनकसुंदरः सुंदरि!
स्मृतो ग्रहणिकाज्वरातिसृतिवह्निमांद्यापहः ॥१४॥

મરીઆં, ગંધક, હીંગળોક, વછનાગ, પીપર, ટંકણ, ધંતૂરાનાં બીજ, એ સર્વે સમાન ભાગે લેવાં અને તેને અરધો દિવસ સુધી ભાંગના પાણીમાં ઘૂંટવા. હે સુંદરી! એને કનકસુંદર નામે રસ કહેછે. એ રસની ગોળીઓ એક એક રતીની કરવી; તે યોગ્ય અનુપાન સાથે ખાવાથી ગ્રહણિ, જ્વર, અતિસાર, અગ્નિમાંદ્ય, એ રોગોને દૂર કરેછે.

ગંધક, હીંગળોક, વચ્છનાગ, ધંતુરાના બીજ, એ ઔષધ શુદ્ધ કરીને લેવાં; ટંકણ ફુલાવીને લેવો. વછનાગ અને મરી પ્રથમ એકત્ર વાટયા પછી બીજાં ઔષધ તેમાં નાખી ખલ કરવાં. કયા રોગમાં કયાં અનુપાન તે હવે પછી કહેવામાં આવશે.

પંચામૃતપર્પટીરસ.

लोहाभ्रार्करसंसमंद्विगुणितंगंधंपचेत्कोलिका—
काष्ठाग्नौमृदुलेनिधायसकलंलोहस्यपात्रेभिषक् ।
सर्वंगोमयमण्डलेविनिहितंरंभादलेविन्यसे—
त्तस्योर्ध्वंकदलीदलंद्रुततरंवैद्येश्वरोविन्यसेत् ॥१५॥

स्यात्पञ्चामृतपर्पटीग्रहणिकायक्ष्मातिसारज्वर—
स्त्रीरुक्पाण्डुगराम्लपित्तगुदजक्षुन्मांद्यविध्वंसिनी ॥१६॥
ग्रहण्यामनुपानंतुहिङ्गुसैंधवजीरकम्
जीरकं पाण्डुगरयोरितरेषु स्वयुक्तितः ॥१७॥

લોહભસ્મ, અભ્રકભસ્મ, ત્રાંબાની ભસ્મ, પારો એ સર્વે સમાન લેવાં અને તે સર્વેથી બમણો ગંધક લેવો. એ સર્વને એકઠું ઘુંટીને તેને વૈદ્યે લોઢાની કઢાઈમાં નાખીને તે નીચે બોરડીનાં લાકડાનો ધીમો તાપ કરવો. સર્વે એકરસ થાય ત્યારે જમીન ઉપર ગાયનું છાણ પાથરી તે ઉપર કેળનું પાંદડું મૂકી લગાર ખાડો કરી તેમાં પેલો રસ રેડવો અને તરતજ તે ઉપર બીજું કેળનું પાંદડું વૈદ્યરાજે ઢાંકી દેવું. એ રસ ઠંડો થયેથી ઉપયોગમાં લેવો. એને પંચામૃત-પર્પટી નામે રસ કહેછે. (એ રસ રતિ કરતાં વધારે ન આપવો). એ રસ, ગ્રહણી, ક્ષય, અતિસાર, તાવ, સ્ત્રી-રોગ, પાંડુરોગ, વિષદોષ, અમ્લપિત્ત, અર્શ, અગ્નિમાંદ્ય, એ રોગને મટાડેછે. ગ્રહણીમાં એ ઔષધ જીરૂ, સિંધવ, અને હીંગના ચૂર્ણરૂપ અનુપાન સાથે ખાવા આપવું; પાંડુરોગમાં અને વિષદોષમાં જીરા સાથે આપવું, અને બીજા રોગોમાં વૈદ્યે પોતાની બુદ્ધિ પ્રમાણે અનુપાન કલ્પીને આપવું.

આદિત્યવટિકા.

वचाविश्वाजीरोषणगरलबाल्हीकदहन—
त्वचां कार्या वश्यश्वणकतुलितामार्कवरसैः ।

यथा भानोर्भासस्तिमिरनिकरं कामिनि ! तथा
हरन्त्येता: शूलान्यनिलमनलग्लानिमपि च ॥१८॥

વજ, સુંઠ, જીરૂ, મરી, વછનાગ, હીંગ, ચિત્રો, તજ, એ ઔષધો સમાન લેઈને તેનું બારીક ચૂર્ણ કરી તેની ભાંગરાના રસમાં ચણાના પ્રમાણમાં ગોળી બાંધવી. હે સ્ત્રી! જેમ સૂર્યનો પ્રકાશ અંધકારના સમુદાયને હરેછે તેમ, એ ગોળીઓ પણ સર્વ પ્રકારનાં શૂળ, વાયુ, અને મંદાગ્નિરોગને હરેછે.

વછનાગ શોધેલો અને હીંગ ફુલાવેલી લેવી. વછનાગને પ્રથમ મરી સાથે વાટવો. પછી બીજાં ઔષધો તેમાં વાટીને એકત્ર કરવું. એને 'આદિત્યવટી' કહેછે. યોગ્ય અનુપાન વૈદ્યે સ્વબુદ્ધિથી કલ્પવું.

વિલાસિનીવલ્લભરસ.

समानभागे बलिशूलिबीजे तयोः समानं कनकस्य बीजं ।
धत्तूरतैलेन विमर्द्य सम्यक् विलासिनीवल्लभनामधेयः॥१९॥
सूतो भवेद्वल्लयुगप्रमाणः सितायुतो मेहसमूलहारी ।
वीर्यस्य बंधं कुरुते नराणां निहन्ति दर्पं तरुणीजनानाम्॥२०॥

ગંધક અને પારો સમાન ભાગે લેવા અને તે બન્નેની બરોબર ધંતૂરાનાં બીજ લેવાં. એ ત્રણે ધંતૂરાના તેલમાં સારી રીતે ખલ કરવો. અને તેની બે બે વાલ પ્રમાણમાં ગોળીઓ બાંધવી. એ રસને 'વિલાસિનીવલ્લભ' નામે કહે છે. એ રસની માત્રા બે વાલ જેટલી સાકર સાથે ખાવી.

તેથી તે તમામ પ્રકારના પ્રમેહને મટાડેછે. તેમજ પુરૂ-ષોના વીર્યને બંધ કરીને સ્ત્રીઓના ગર્વને હરેછે.

ગંધક, પારો, ધંતૂરાનાં બીજ શોધેલાં લેવાં.

કેટલાક રોગ ઉપર સામાન્યતઃ અનુપાનો.

शूले हिङ्गु घृतान्वितं मधुयुता कृष्णा पुराणज्वरे
वातेसाज्यरसोनकःश्वसनकेक्षौद्रान्वितंत्र्यूषणम् ।
शीतेव्याललतादलंसमरिचंमेहेवरासोपला
दोषाणां त्रितयेऽनुपानमुचितं सक्षौद्रमार्द्रोदकम्॥२१॥

घनपर्प्पटकंज्वरेग्रहिण्यां
मथितंहेमगरेवमीषुलाजा ।
कुटजोऽतिसृतौ वृषोऽस्रपित्ते
गुदकीलेष्वनलःकृमौकृमिघ्नम् ॥२२॥

રસાયનાદિ ઔષધો બહુધા અનુપાન સાથે અપાયછે. તેમાંનાં કેટલાંક રોગ ઉપરનાં અનુપાન આ પ્રમાણેછેઃ— શૂળ રોગમાં ઘી સહિત હિંગ, જૂના તાવમાં મધયુક્ત પીપર, વાતરોગમાં ઘી સાથે લસણ, શ્વાસમાં મધયુક્ત ત્રિકટુ (સુંઠ, પીપર અને મરી), શીતમાં નાગરવેલનાપાન સાથે મરી, પ્રમેહમાં ત્રિફલા સહિત સાકર, અને ત્રણે દોષ કોપ્યા હોય તે વ્યાધિમાં (ત્રિદોષમાં) મધ સહિત આદાનો રસ અનુપાનમાં આપવો ઘટિતછે.

તાવમાં મોથ અને પિત્તપાપડો, ગ્રહણી રોગમાં દહીંનો મઠો, ઝેરમાં સોનું (સોનાના વરક), ઉલટીમાં

ડાંગરની ધાણી, અતિસારમાં કડાછાલ, રકતપિત્તમાં અરડૂસો, સૂકા અર્શમાં ભિલામાં, કૃમિરોગમાં વાવડીંગ એ અનુપાન માટે લેવાં,

સર્વ રોગપર સામાન્ય ચિકિત્સા.

नारायणं भजत रे जठरेण युक्ता
नारायणं भजत रे पवनेन युक्ताः ।
नारायणं भजत रे भवभीतियुक्ता
नारायणात् परतरं किमपीह नास्ति ॥२३॥

હે જઠરના રોગ વડે યુકત રોગીઓ! નારાયણ ચૂર્ણને સેવો, અને હે વાયુના રોગ વડે યુક્ત રોગીઓ! નારાયણ તેલનું સેવન કરો. તેમજ હે જન્મ મરણાદિ સંસારના ભયથી યુકત મનુષ્યો! નારાયણને ભજો. નારાયણથી બીજું શ્રેષ્ઠ આ લોકમાં કાંઈ નથી,

જઠરના રોગ ઉપર નારાયણ ચૂર્ણ ખાવાની આજ્ઞા કરીછે તથા વાયુના રોગ ઉપર નારાયણ તેલ ચોળવાની આજ્ઞા કરીછે, માટે તે બન્ને કેમ તૈયાર કરવાં તે અહીં બતાવીએ છીએ:—

નારાયણ ચૂર્ણ—ચિત્રાનાં મૂળ, હરડે, બેઢાં, આમળાં, શુંઠ, પીપર, મરી, જીરૂં, છીણીનાં મૂળ કે પાંદડાં, વજ, ચવાની અજમો, પીપરી મૂળ, વરિઆળી (કોઈ સવા લે છે), જંગલી તુળસી, અજમોદ, ષડકચુરો, ધાણા, વાવડીંગ, કાળીજીરી, ચોખ (હેમક્ષીરી—પિસોળાના ઝાડનું મૂળ),પુષ્કરમૂળ, સાજીખાર, જવખાર, સિંધવ, સંચળ,

બિડલવણ, વરાગડું મીઠું, બંગડીખાર, ઉપલેટ, એ ઓગણત્રીસ ઔષધ સમાન (એક એક તોલો) લેવાં; ઇંદ્રવારણીનું મૂળ બે ભાગ (બે તોલા) લેવું; નસોત્તર ત્રણ ભાગ (ત્રણ તોલા) લેવું; દંતીમૂળ ત્રણ ભાગ (ત્રણ તોલા) લેવું; સાતલા (સાથેર—ચાર ધારવાળા થોરનું મૂળ) ચાર ભાગ (ચાર તોલા) લેવું. આ બધાં ઔષધોનું બારીક ચૂર્ણ કરવું. પછી, જેને આ ચૂર્ણ આપવું હોય તેને પ્રથમ મળપાચન કરનારો કવાથ આપી તેના મળનું પાચન કરવું તથા સ્નેહપાન કરાવવાના વિધિ પ્રમાણે ઘી પાઈને તેનો કોઠો સ્નિગ્ધ કરવો. એવી રીતે સ્નિગ્ધ થયેલા કોઠાવાળાને યોગ્ય અનુપાન સાથે દેશ, કાળ, વય, શક્તિ વગેરેનો વિચાર કરીને એક તોલા સુધી આ ચૂર્ણ આપવું. એ ચૂર્ણ વિરેચન કરનારૂં છે,તેથી વિરેચન થઇને ઉદરના બધા રોગ મટી જશે. છાતીનો રોગ, પાંડુરોગ, શ્વાસ, ખાંસી, ભગંદર, અગ્નિમાંદ્ય, તાવ, કુષ્ટ (કોઢ), ગ્રહણી, ગલગ્રહ (ગળાનો રોગ), એ રોગો ઉપર યોગ્ય અનુપાન યોજીને એ ચૂર્ણ આપવું પેટ ચઢવાના રોગમાં મદ્ય (મદિરા) વગેરે સાથે આપવું; ગુલ્મરોગમાં બોરડીના કવાથમાં આપવું; મળબદ્ધ થયા હોય તો દહીંની તરવાળા પાણીમાં; અજીર્ણરોગમાં ગરમ પાણી સાથે; ગુદામાં કાતરતું હોય એવી પીડા થાયછે તે રોગમાં આંબલીની છાલના કવાથમાં; ઉદરરોગમાં ઊંટડીના દૂધ સાથે અથવા ગાયની છાશ સાથે; વાતરોગમાં પ્રસન્ના નામે મદ્યમાં(શરકામાં); અર્શરોગવાળાને દાડીમની છા-

લના કવાથમાં; એને સ્થાવર અને જંગમ બન્ને પ્રકારના વિષદોષમાં ઘી સાથે આપવાથી ઝેર મટી જાયછે. એ નારાયણ નામે ચૂર્ણ દુષ્ટ રોગના સમુદાયને દૂર કરવાવાળું છે.

નારયણ તેલ—આસંધ, બલા, બીલીનું મૂળ (કોઈ નાની બીલીઓ લેવાનું કહેછે), પાડળ, રીંગણી, ભોંયરીંગણી, ગોખરૂ, અતિબલા, લીમડાની અંતર્છાલ, અલવો (મોટા અરડૂસો), સાટોડી, ચાંદવેલ, અરણીનું મૂળ, એ તેર ઔષધમાંનું દરેક ચાળીસ ચાળીસ તોલા લેઈને તેને આખાંપાખાં કચરીને તેમાં પાણી ૪૦૯૬ તોલા નાખીને ચતુર્થાંશ પાણી રહે ત્યાં લગી તેનો કવાથ કરવો, પછી તે ગાળી લેવો. પછી એ કવાથમાં તલનું તેલ ૨૫૬ તોલા, શતાવરીનો રસ ૨૫૬ તોલા, અને ગાયનું દૂધ ૧૦૨૪ તોલા નાખવું. પછી ઉપલેટ, ઇલાયચી, સૂખડ, મૂર્વા (મોરવેલ), વજ, જટામાંસી, સિંધવ, આસંધ, બલા, રાસના, વરિયાળી (કોઈ સુવા લેવાનું કહેછે), દેવદાર, શાલિપર્ણી, પૃષ્ટિપર્ણી, મુદ્ગપર્ણી, માષપર્ણી, તગર, આ સત્તર ઔષધોમાંનું પ્રત્યેક આઠ આઠ તોલા લેઈને તેને પાણીમાં વાટી કલ્ક કરીને તે તેલમાં નાખીને હલકા અગ્નિથી તેલ માત્ર શેષ રહે ત્યાં લગી પાક કરવો, અને પછી તેલ ગાળી લેવું. એને નારાયણ તેલ કહે છે. એ તેલ નાકમાં નસ્ય લેવાના, શરીરે ચોળવાના, પીવાના, તથા બસ્તિકર્મ એટલે ગુદામાં પિચકારી મારવાના ઉપયોગમાં લેવું. એ તેલથી પક્ષાઘાતવાયુ (જેમાં અરધું અંગ રહી જાયછે તે), હનુસ્તંભવાયુ (જેમાં હ-

ડપચી રહી જાયછે કે વાંકી થઈ જાયછે તે), મન્યાસ્તંભ-વાયુ (જેમાં ડોકું સજડ રહી જાયછે તે), ગલગ્રહવાયુ (જેમાં ગળું પકડાયછે તે), ખલ્લી નામે વાયુ (જેમાં પગ લુલા થઈ જાયછે તે), જે વાયુથી બેહેરાપણું આવેછે તે વાયુ, જેથી ગતિભંગ થાયછે તે વાયુ, જેથી કટિ રહી જાયછે તે વાયુ, હસ્તપાદાદિ અંગ જેથી સુકાઇ જાયછે તે વાયુ, નેત્ર આદિક ઇંદ્રિયોનો નાશ કરનારો વાયુ, રક્તવિકાર, ધાતુક્ષયરોગ, તાવ, ક્ષયરોગ, અંત્રવૃદ્ધિ કુરંડ એટલે જેનાથી વૃષણ મોટા થાયછે તે વાયુ, દાંતના રોગ, માથાનો વાયુ, પાસાનું શૂળ, જેથી પાંગળાપણું આવેછે તે વાયુ. બુદ્ધિભ્રંશ, કટિથી પગ લગી ગૃધ્રસી નામનો વાયુ થાયછે તે, એ શિવાય નાના મોટા તમામ સર્વાંગ કે અર્ધાંગ ગમે તેવો વાયુ હોય તે મટેછે. આ તેલથી છોકરાં વિનાની સ્ત્રીઓને છોકરાં થાયછે. માણસ કે હાથી ઘોડાને એ તેલ ચોળવાથી તેને સુખ થાયછે, જેમ નારાયણ દેવ દુષ્ટ દૈત્યોનો નાશ કરનારોછે, તેવુંજ આ ઉત્તમ તેલ પણ વાયુના રોગોને નાશ કરનારૂંછે–સા૰ સહિંતા.

કાવ્યકર્ત્તાનું નામ.

आयुर्वेदवचोविचारसमये धन्वन्तरिः केवलं
सीमा गानविदां दिवाकरसुधाम्भोधिश्रियामापतिः ।
उत्तंसः कविताकृतां मतिमतां भूभृत्सभाभूषणं
कान्तोक्त्याऽकृत वैद्यजीवनमिदं लोलिम्बराजः कविः ॥२४॥

આયુર્વેદ (વૈદ્ય વિદ્યા)નાં વચનોનો વિચાર ચલાવવા

સમયે જે કેવળ ધન્વંતરીરૂપછે, ગાનશાસ્ત્ર જાણનારાઓમાં જે સીમા રૂપછે (અર્થાત્ તેથી વધારે કોઇ ગાન વિદ્યા જાણી શકયોજ નથી), દિવાકર ભટ્ટરૂપી અમૃતના સમુદ્રમાંથી ઉત્પન્ન જે ચંદ્રછે (અર્થાત્ દિવાકર ભટ્ટના ઉત્તમ વંશને દીપાવનાર, શાંતિ પમાડનાર તેમજ આલ્હાદ આપનાર તેમનો પુત્રછે), બુદ્ધિમાન્ કવિઓનો જે શિરોમણિછે, રાજાની સભાનો જે અલંકારછે, તે લોલિંબરાજ કવિએ સ્ત્રીપ્રતિ કહેલાં વચનોરૂપે આ વૈદ્યજીવન કાવ્ય કર્યુંછે.

इतिकविश्रीलोलिंबराजविरचितेवैद्यजीवनकाव्ये
वाजीकरणादिप्रतीकारेपञ्चमोल्लासः ॥५॥

સમાપ્ત.

§ ઔષધ પ્રતિનિધી.

કાઢા અને ચુરણાદિકને વિશે જે ઓસડો લેવાનાંછે તેમાંથી એકાદું મળી શકે તેવું ન હોય તો તેને બદલે તેના જેવાજ ગુણ-વાળુ બીજુ ઓસડ નાંખવું તે નીચે પ્રમાણે છે.

ઔષધ.	પ્રતિનિધી.	ઔષધ.	પ્રતિનિધી.
અતિવિખ	નાગરમોથ	ભારંગમુળ	રિંગણી મુળ
અમ્લવેદ	ચુંકો, ચણાની ખાટી	પાતાળકોંળુ	આસન
કસ્તૂરી	જાવંત્રી	મોતી	મોતીની છીપ
કપુર	સુખડ, રતાંજળી	મોરવેલ	તજ
કંકોળ	એલચી જાવંત્રી	રતાંજળી	વાળો.
ખેરની છાલ	બકામલિતડાની છાલ	રસાંજન	દારૂહળદ
ગજપિંપર	પિંપળીમુળ	રિંગણી	બકામલિમડો
ચવક	ગજપિંપર	લોહકાંત.	પોલાદ, ગજવેલ
ચિત્રક	જમાલગોટા	વાળો	નાગરમોથ
ચંદન	વાળો, કપુર	વજ	મોરવેલ, પાનનીજડ
જાયના ફુલ	લવંગ	શિલાજીત	સુરોખાર
જાવંત્રી	લવંગ	બકરીનું દુધ	ઘેટી કે ગાયનું દુધ
તગર	ઉપલોટ	સાકર	ખડીસાકર,જુનુંમધ
કેશર	કસુંબી	સોનામુખી	સોનાગેરૂ [સ્મ
દારૂહળદ	હળદર	સોનું	સોનામુખી,લોહભ-
ધાવડીનાં ફુલ	મહુડાનાં ફુલ	હરેડ	આંમળાં
કાળીપહાડ	ધોળીમુસળી	હીરો	વૈક્રાંતમણી
પિંપર	મરી	નખલો	લવંગ
પુષ્કર મુળ	ઉપલોટ	ભીલામો	ચિત્રક
બાવચી	પુંવાડીઆનું મુળ		

§ કાઢા કે ચૂર્ણનાં ઓષધોના નામમાં જે ઔષધ સર્વથી પહેલું લ-ખેલું હશે અથવા તો જેના નામથી તે કાઢા કે ચૂર્ણને નામ આપવામાં આવેલું હશે, જેવું કે રાસ્નાદિ, મંજીષ્ટાદિ, એવા ઔષધને બદલે પ્રતિનિધી નહિ લેતાં તેનેજ લેવું. બીજાને બદલે પ્રતિનિધીથી નભશે.

ધાતુ, ઉપધાતુઓનું શોધ મારણ.

પસની શુદ્ધિ—ગાંગડાનો હીંગલોક લઇ તેમાંથી ડમરૂ યંત્રથી પારો કાઢવો, અથવા હળદર, ઘરનો ધુમાસ, એકઠાં કરી તેમાં ત્રણ ઘડી સુધી પારો ખલવો અને વસ્ત્ર વડે ગાળી લેવો. અથવા પારામાં ઝીકાળો નાંખી ખલવાથી તે શુદ્ધ થાયછે. એ પારાને નાગરવેલના પાનના રસમાં ખલ કરી કંકોડીના કાંદાની બે ફાડચો કરી મોટી ફાડ કોરી તેમાં પારો ભરી તે ઉપર કોરી કાઢેલો ચુરો ડાબી તે ઉપર બીજી ફાડ મુકી સાંધો મેળવી તે ઉપર કપડમટી કરીને સંપુટમાં મેલી તેને કપડમટી કરી અડઇયાંનો હલકો તાપ આપવાથી ભસ્મ થાયછે. પારાને લસણના રસમાં સાત દિવસ ખલવાથી પણ તે શુદ્ધ થાયછે.

ગંધક—ગંધક બારીક વાટી તેને સરખે વજને ઘી મેળવી કઢાઈમાં ગરમ કરવો. પાતળું થાય એટલે ગાયના દુધમાં થંડો કરવો એટલે શુદ્ધ થશે

હિંગલોક—ઘેટીના દુધમાં અને લિંબુના રસમાં ખલીને તેના સાત સાત પુટ દિધાથી શુદ્ધ થાયછે.

હરતાળનું શોધન—બારીક ટુકડા કરી બેવડા કપડાની પોટલી બાંધી દોલાયંત્રમાં કાંજીમાં, કહોળાના રસમાં, તલના તેલમાં, ત્રિફળાના કાઢામાં, એમ ચાર પ્રહર પકવવી; અથવા ચુનાના પાણીમાં એક પ્રહર પકવવી એટલે શુદ્ધ થશે. એ હરતાળને ૨૧ દિવસ પિંપળાનાં પાંદડાંના રસમાં ખલી ગોળો કરી તેનાજ છોડિયાંની રાખથી અડધા ભરેલા હાંલ્લામાં તે મુકી મુખ સુધી તેજ રાખ ભરી કપડમટી કરી ગજપુટ દેવો.

મનશીળનું શોધન—ઝીણા ટુકડા કરી બેવડા લુગડામાં પોટલી બાંધી બકરીના મુત્રમાં ૩ દિવસ પકવવાથી શુદ્ધ થાયછે.

ખાપરિયાનું શોધન—નાના ટુકડા કરી પોટલી બાંધી ઘોડા કે ગાયના મુત્રમાં બે પ્રહર પકવવા; અથવા ૭ દિવસ પલાળી મુકાવાથી શુદ્ધ થશે.

સોમલ શુદ્ધી—નાના ટુકડા કરી પોટલી બાંધી દોલાયંત્રમાં તાંદળજાના રસમાં બે ઘડી પકવવાથી શુદ્ધ થશે.

વછનાગની શુદ્ધી—ઝીણા ટુકડા કરી પોટલી બાંધી ગોમુત્રમાં ૭ દિવસ પલાળવા; અથવા ગાયના દુધમાં દોલાયંત્રથી ૧ પ્રહર શિજાવવા.

નેપાળાની શુદ્ધી—બિયાં કાઢી પોટલી બાંધી ભેંશના છાંણમાં પકવવાં: પછી પાણીથી ધોઇ માંહિની જીભો કાઢી કામમાં લેવાં.

ઝેરકચોળાનું શોધન—બીને જરા ઘી લગાડી અંગારા ઉપર ભુંજવાં; અથવા તેલમાં તળવાં એટલે શુદ્ધ થાયછે, પરંતુ બળી જવાં દેવાં નહિ.

ધંતુરાનાં બીયાંની શુદ્ધી—એ બીને ચાર પહોર ગોમુત્રમાં પલાળી રાખી તેમાંજ થોડો વખત શીજાવી છોડાં કાઢી નાખવાં.

અફીણની શુદ્ધી—આદાના રસના ૨૧ પુટ દેવા એટલે શુદ્ધથશે.

ભાંગની શુદ્ધી—કઢાઇમાં શેકી પોટલી બાંધી પાણીથી સારીપેઠે ધોવી.

મોરથુથાની શુદ્ધી—એનાથી ચોથો હિસ્સે ખપુંતરની હગાર અને દશમો ભાગ ટંકણખાર લેઇ ત્રણે એકઠાં કરી ખલી સંપુટમાં મુકી કપડ મટી કરી અડાયાંની ધીમી આંચ દેવી. પછી દહિંમાં ખલી તેજ પ્રમાણે આંચ દેવી તથા મધમાં ખલી તેજ પ્રમાણે કરવું એટલે શુદ્ધ થશે.

ટંકણખાર—કાગદી લિંબુના રસમાં ખલી એક દિવસ તડકે મેલવો.

લોહશુદ્ધી અને ભસ્મ—ગજવેલને તપાવી તેલ, છાશ, કાંજી, ગોમુત્ર, ને કળથીના કાઢામાં અનુક્રમે ત્રણ ત્રણ વખત થંડી કરવાથી શુદ્ધ થશે. એ શોધેલી ગજવેલનું ચુરણ કરી ખડતુળશીનો રસ, સ્ત્રીનું દુધ, અને આકડાનું દુધ એ જણસોમાંથી જે મળે તેમાં તે (ચુરણ) ને ખલી સંપુટમાં ઘાલી સાત ગજપુટ દેવા એટલે ઉતમ ભસ્મ થશે.

ત્રાંબાની શુદ્ધી અને ભસ્મ—ત્રાંબાનાં ઝીણા પત્રાં કરી ગજવેલની પેઠે સોધી તેને સરખેવજને રૂપામુખી વાટી તે પત્રાંની તળે ઉપર મુકી સરવા સંપુટમાં ભરી ગજપુટ દે તો ચોખી ભસ્મ થાય.

અભ્રક શોધન મારણ—કાળા અભ્રકને અંગારામાં લાલ કરી દુધમાં થાંડો કરી તેના પત્રાં છુટાં કરવાં. તેને તાંદળજાના અને લિંબુના રસમાં આઠ પહોર સુધી પલાળી મુકવાથી શુદ્ધ થાયછે. પછી તેને સરખે વજને સુરોખાર લઇ ગોમુત્રમાં વાટી પત્રાંને લેપ કરી સુકવી સર્વે પત્રાં, સંપુટમાં ઘાલી ગજપુટ દેવાથી સ્વેત ભસ્મ થાયછે. શતપુટી કે હજારપુટી અભ્રકભસ્મ કરવી હોય તો કુંવારના રસમાં ખલી, સંપુટમાં ઘાલી કપડમટી કરી ગજપુટ આપવાથી ભસ્મ થશે.

વેચાતાં પુસ્તકો.